Monday 02, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૯૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### વલસાડ જિલ્લાના દરિયા કાંઠે ચરસના પેકેટ મળવાનો સીલસીલો અટકતો નથી

## તિથલમાં રૂા.૫૮.૬૦ લાખનું બિનવારસી ચરસ મળ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૧:** વલસાડ નજીકના તિથલ ચોપાટી બીચ પરથી ગઈકાલે રાત્રે અફઘાન લખેલ એક પેકેટ મળી આવતા પોલીસ દોડી જઈ પેકેટમાં તપાસ કરતા એક કિલો ચરસની કિંમત ૫૮.૬૦ લાખનું ઝડપી પાડ્યું હતું. જોકે આ અગાઉ પારડીના ઉદવાડા દરિયા કિનારેથી ૧૧.૮૦૦ કિલો ગ્રામ કિંમત રૂપિયા ૫.૮૭ કરોડ પેકેટ જે બાદ વલસાડના ભાગલ ૧૨.૪૦ કરોડ રૂપિયાના ૨૧ પેકેટ ૨૪.૮૯ કિલો મળી કુલ અત્યારે સુધી વલસાડ પોલીસને ૨૦ કરોડનો બિનવારસી હાલતમાં દરિયા કિનારેથી ચરસ મળી આવ્યો હતો.

વલસાડના દરિયા કિનારેથી બિન વારસી હાલતમાં ચરસના પેકેટ મળવાનો સિલસિલો ચાલી રહ્યો છે. ૧૨ ઓગસ્ટના રોજ પારડીના ઉદવાડા દરિયા કિનારે બિન વારસી હાલતમાં ૧૧.૮૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૫.૮૭ કરોડનું ચરસ પોલીસે ઝડપી પાડ્યો હતો તો બીજા દિવસે ૧૩ ઓગસ્ટના રોજ વલસાડના ભાગલ ગામના દરિયા કિનારેથી ૨૧ પેકેટ મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. પોલીસે ૨૪.૮૯ કિલો ગ્રામ ચરસની કિંમત ૧૨.૪૦ કરોડનું બિન વારસી હાલતમાં ચરસનો જથ્થો દરિયાકિનારેથી મળી આવ્યો હતો. જોકે ગઈકાલે રાત્રે વલસાડ નજીકના તિથલ ચોપાટી પ્રોટેક્શન વોલના પથ્થરોમાંથી બિન વારસી એક પેકેટ કબજામાં લઈ જોયું તો પેકેટ પર અફઘાન લખેલ હતું. પોલીસે એક કિલો ચરસની કિંમત ૫૮.૬૦ લાખનો ચરસનો જથ્થો મળી આવ્યો હતો. વલસાડ જિલ્લાના દરિયા કિનારેથી ત્રણ અઠવાડિયામાં વલસાડ દરિયા કિનારેથી ચરસના ૩૨ પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યા છે. ગુજરાત એટીએસના માર્ગદર્શન હેઠળ વલસાડ એસ.ઓ.જીની ટીમ પારડી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ચીખલી-વાંસદા પંથકમાં

## હેલિકોપ્ટરના રાઉન્ડથી ચકચાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા,૦૧:** ચીખલી અને વાંસદા તાલુકામાં કેટલાક ગામોમાં આજે રવિવારે હેલીકોપટરના સતત આકાશી રાઉન્ડને પગલે આ વિસ્તારની પ્રજામાં ભારે કુતુહલ સર્જાવા પામ્યું છે.

ચીખલી અને વાંસદા તાલુકાના કેટલાક ગામોમાં રવિવારે બપોરના સમયથી હેલીકોપટરના સતત ઉડાને આ વિસ્તારની પ્રજામાં ભારે કુતુહલ સર્જવા પામ્યું છે. ભર ચોમાસે આ હેલિકોપટરના ઉડાનનું રહસ્ય શું? એવા સવાલો આમ પ્રજામાં ઉઠી રહ્યા છે લગભગ બે કલાક સુધી હેલીકોપટરના આ આંટાફેરા દ્વારા સેટેલાઈટ માપણી તો નથી થઇ રહીને જે વિસ્તારમાં હેલીકોપટર ચકરાવો મારી રહ્યું હતું એ વિસ્તારો ભારતમાલા પ્રોજેક્ટમાં જઈ રહ્યા હોય ત્યારે તંત્ર દ્વારા ચીખલી અને વાંસદા તાલુકાના જે ગામોની કેટલીક જમીન ભારતમાલા પ્રોજેક્ટમાં જઈ રહી હોય એ જમીનોની સેટેલાઈટ દ્વારા માપણી તો નથી થઈ રહી ને? એવા સવાલો પણ ઉઠી રહ્યા છે જોકે ભારતમાલા પ્રોજેક્ટનો ચીખલી અને વાંસદા તાલુકાના જે ગામોની જમીન જઈ રહી છે તેવા અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા વ્યાપક પ્રમાણ ભારતમાલા પ્રજેક્ટનો વિરોધ કરાઈ રહ્યો છે ત્યારે ચીખલી અને વાંસદા તાલુકાના ગામોમાં હેલીકોપટરનું ઉડાન અનેક રહસ્ય સર્જી રહ્યું છે.

## કેન્દ્રીય ગૃહ સચિવે દમણમાં વિવિધ પ્રોજેક્ટોની સમીક્ષા કરી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૧:** ભારત સરકારના ગૃહ સચિવ ગોવિંદ મોહન દમણની એક દિવસીય મુલાકાતે આવ્યા હતા. પ્રશાસક પ્રફુલ પટેલને તેમના નિવાસસ્થાને મળ્યા હતા.

તેમની મુલાકાત દરમિયાન ગૃહ સચિવે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં અમલમાં આવી રહેલી મુખ્ય યોજનાઓ અને વિકાસ કાર્યોની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. ગૃહ સચિવે કેન્દ્ર સરકારની યોજનાઓના સંપૂર્ણ અમલીકરણની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ, ગૃહ સચિવે દમણમાં લાઈટહાઉસ નજીક સૂચિત સી-લિંક બ્રિજ, જમ્પોર ખાતે આરોગ્ય કેન્દ્ર અને રામસેતુ સી ફ્રન્ટ, નમોપથ સીફ્રન્ટ ખાતે સૂચિત સંમેલન સહિત દમણમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું સ્થળ નિરીક્ષણ પણ કર્યું હતું.

ગૃહ સચિવ ગોવિંદ મોહને આ વિકાસ કાર્યોની પ્રશંસા કરી હતી. આ યોજનાઓને લોકો માટે લાભદાયી ગણાવીને તેમણે તેની ગુણવત્તા અને સમય મર્યાદા પર વિશેષ ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ મુલાકાત કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસ અને તેના નાગરિકોના કલ્યાણ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

## વાપી પંથકમાં ડેન્ગ્યુ - મેલેરિયાનો વાવર : દવા-ડીડીટીના છંટકાવની જરૂર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** વાપી નગરપાલિકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ડેન્ગ્યુ, મલેરિયાના રોગથી અનેક દર્દીઓ પીડાઈ રહ્યા છે તો વાપીની મોટાભાગની હોસ્પિટલો દર્દીઓથી ઉભરાતી જોવા મળી રહી છે. ખાસ કરીને દર્દીઓને ખાંસી, શરદી અને તાવના લક્ષણો વધુ પડતાં જોવા મળી રહ્યા છે, હવે વાપી નગરપાલિકા દ્વારા નગરમાં મશીનથી દવા છંટકાવ તેમજ ડીટીટી પાવડરનો છંટકાવ કરવાની જરૂર છે.

છેલ્લા કેટલાક દિવસોથી વાપી પંથકમાં વરસાદે ઉઘાડો લેતા જ અનેક વિસ્તારોમાં પાણીનો ભરાવો થવા પામ્યો છે. જેમાં મચ્છર જન્યો રોગો ઉત્પન્ન થઈ રહ્યા છે. જેને નિયત્રણમાં લેવા માટે પાલિકા દ્વારા વાપીના દરેક વોર્ડમાં દવાઓનો છંટકાવ કરવું



જોઈએ. જો કે છેલ્લા ઘણા સમયથી વાપી પંથકમાં દવાનો છટકાવ નહીં કરાતો હોવાની વાપીના મુખ્ય બજાર તેમજ શાકભાજી માર્કેટ અને ચલા ડુંગરા વિસ્તારમાં બુમરાળ ઉઠી રહી છે. જોકે હાલમાં વાપીની મોટાભાગની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં ડેન્ગ્યુ, મેલેરીયા, સીઝનલ બીમારી સાથે ખાસી, શરદી અને તાવના દર્દીઓથી ખૂબ જ મોટા પ્રમાણમાં બહાર આવી રહ્યા છે. તો આ પાણી જન્યો રોગો તેમજ આરોગ્યને થતા નુકસાનને રોકવા માટે વાપી નગરપાલિકાનું આરોગ્ય વિભાગ તેમજ વાપી તાલુકા પંચાયતનું આરોગ્ય વિભાગ તાત્કાલિક વાપી પંથકમાં આવેલા દરેક સ્થળે સર્વે કરી દવાનો છંટકાવ કરવામાં આવે તેવી સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે.

**જોઈએ છે**

**Vacancy for receptionist (Female) at infinity imaging center, vapi intrested candidate can call at 6354811357 or 9727724257**

જી-૧, ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી

### વલસાડ જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

## જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવા કલેકટરની તાકીદ



**વલસાડ, તા. ૦૧:** વલસાડ જિલ્લા કલેક્ટર નૈમેષ દવેની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતીની કમિટીની બેઠક મળી હતી. બેઠકની શરૂઆતમાં માર્ગ સલામતીની અગાઉની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દા અંગે થયેલી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર દવેએ બેઠકમાં રજૂ કરવામાં આવેલા માર્ગ સલામતીના વિવિધ મુદ્દાઓ અંગે અને ચોમાસાની ઋતુને અનુલક્ષીને જિલ્લાના નાગરિકોની સલામતીને ધ્યાને લઈ માર્ગ સલામતી બાબતે અને અગાઉની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ ઉપર સંબંધિત વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી બાકી રહેલી કામગીરીને સત્વરે પૂરી કરવા જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપી જાહેર રસ્તા પર ટ્રાફિકનું નિયમોનો સુચારૂ પાલન કરવામાં આવે એવુ જણાવ્યું હતું.

આ બેઠકમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા એન એચ ૪૮ ઉપર વિવિધ જગ્યાઓ પડેલા ખાડાઓને સત્વરે રીપેર કરવા બાબતે, રેમન્ડ ખડકી ઓવરબ્રિજ ઉપર પડેલા ખાડાઓના કાયમી ઉકેલ બાબતે, હાઈવેના તમામ ઓવરબ્રિજ ઉપર બંધ સ્ટ્રીટ લાઈટ બાબતે, એન એચ સ્ટેટ કપરાડા હાઈવેનું લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ સોલ્યુશન બાબતે, વાપી રેલવે સ્ટેશન પાસે થતી ટ્રાફિક સમસ્યાના ઉકેલ બાબતે, હાઈવે ડ્રેનેજ લાઈન ઉપરના કવર સહિતના વિવિધ મુદ્દા જિલ્લા કલેકટર સમક્ષ રજૂ કરાયા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચેપલોત, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક એ.કે.વર્મા, પારડી પ્રાંત અધિકારી અંકિત ગોહિલ, વલસાડ પ્રાંત અધિકારી આસ્થા સોલંકી, ધરમપુર પ્રાંત અધિકારી અમિત ચૌધરી, ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી એન.એચ. ગજેરા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે શ્રાવણનો છેલ્લો સોમવાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** આજે શ્રાવણ મહિનાના છેલ્લો દિવસ અને સોમવતી અમાસ તેમજ સોમવાર હોવાને લઈ વાપી પંથકમાં આવેલા સિધ્ધનાથ મહાદેવ મંદિર. નામધાના ગુપ્તેશ્વર મહાદેવ મંદિર, કુંતાના કુંતેશ્વર મહાદેવ મંદિર રાતા અને લવાજાના રામેશ્વર મહાદેવ મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ માસના છેલ્લા દિવસે ભક્તોની ભારે ભીડ જોવા મળતી હોય છે. પરંતુ આ વર્ષે જોગાનું જોગ શ્રાવણનો છેલ્લો દિવસ અને સોમવાર સાથે સોમવતી અમાસ હોવાથી શિવભક્તો આ દિવસનું અનેરૂ મહત્વ જોતા હોય તેવો શિવ મંદિરમાં મોટી સંખ્યામાં પહોંચી ભોલેનાથના દર્શન કરશે જેને લઈ આ મંદિરોમાં ટ્રસ્ટીઓ દ્વારા દર્શનની તૈયારીઓ ભક્તો માટે કરાય છે તેમ જ વહેલી સવારથી મોડી રાત્રી સુધી શિવાલયો પંથકમાં હર હર મહાદેવ ભમ ભમ ભોલે નાદથી સમગ્ર વિસ્તાર ધાર્મિકમય થયેલ જોવા મળશે









Monday 02, September 2024

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## વાપીની એલ.જી. હરિઆ સ્કુલમાં ૭મો આંતર સ્કુલ પોસ્ટર અને પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૧ :** બાળકો શિક્ષણ સાથે- સાથે ઈતર પ્રવૃત્તિઓ માં પણ રસ -રુચિ કેળવે તેમજ તેમના માં રહેલી સુષુપ્ત શક્તિ જાગૃત થાય એ હેતુથી વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ સ્કુલમાં પોસ્ટર અને પેઈન્ટિંગ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લાની ૧૮(અઢાર) જેટલી શાળાઓના ૧૦૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રતિયોગિતાનો શુભારંભ શાળાના આચાર્યા બીની પૌલ અને એચ આર અને એડમિન હેડ વિજય રાઉન્ડલ દ્વારા દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો. બાળકો ને પોસ્ટર અને પેઈન્ટિંગ માટે અલગ અલગ વિષય આપવામાં આવ્યા હતા. જેમાં ધોરણ સાત અને ધોરણ આઠ માટે ગૃપ -૧માં આકાશ ની શાશ્વત સુંદરતા, ધોરણ નવ અને દસ માટે ગૃપ -૨માં સ્પેસ સ્ટેશનમાં જીવન અને ધોરણ અગિયાર અને બાર માટે ગૃપ -૩માં ભૂસ્ખલન -માતા પૃથ્વી રડી રહી છે વિષય ઉપર પોસ્ટર બનાવવાનુ હતું. જેમાં ગૃપ -૧માં સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કુલ વલસાડની વિદ્યાર્થીની રાશી મનોજભાઈ પટેલ પ્રથમ, સેન્ટ થોમસ ઈંગ્લિશ મીડિયમ સ્કુલની વિદ્યાર્થીની પ્રિશા શેટ્ટી દ્વિતીય અને શ્રી વલ્લભ સંસ્કારધામ શોભાબેન પ્રતાપભાઈ પટેલ ડે બૉર્ડિંગ સ્કુલની વિદ્યાર્થીની આશી આનંદ તૃતિય સ્થાને રહી હતી.

ગૃપ -૨માં શ્રી વલ્લભ આશ્રમ એમ સી એમ કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસિડેન્સિયલ સ્કુલની વિદ્યાર્થીની વંશીકા એસ રંજવી પ્રથમ સ્થાન, પોદાર ઈન્ટરનેશનલ સ્કુલની વિદ્યાર્થીની ઈશી રાજીવ ગુપ્તા દ્વિતીય સ્થાન તેમજ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કુલની વિદ્યાર્થીની દેવાંશી કમલેશકુમાર પટેલ તૃતિય સ્થાને રહી હતી. જ્યારે ગૃપ -૩માં સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કુલની વિદ્યાર્થીની સિદ્ધિ સંજયકુમાર યાદવ પ્રથમ સ્થાન અને આ જ સ્કુલની વિદ્યાર્થીની જિયા સંકેત પટેલ દ્વિતીય સ્થાન તેમજ જ્ઞાનગંગા ઈંગ્લિશ મીડિયમ સ્કુલ નો વિદ્યાર્થી પ્રિન્સ પાન્ડે તૃતિય સ્થાને રહ્યો હતો. શાળા દ્વારા વિજેતા બાળકો મા પ્રથમ આવનાર બાળકને અંકે ૧૫૦૦ ,દ્વિતીય આવનાર બાળકને ૧૦૦૦ તેમજ તૃતિય સ્થાને રહેનાર બાળકને ૫૦૦ રોકડ રકમ તેમજ પારિતોષિક અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

આ પ્રતિયોગિતાના ઈનામ વિતરણ સમયે એકટિંગ ચેરમેન ઓફ સ્કુલ કમિટી મેમ્બર ઉજ્જવલ શુકલા પોતાનો અમૂલ્ય સમય ફાળવી ઉપસ્થિત રહયા હતા. જેમના હસ્તે વિજેતા બાળકો ને પારિતોષિક તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. અંતે શાળાના આચાર્યા બીની પૌલે શાળાના મેનેજમેન્ટ અને શાળા પરિવાર વતી સૌને કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા તેમજ શાળાના આર્ટ શિક્ષકોની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો.

## દમણની શ્રીનાથજી કોલેજનું ગૌરવ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૦૧ :** દમણ દિવ સ્પોર્ટ્સ વિભાગ દ્વારા ૨૯મી ઓગસ્ટના દિવસે, નેશનલ સ્પોર્ટસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિવિધ રમતની સ્પર્ધાનું આયોજન કરાયુ હતું, જેમાં ટગ ઓફ વોર ની સીનિયર મહિલા કેટેગરીમાં શ્રીનાથજી કોલેજની બે ટીમ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો, જેમાંથી એક ટીમ બીજુ સ્થાન મેળવવામાં સફળ રહી હતી અને બીજી ટીમ ત્રીજુ સ્થાન મેળવવામાં સફળ રહી હતી.

## સરીગામની લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળા દ્વારા સીબીએસઈ ટ્રેનિંગ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૦૧ :** સરીગામ ખાતે આવેલ શ્રીમતી.શાંતાબેન હરિભાઈ ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળામાં SANSKRITI SAHODAYA સંસ્થા દ્વારા તારીખ ૨૯ મી,ઓગસ્ટ-૨૦૨૪ ના રોજ PATHWAYS TO PROFICIENCY - Redefine Primary English Teaching વિષયના અનુસંધાનમાં શાળાના અનુભવી શિક્ષણગણ શુભાંગીની શેટ્ટીગર, સ્નેહા દાદુ અને શ્રીમતી.અર્ચના દેસાઈ દ્વારા 'CBSE Training' આપવામાં આવી હતી. આ ટ્રેનિંગમા વલસાડ જિલ્લાની વિવિધ CBSE શાળાના ધોરણ ૧ થી ૮ ના અંગ્રેજી શિક્ષકોએ ભાગ લીધો હતો. આ ટ્રેનિંગમાં સરકારશ્રીની નવી શિક્ષણનીતિ NEP, NCF અને NCRF ના આધારે બાળકોને કૌશલ્ય આધારિત કેવી રીતે શિક્ષણ આપવું તેની ઊંડી સમજ આપી હતી. ટ્રેનિંગમાં હાજર શિક્ષકોને જેમાં ખૂબ રસ પડયો હતો અને તેમને મુંઝવતા પ્રશ્નો પર ચર્ચા કરી હતી. લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળા તરફથી શિક્ષકોના જ્ઞાનના સમૃદ્ધિ માટે લેવામાં આવેલી પહેલ પ્રશંસનીય હતી. આ ટ્રેનિંગ માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા બદલ શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા અને કિંજલબેન ગજેરા તથા શાળાનાં આચાર્ય પ્રવીણભાઈ પવારનો આભાર માન્યો હતો.

## વઘઈનાં ચિચોંડ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં બીએસએલએલ નેટવર્કની સમસ્યાથી લોકો હેરાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૦૧ :** ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં ચિચોંડ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારમાં મોબાઈલમાં સરખું નેટવર્ક ન આવતુ હોવાથી લોકો હેરાન પરેશાન થઈ ગયા છે.તેમજ સરખી રીતે BSNL ટાવર પરથી નેટવર્ક ન મળતુ હોવાથી લોકોને ઈમરજન્સી સેવા મેળવવા પણ તકલીફ પડતી હોય છે.ત્યારે અધિકારીઓ દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.વઘઈ તાલુકાનાં ચિચોંડ ગ્રુપ ગ્રામ પંચાયતનાં સિલોટમાલ ગામ સહીતનાં વિસ્તારમાં BSNL મોબાઈલ નેટવર્કની કનેક્ટિવિટી યોગ્ય રીતે થતી ન હોવાથી સ્થાનિક લોકોએ હેરાન પરેશાન થવુ પડી રહ્યું હોય તેવું જાણવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વઘઈ તાલુકામાં આવેલ ચિચોંડ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તાર અને આસપાસના ગામડાઓમાં નેટવર્કની સમસ્યા સર્જાતી હોવાથી BSNL નો ટાવર ઉભો કરવામાં આવ્યો છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી BSNLનાં નેટવર્કની કનેક્ટિવિટી મોબાઈલમાં સરખી રીતે જોવા મળતી નથી. તેમજ મોબાઈલ પર કોલ આવતા અવાજ કટ થઈને આવતો હોય છે અને મોટાભાગના સમયે નેટવર્ક બંધ હોવાથી લોકોને મોબાઈલ નેટવર્ક અંગે હાલાકી નો સામનો કરવો પડતો હોય છે. જેમાં વાઈફાઈની લાઈન પરથી BSNL ટાવરની લાઈન કરવામાં આવેલ નથી જેના કારણે ટાવર નેટવર્કની સમસ્યા સર્જાતી હોય છે. ત્યારે BSNL ટાવર અને સમસ્યાની તાત્કાલિક ધોરણે કામગીરી કરવામાં આવે તેવી લોકમાંગ પણ ઉઠવા પામી છે.



### વાપી ટાઉન અને ગ્રામ્ય વિસ્તારમાં અવારનવાર વીજ કાપને લઈ

## વાપીના કોંગ્રેસ કાર્યકર્તાઓએ ચલા વિજ કંપનીની કચેરીએ પહોંચી આવેદનપત્ર આપ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૧ :** વાપી ટાઉન અને ગ્રામ્ય વિસ્તારમાં અવારનવાર વીજ કાપને લઈ કોંગ્રેસના કાર્યકર્તાઓએ ચલા વિજ કંપનીની કચેરીએ પહોંચી આવેદનપત્ર આપી વીજળી ડૂલ થવાની સમસ્યા દૂર ન થશે તો અગામી દિવસોમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ રસ્તા પણ ઉતરી જન આંદોલન કરવાની ચિંમકી આપી છે.

પ્રાપ્ત વિગત મુજબ વલસાડ જિલ્લા કોંગ્રેસના જનરલ સેક્રેટરી ફરહાન બોઘાની આગેવાનીમાં ગત શનિવારના રોજ કોંગ્રેસી કાર્યકર્તા દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપની ચલા ખાતે આવેલ કચેરીમાં પહોંચી એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને જેમાં જણાવ્યું છે કે, વાપી તેમજ જલા અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી વારંવાર વીજળી ડૂલ થતી રહે છે.

જેને કારણે અનેક ઘેરોમાં આવેલા વીજ ઉપકરણો ફુકાઈ જવાના તેમજ આ સમસ્યાને વીજ કંપની ગંભીરતાથી નહીં લેતા તેમજ જો આગામી દિવસોમાં ઉપરોક્ત સમસ્યાનો હલ નહીં કરવામાં આવશે તો વાપી પથકમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ જન આંદોલન કરશે. વીજ કંપની ખાતે પહોંચી આવેદનપત્ર આપવા વલસાડ જિલ્લા કોંગ્રેસના જનરલ સેક્રેટરી ફરહાન બોઘા, અમીટ કામલે, સાદ બોઘા, જગજીવન રાઠોડ, અજય પટેલ તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન

## શિવમહિમ્ન સ્રોતનો ટૂંકસાર



### દીક્ષા દાન તપ તીર્થ જ્ઞાન અને યજ્ઞાદિ ક્રિયાઓ જે લોકો સકામપણે કરે તેના કરતાં આ સ્તોત્રથી ભક્તિ કરવી એ જ ઉત્તમ છે

પુષ્પદંત દ્વારા શિવનિર્માલ્ય ઓળંગવાના કારણે તેની અદ્રશ્ય થવાની તથા ઉડવાની શક્તિ ગુમાવી હતી. પોતાની શક્તિઓ પાછી મેળવવા માટે પુષ્પદંતે ભગવાન શિવની પ્રશંસા કરવા એક સ્રોત લખ્યું જે ઘણું જ સુંદર છે.જેને શિવમહિમ્ન સ્રોત કહે છે. પુષ્પદંતે જ્યારે આ સ્રોતનું ગાયન કર્યું તો ભગવાન શિવે પ્રસન્ન થઈને તેની અદ્રશ્ય થવાની શક્તિ તથા ઉડવાની શક્તિ પુનઃ પ્રદાન કરી.

શિવમહિમ્ન સ્રોતમાં ૪૩ શ્ર્લોક છે. તેમાં સ્તુતિ કરતાં લખ્યું છે કે હે ભગવાન ! આપના નિર્ગુણ સ્વરૂપના મહિમાનો પાર પુરૂષો જાણતા નથી કારણકે આપનું નિર્ગુણ સ્વરૂપ મન-વાણીથી પર છે તેમજ આપને પુરૂષોએ કરેલી સ્તુતિ પણ વર્ણવી શકતી નથી.બ્રહ્માદિનો સંસ્કૃત ભાષાનો શબ્દભંડાર પણ આપનું નિર્ગુણ સ્વરૂપ વર્ણવી શકતો નથી. બ્રહ્માદિકની વાણી પણ તમને વર્ણવવા માટે સમર્થ નથી. પક્ષી જેમ પોતપોતાની શક્તિ પ્રમાણે ઊડે છે તે જ પ્રમાણે સર્વજન પોતપોતાની બુદ્ધિને અનુસરીને આપની સ્તુતિ કરે છે તેથી સર્વે સ્તુતિ કરનારાઓ તેમનો દોષ હોય તો પણ નિર્દોષ છે.

આપની મહિમા મન તથા વાણી વડે જાણવામાં આવતી નથી.આપના મહિમાનું શ્રુતિઓ ગૌરવપૂર્વક વર્ણન કરે છે.આપનો અપાર મહિમા વર્ણવવાને કોઈ પુરૂષ શક્તિમાન નથી તેમજ આપ કોઈપણ પુરૂષને ઈન્દ્રિય ગોચર નથી.તમારૂં નિર્ગુણ સ્વરૂપ બધાને અગમ્ય છે અને તમારા સગુણ સ્વરૂપને વર્ણવવા માટે સંસ્કૃત વગેરે ભાષાઓમાં શક્તિ નથી.

મારી સ્તુતિ તમને કોઈપણ પ્રકારે યથાર્થ વર્ણવી શકતી નથી કારણકે તમે વેદોની મધ જેવી મધુર વાણીના રચાયિતા છો.વાણીના ભંડારરૂપ બ્રહ્માદિની સ્તુતિ પણ ખુશ ન કરી શકે તો મારી સ્તુતિ તમને ક્યાંથી સંતોષ આપી શકે?

તમારૂં રૂપ ન સમજી શકવાના કારણથી જડબુદ્ધિવાળાઓ આપના ઐશ્વર્યની નિન્દા કરે છે અને નિંદા પાપી પુરૂષોને લાગે છે પરંતુ આપના સર્વજ્ઞાતિ ગુણયુક્ત ઐશ્વર્યની નિંદા શુદ્ધ મુમુક્ષુઓને અતિ અપ્રિય લાગે છે.

પરમેશ્વર ત્રણ ભુવનની ઉત્પત્તિ કરે છે પરંતુ જડબુદ્ધિવાળાઓ જગતને ઉત્પન્ન કરવા બાબત શું ક્રિયા થતી હશે? તે ક્રિયા ક્યા પ્રકારની હશે? જગતને ઉત્પન્ન કરવામાં નિમિત્ત અને ઉપાદાન કારણ શું હશે? આપ તો અચિંત્ય માહાત્મયથી યુક્ત છો.

આપ સર્વદેવોમાં શ્રેષ્ઠ છો. જે સાકાર વસ્તુઓ છે તેનો જન્મ હોય છે.જેમ ઘડો સાકાર છે તેથી તે ઉત્પત્તિમાન છે તેમ આ જગત અધિષ્ઠાન પરમેશ્વરની અપેક્ષા વગર ઉત્પન્ન કેવી રીતે થયું હશે? ઈશ્વર સિવાય બીજો કોઈ જગતકર્તા હશે? બ્રહ્માંડને ઉત્પન્ન કરવામાં આપ વિષે અનેક પ્રકારના સંદેહ મૂઢજનોમાં થાય છે પરંતુ આપને વિષે સંશય કરવો યોગ્ય નથી.

વેદ તમારી પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. સાંખ્ય વડે કપિલ,યોગશાસ્ત્ર દ્વારા પતંજલિ તથા ન્યાય વૈશેષિક શાસ્ત્ર દ્વારા ગૌતમ-કણાદ મુનિ તથા નારદ જેઓ 'નારદપંચરાત્ર' ના રચનાર છે તેઓ વૈષ્ણવ મત દ્વારા તમારી પ્રાપ્તિના ભિન્ન ભિન્ન માર્ગ બતાવે છે. આ મુખ્ય પાંચ ભેદ છે અને સકલ મતવાદીઓ અહંકાર વડે પોતપોતાના સિદ્ધાંતને જુદા માને છે પરંતુ જેમ સર્વ નદીઓના જળ પૃથક્ પૃથક્ માર્ગો વડે એક સમુદ્રમાં મળી જાય છે તેમ અધિકારી ભેદ વડે આપ એક પ્રભુ સઘળા જ મુમુક્ષુઓને પ્રાપ્ત થાઓ છો.

વિષયો ઝાંઝવાના જળ જેવા છે તે આત્માથી જ પ્રસન્ન એવા યોગીને બ્રહ્મનિષ્ઠાથી ચલાયમાન કરી શકતા નથી.કેટલાક સાંખ્ય અને પાતંજલ મતવાળા મિમાંસકો સર્વ જગતને નિત્ય-અનિત્ય માને છે, બીજા મતવાળા નાસ્તિકો આ જગતને નિત્યાનિત્ય માને છે એ રીતે ભિન્ન ભિન્ન મતવાદી લોકો આ જગતને ભિન્ન ભિન્ન પ્રકૃતિ માને છે.આ ભિન્ન ભિન્ન મતોવાળા તમારા સ્વરૂપને જાણતાં નથી તેમજ હું પણ સ્વરૂપને જાણતો નથી તો હું મારી હાંસી થવાનો ભય તજીને તમારી જ પ્રાર્થના મારા શબ્દોથી કરૂં છું.

આપના ઐશ્વર્યનો અંત લેવા સારૂં બ્રહ્મદેવ આકાશ તરફ અને વિષ્ણુ પાતાળમાં ગયા હતા પરંતુ કોઈને પણ આપની લીલાનો અંત પ્રાપ્ત થયો નહિ. બ્રહ્મદેવ માત્ર બ્રહ્માંડના અને વિષ્ણુ માત્ર જળતત્વના નિવાસ છે માટે આપનું ઐશ્વર્ય જાણવાને કોઈ સમર્થ થતા નથી અને એ બ્રહ્મા-વિષ્ણુના અંતરમાં આપ સ્વતઃ પ્રાકટ્ય માનો છો તેથી જ બ્રહ્મા અને વિષ્ણુ શ્રદ્ધા અને ભક્તિ વડે આપની સ્તુતિ કરે છે.

આપની સ્થિર ભક્તિ એવી છે કે રાવણે પોતાનાં દશ મસ્તક પોતાની હાથે જ છેદી તેની પંક્તિ કરી કમળની પેઠે આપ પ્રભુને ચરણે અર્પણ કર્યા હતાં. વિશેષ કરીને આપનું પૂજન સકળ વસ્તુની અધિકતાથી પ્રાપ્ત થવાના હેતુ રૂપે છે. રાવણ આપની સમીપ કૈલાસમાં વસતો હતો ત્યારે પણ તે પોતાની વીસ ભુજાઓનું પરાક્રમ દેખાડતો હતો.

ઈન્દ્રથી પણ અતિ ઉત્કૃષ્ટ સમૃદ્ધિથી ભરેલા આ ત્રણે ભુવનોને બાણાસુર પાતાળમાં લઈ ગયો હતો એમાં કોઈ આ?ર્ય નથી કારણ કે તે આપણાં ચરણની પૂજા કરનારો હતો,જે જનો આપને વંદે છે તેઓને ફળની પ્રાપ્તિ થાય છે એ પ્રત્યક્ષ છે.

આપે હળાહળ વિષનું પાન કર્યું છતાં એ વિષ આપના કંઠમાં જ સ્થિર રહ્યું હોવાથી તે આપને અતિશય શોભા આપે છે. કામદેવનું બાણ ભાલા રહિત છે તેનું બાણ આ જગતમાં દેવ-અસુર તથા નરલોકને જીતવાને નિષ્ફળ ન થતાં સર્વને વશ કરે છે. આપની સાથે પણ કામદેવ બીજા ઈન્દ્રાદિ દેવોની પેઠે વર્તવા લાગ્યો છે તેથી તેનું આપે દહન કર્યું અને સ્મરણ માત્રનું જ કામદેવનું શરીર બાળી નાખ્યુ.

આપે જગતનાં રક્ષણ તથા દુષ્ટોના નાશને અર્થે, પૃથ્વી ઊંચી નીચી થવા લાગી હતી એવું તમે નૃત્ય કર્યું. તાંડવ નૃત્ય વખતે હાવભાવ માટે આપે ભુજાઓ હલાવી તેના આઘાતથી વિષ્ણુલોક, તારા, નક્ષત્રો આદિનો નાશ થવાની શંકા થવા લાગી અને ઉભય સ્વર્ગદ્વાર વ્યથા પામ્યાં તેમજ તમારા નૃત્યથી સ્વર્ગનું એક પાસુ તાડિત થયું. આપનું એ ઐશ્વર્ય દેખીતી રીતે વિપરીત છે તો પણ તે જગતની રક્ષા માટે જ છે.

આપના શરીર પર ગંગાનો પ્રવાહ ઝીણી ફરફરની પેઠે વરસતો દેખાય છે તેથી તમારા વિરાટ સ્વરૂપનું ભાન થાય છે.આ જળ પ્રવાહના આકાશવત્ વ્યાપક અને તારા તથા નક્ષત્રોના સમૂહમાં ફીણ સમાન છતાં તેનો ભાસ થાય છે.

જે સમયે ત્રિપુરને દહન કરવાની આપની ઈચ્છા થઈ તે સમયે પૃથ્વીરૂપી રથ, બ્રહ્મરૂપી સારથી, હિમાચળ પર્વતરૂપી ધનુષ, સૂર્ય તથા ચંદ્રરૂપી રથનાં પૈંડાં, જળરૂપી રથચરણ એટલે રથની પિંજણીઓ તથા વિષ્ણુરૂપી બાણ યોજીને તમે ત્રિપુરને હણ્યો. બળ-વિર્ય શક્તિ તથા બુદ્ધિ થકી યુક્ત પુરૂષો નિશ્ચય કરીને પરાધીનપણે ક્રીડા ન કરતાં તમારી જ શક્તિથી યશ આનંદ મેળવે છે.

આપની ચરણની પૂજા વિષ્ણુ સહસ્ત્ર કમળ વડે કરવા લાગ્યા, તેમાં એક કમળ ઓછું હોવાથી પોતાના નેત્રકમળ અર્પણ કર્યું હતું. આવી દઢ ભક્તિને લીધે સુદર્શનચક્રની શક્તિ વિષ્ણુને આપે જ આપેલી છે.

તમે સર્વવ્યાપી છો,તમારી ઈચ્છા વગર તૃણ પણ હાલી શકતું નથી. દક્ષ પ્રજાપતિ પોતે યજ્ઞ કરવા બેઠા હતા. ત્રિકાળદર્શી ભૃગુ વગેરે ઋષિઓ યજ્ઞ કરાવનાર હતા અને બ્રહ્માદિ દેવસભામાં પ્રેક્ષકો તરીકે બેઠા હતા છતાં દક્ષે ફળની ઈચ્છા કરી હોવાથી તમે એ યજ્ઞને ફળરહિત કરી દીધો હતો. યજ્ઞાદિ ક્રિયાઓ નિષ્કામપણે ન કરતા તથા તમારા ઉપર શ્રદ્ધા રાખ્યા વિના યજ્ઞ કરીએ તો એ યજ્ઞકર્તા માટે વિનાશરૂપ નિવડે છે.

પોતાની દુહિતા સરસ્વતીનું લાવણ્ય જોઈ કામવશ થવાથી બ્રહ્મા તેની પાછળ દોડ્યા એટલે સરસ્વતીએ મૃગલીનું રૂપ લીધું ત્યારે બ્રહ્માએ મૃગશીર્ષ જે નક્ષત્ર કહેવાય છે તે મૃગનું રૂપ લઈને તેની સાથે ક્રીડા કરવા હઠ લીધી એવામાં આપે જોયું કે આ અધર્મ થાય છે માટે તેમને દંડ દેવો જોઈએ તેથી આપે વ્યાઘ નામક આર્દ્રા નક્ષત્રરૂપી શરને તેની પાછળ મૂક્યું હતું. આજ સુધી પણ તે બાણરૂપી નક્ષત્ર કામી પ્રજાપતિની પૂંઠ મૂકતું નથી.

દક્ષ કન્યા સતીએ પોતાના પિતાને ત્યાં પોતાનું અને પતિનું અપમાન થવાથી યજ્ઞમાં ઝંપલાવી યજ્ઞ ભ્રષ્ટ કર્યો હતો ત્યારપછી શિવને જ પતિ તરીકે વરવા બીજા જન્મે પાર્વતી થયાં. તેમણે ભિલડીનો વેશ ધારણ કર્યો અને મહાદેવજી તપ કરતા હતા ત્યાં તેમને મોહ પમાડવાના અનેક પ્રયત્નો કર્યા પણ તે વ્યર્થ નિવડ્યા. દેવોએ ધાર્યું કે યજ્ઞ વેળા થયેલા અપમાનથી ક્રોધાયમાન થયેલા મહાદેવજીનો ઉગ્રતાપ હવે આપણાથી સહન થઈ શકશે નહિ તેથી તે તાપને દૂર કરવા પાર્વતી સાથે મહાદેવ કામવશ થઈ પરણે એવા હેતુથી દેવોએ કામદેવને મોકલી આપ્યો હતો. કામદેવના પ્રભાવથી એકેએક બ્રહ્મજ્ઞાની બ્રહ્મમય જગતને નારીમય જોવા લાગ્યા પરંતુ મહાદેવે તરત ત્રીજું નેત્ર ખોલી કામદેવને ભસ્મ કરી દીધો. આમ છતાં પણ પાર્વતીને માત્ર વિરહ દુઃખથી ઉગારવાને માટે તમે અર્ધાંગના પદ આપ્યું હતું. આ તમારૂં કાર્ય જેઓ મૂઢ છે તેઓ જ સ્ત્રી આસક્તિવાળું ગણે છે.

સ્મશાન ભૂમિમાં ચારે દિશાઓમાં ક્રીડા કરવી, ભૂત-પ્રેતોની સાથે નાચવું-કૂદવું અને ફરવું, ચિત્તાની રાખ શરીરે ચોળવી અને મનુષ્યની ખોપરીઓની માળા પહેરવી, આવા પ્રકારનું તમારૂં ચરિત્ર કેવળ મંગલશૂન્ય છે છતાં તમારૂં વારંવાર જે સ્મરણ કરે છે તેને તમારૂં નામ મંગળમય હોઈ તેને માટે તમારી ભક્તિ મંગળકારી છે.

સત્ય બ્રહ્મને શોધવા માટે યોગીઓ મનને હૃદયમાં રોકીને યોગ-શાસ્ત્રમાં બતાવેલા યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિથી બ્રહ્માનંદનો અનુભવ મેળવે છે. સૂર્ય ચંદ્ર પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ રૂપે આપ જ છો તથા દરેકમાં આત્મારૂપે આપ જ છો.આમ જુદાં જુદાં સ્વરૂપમાં અનુભવી પુરૂષો તમોને ઓળખે છે.

ત્રણ વેદો તમારૂં જ વર્ણન કરે છે. તમને અ-કારથી સ્થૂળ -પંચરૂપી, ઉ-કારથી સૂક્ષ્મ -પંચરૂપી અને મ-કારથી સ્થૂલસૂક્ષ્મ પ્રપંચયુક્ત માયારૂપ જણાવે છે તથા યોગની ચોથી અવસ્થા વખતે ઉપજતો સૂક્ષ્મતર ધ્વનિ તમને સ્થૂળ અને સૂક્ષ્મ પ્રપંચો તેમજ માયાદિ સર્વ ઉપાધિઓથી રહિત અખંડ ચૈતન્ય સ્વરૂપાત્મા ૐકાર રૂપ સિદ્ધ કરે છે.

પોતાના પ્રકાશકના ચૈતન્યપણાને લીધે સર્વદા અદ્રશ્ય,સર્વને આધારરૂપ ફક્ત ચિત્ત વડે જાણી શકાય એવા આપને બીજી કોઈ યથાર્થ રીતે નહિ જાણતો હોવાથી, હું માત્ર વાણી-મન અને શરીર વડે આપને જ નમસ્કાર કરું છું.

આખું જગત તમારામય છે. આપ ત્રિગુણાત્મક છો અને જ્યોતિરૂપ છો તેથી સત્વ-રજ અને તમસ આ ત્રણે ગુણોથી રહિત પ્રકાશમય એવા તમારા પદને પામવા માટે હું વારંવાર વંદન કરૂં છું. મને તમે દયા કરીને તમારી ભક્તિ કરવા પ્રેર્યો છે અને તેથી તમારાં ચરણકમળોમાં અમારી વાક્યોરૂપી પુષ્પોની ભેટ આપવાને હું શક્તિમાન થયો છું. અનંતવિદ્યાનો પાર પામેલી સરસ્વતી પોતે જો તમારા ગુણોનું વર્ણન જરા પણ થોભ્યા વગર હરહંમેશ લખ્યા કરે તો પણ તે આપનો અંત પામી શકતાં નથી.

દેવો-દાનવો અને મોટા મોટા મુનિઓથી પૂજિત,ચન્દ્રને કપાળમાં ધરનાર,ત્રિગુણોથી રહિત તમારૂં આ સ્તોત્ર બધા ગુણોથી યુક્ત એવા આચાર્ય શ્રેષ્ઠ પુષ્પદંત નામે એક યક્ષે રચ્યું છે.

નિર્મળ મનવાળો જે કોઈ મનુષ્ય દરરોજ પરમ ભક્તિથી આ ઉત્તમ સ્તોત્રોનો પાઠ કરે છે, તે શિવ સ્તુતિના પુણ્ય મેળવે છે. અંતે શિવલોકમાં જાય છે તથા આ મહીલોકમાં મોટો ધનાઢ્ય, દીર્ઘ આયુષ્યવાળો, પુત્રવાળો અને કીર્તિને વરનારો થાય છે. આપના જેવા બીજા કોઈ શ્રેષ્ઠ દેવ નથી. આ 'મહિમ્નસ્તોત્ર' જેવી બીજી કોઈ સ્તુતિ નથી.

દીક્ષા દાન તપ તીર્થ જ્ઞાન અને યજ્ઞાદિ ક્રિયાઓ જે લોકો સકામપણે કરે તેના કરતાં આ સ્તોત્રથી ભક્તિ કરવી એ જ ઉત્તમ છે.

હે મહાદેવ ! હું તો અજ્ઞાની છું. આપનું તત્વ કયું? અને આપ કેવા હોઈ શકો? તેની મને ખબર નથી. જે મનુષ્ય દિવસમાં એક-બે કે ત્રણવાર આ સ્તોત્રનો પાઠ કરે છે તે બધાં ય પાપોથી છુટીને શિવલોક જાય છે. જે કોઈ પુષ્પદંતના મુખકમળમાંથી નીકળેલું સર્વપાપોને નાશ કરનારું, ભગવાન શિવને અતિપ્રિય એવું આ સ્તોત્ર મોઢે કરે છે અને તેનો ધ્યાનપૂર્વક પાઠ કરે છે તેના પર અખિલ બ્રહ્માંડના પિતા ભગવાન શિવ પ્રસન્ન થાય છે.

**આલેખનઃ**
**વિનોદભાઈ માછી નિરંકારી**




## આજનું પંચાગ

**તા.** ૦૨-૦૯-૨૦૨૪, **વારઃ** સોમવાર, **તિથિઃ** પૂનમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૫:૫૮ **સૂર્ય અસ્ત :** ૧૯:૨૭ **ચંદ્રરાશિઃ** કુંભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.
**મિથુન(ક.છ.ઘ) :**આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.
**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.
**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.
**કન્યા(પ.ઠ.ણ.) :**ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.
**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.
**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.
**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

ડેન્ગ્યુને રોકવા માટે ફ્રાઈડે ડ્રાય ડે અભિયાન હેઠળ

## દાનહમાં મચ્છર ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવામાં આવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૧:** વરસાદી ઋતુમાં ડેન્ગ્યુના રોગમાં વધારો થતો અટકાવવા દાનહ આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ રોકવા માટે ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશ અંતર્ગત શુક્રવારે આરોગ્ય વિભાગની પહેલ ફ્રાઈડે ડ્રાય ડે દ્વારા પ્રદેશના તમામ ગામડાઓમાં મચ્છર ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય ઘરની આસપાસના ચોખ્ખા પાણીને દૂર કરવાનો અને ઘરની અંદરના પાણીને બદલવાનો છે, જે ડેન્ગ્યુ મચ્છરના લાવાનો નાશ કરશે અને આ રોગનો ફેલાવો અટકાવશે.

આજે પ્રદેશનક લોકોની મદદથી આ અભિયાન હેઠળ ફ્રાઈડે ડ્રાય ડે દ્વારા ગામડાઓ, સોસાયટીઓ, ચાલ, શાળાઓ, ઔદ્યોગિક એકમો, બાંધકામ સ્થળો અને આરોગ્ય સંસ્થાઓમાંથી રોકાયેલું પાણીને દૂર કરવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મચારીઓની સાથે નગરપાલિકા, જિલ્લા પંચાયતના લોકો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, શાળાના બાળકો, ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કામદારો અને લોકોએ મચ્છરોના ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવાના આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

આ અંગે વધુ માહિતી આપતાં પ્રોગ્રામ ઓફિસર, નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ, દાદરા નગર હવેલી અને દમણ અને દીવે જણાવ્યું હતું કે, ડેન્ગ્યુના મચ્છરો ચોખ્ખા પાણીમાં ઉત્પત્તિ પામે છે. જેમ કે પાણીની ટાંકી, પક્ષીઓ માટે પીવાના વાસણો, ફ્રીજ અને એ.સી. ચાવીની ટ્રે, ટીન અને પ્લાસ્ટિકના બોક્સ, ફૂલદાની, નારિયેળના છીપ, તૂટેલા વાસણો, ટાયર, ઘરની છત વગેરે. જો આપણે અઠવાડિયામાં એક વખત આ તમામ સ્થળોએથી પાણી દૂર કરીએ તો મચ્છરોના બ્રીડિંગ ગ્રાઉન્ડનો નાશ થાય છે. આ સાથે પ્રદેશના તમામ લોકોને અનુરોધ કરવામાં આવ્યો હતો કે તેઓ વહીવટીતંત્રના આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લે અને મચ્છરોના ઉત્પત્તિ સ્થળોનો નાશ કરવામાં વહીવટીતંત્રને સહકાર આપી પોતાની જવાબદારી પૂરી કરે અને આ રોગથી પોતાને અને તમારા પરિવારને બચાવે.

ડેન્ગ્યુ રોગના લક્ષણોમાં અચાનક ઉંચો તાવ, સ્નાયુઓ અને સાંધાઓમાં દુખાવો, આંખોની પાછળનો દુખાવો, જે આંખો હલાવવાની સાથે વધે છે, ઉબકા અને ઉલ્ટીનો સમાવેશ થાય છે. ગંભીર કિસ્સાઓમાં, નાક, મોં, પેઢામાંથી રક્તસ્ત્રાવ અથવા ત્વચા પર ફોલ્લીઓ. જો તમને ઉપરોક્ત કોઈપણ લક્ષણો દેખાય, તો નજીકના આરોગ્ય કેન્દ્ર પર જાઓ અને તમારી જાતની તપાસ અને સારવાર કરવા જણાવ્યું હતું.

## દાનહના ટ્રાફિક હોમગાર્ડએ ઈમાનદારી અને પ્રામાણિકતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૧:** દાનહના ટ્રાફિક હોમગાર્ડએ ઈમાનદારી અને પ્રામાણિકતા મહેકાવી છે. ૨૫ ઓગસ્ટના રોજ હોમગાર્ડ ધર્મેશ જે. ટોકરે અથાલ ત્રણ રસ્તા ખાતે તેમની ફરજ દરમિયાન તેમને રસ્તા પર પડેલું પર્સ મળ્યું હતું. પર્સ ચેક કરતા તેમાં રૂ.૫૦૦૦ રોકડા અને રૂ.૫.૫ લાખનો ચેક અને અસલ દસ્તાવેજો મળી આવ્યા હતા. આ પર્સ સરીગામ ગુજરાતના વતની પ્રતિક આહીરના નામેના હતા. જેથી હોમગાર્ડ ધર્મેશે ટોકરેએ પ્રામાણિકતા બતાવતા પ્રતીક આહિરનો સંપર્ક કર્યો અને ૪ કલાક બાદ પ્રતીક આહીરને ટ્રાફિક ઓફિસ PHQ ખાતે બોલાવીને પર્સ સુરક્ષિત રીતે પરત કર્યું. આ રીતે ટ્રાફિક હોમગાર્ડ પ્રામાણિકતા મહેકાવી હતી.

## થ્રીડીમાં રાષ્ટ્રીય રમત લંગડી અને ટેબલ ટેનિસ સ્પર્ધાનું સમાપન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૧:** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસનના યુવા બાબતો અને રમતગમત વિભાગ દ્વારા પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત મેજર ધ્યાનચંદની જન્મજયંતિ એટલે કે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે ડૉ. અરુણ ટી, યુવા બાબતો અને રમતગમત વિભાગના નિયામક અરુણ ગુપ્તાના સહયોગથી થ્રીડીમાં રમતગમતની સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે દમણમાં ટેબલ ટેનિસ અને લંગડી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેબલ ટેનિસમાં બંને કેટેગરીના કુલ ૮૦ અને લંગડીના ૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ટેબલ ટેનિસ સ્પર્ધામાં ઓપન મેઈન્સમાં પ્રથમ સ્થાને દીપ ભંડારી, બીજું સ્થાને માર્મિક ભગત, ત્રીજું સ્થાને ધર્મેશ બલસારા, મહિલાઓમાં પ્રથમ સ્થાને સિદ્ધિ બલસારા, બીજું સ્થાને બસની સિંહ, ત્રીજું સ્થાને યશવી પટેલ રહી હતી. આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને મદદનીશ શારીરિક શિક્ષણ અધિકારી અક્ષય કોટલવાર, દેવરાજસિંહ રાઠોડના હસ્તે ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓને સફળ બનાવવા વિવિધ શાળાના શારીરિક શિક્ષણ શિક્ષકો અને વિભાગના કર્મચારીઓએ સહયોગ આપ્યો હતો.

## ઉમરગામ તાલુકાના બોરીગામ ખાતે ગાજેશ્વર શિવ મંદિરમાં ભક્તોની ભીડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૦૧:** પવિત્ર શ્રાવણ માસમાં ઉમરગામ તાલુકાના તમામ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી રહી ઉમરગામ તાલુકાના ઉત્તર પૂર્વ દિશામાં દમણ ગંગા નદી સ્થિત બોરીગામના પૌરાણિક ગાજેશ્વર શિવ મંદિરમાં પણ પવિત્ર શ્રાવણ માસમાં ભક્તો ઝાડ વિશે કરી જળા અભિષેક કરી ધન્યતા અનુભવી રહ્યા છે. પૌરાણિક રાજેશ્વર મંદિર ની વિશેષતા એ છે કે અહીં સામસામે શિવાલય આવેલા છે જે દેશભરમાં આ પ્રમાણેનું મંદિર ક્યાંય જોવા મળતા નથી. અતિ સુંદર રળિયામણા વિસ્તારમાં આવેલ આ શિવ મંદિરે પહોંચી ભક્તો શાંતિની અનુભૂતિ કરે છે.

લોકવાયકા મુજબ બોરીગામ દમણગંગા નદી કિનારે કરમદાની ઝાડીઓ હતી જ્યા કચીગામના ખેડૂતની ગાય રોજના ચરતા ચરતા આ કરમદાની ઝાડીમાં જઈ દુગ્ધારા કરતી હતી. ખેડૂત વિચારતો હતો કે મારી ગાય દુધ કેમ નથી આપતી ત્યાર બાદ પોતે જ ગાયનો પીછો કરી જોતા નદી કિનારે શિવલિંગ જેવા પથ્થર પર દુધની ધારા કરતા જોયુ,ત્યાર બાદ આ ખેડૂત અને ગ્રામજનો મળી ગાયેશ્વર (ગાજેશ્વર)મહાદેવ મંદિરની સ્થાપના કરી હતી. બાદમાં મંદિરના પુજારીના સ્વપ્નમાં મહાદેવના દર્શન થયા હતા અને એમણે જણાવેલ કે મારુ શિવલિંગ દમણગંગા નદીમાં છે. જેને શોધવા માટે પૂજારીએ ત્રણ દિવસ સુધી નદીમાં શોધખોળ કર્યા બાદ એમને ગુપ્ત રીતે શિવલિંગ મળતા ગુપ્તેશ્વર મહાદેવના નામે શિવલિંગની સ્થાપના કરી હતી કર્મકાંડી બ્રાહ્મણના જણાવ્યા અનુસાર મુળ નામ ગાયેશ્વર મહાદેવ હતું જે હવે ગાજેશ્વર તરીકે લોકોમાં પ્રચલિત છે. પશ્ચિમના ભાગે ગાયેશ્વર શિવલિંગ આવેલું છે, એજ પ્રમાણે પૂર્વ તરફ ગુપ્તેશ્વર મહાદેવ બિરાજમાન છે. આ બંને મંદિરો સુંદર બારેમાસ વહેતી પવિત્ર દમણગંગા નદીના કિનારે આવેલા છે.નદીના સામે કિનારે દાદરા ગામ છે.જ્યાંથી કેટલાક ભક્તો પોતાની ખાનગી હોળીમાં બેસીને પણ મંદિરે દર્શને આવતા હોય છે પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા આ શિવ મંદિરે આવ્યા બાદ ભક્તો શાંતિની અનુભવતી કરતા હોય છે. મંદિરમાં લગાવવામાં આવેલ તકતી મુજબ શ્રી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર શ્રીયુત વલ્લભભાઈ ડાહ્યાભાઈ નરોલીવાળાએ માતા દેવીબહેનના સ્મરણાર્થે મંદિરનું બાંધકામ ઈ.સ.૧૩૬૧પૂર્વે સ્થાપના કરવામાં આવેલ છે. પવિત્ર શ્રાવણ માસમાં હજારોની સંખ્યામાં ભક્તો શિવ દર્શને આવે છે. અહીં રોજ બ્રાહ્મણો દ્વારા વિધિવિધાન પૂર્વક શિવ છે અહીં અમે ૭ પેઢીથી પૂજા કરી રહ્યા છે. આ મંદિર ૭૦૦ વર્ષ જૂનુ છે.

## વાપી એસટી ડેપોના કર્મચારીનો વિદાય સમારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૧:** વલસાડ વિભાગના વાપી એસ ટી ડેપો ખાતે ફરજ બજાવતા મિકેનીક રમેશભાઈ મોતીભાઈ આર્ટે વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો નિવૃત્તિ વિદાયમાંન સમારંભ કર્મચારી મંડળ વાપીના નેતૃત્વ હેઠળ રાખવામાં આવ્યો હતો. જેમાં વાપી એસ.ટી ડેપો મેનેજર જયદીપ ભાઈ માહલા તેમજ એસ.ટી. કર્મચારી મંડળના મહામંત્રી ધનસુખ ભાઈ પટેલ અને વાપી ડેપો કર્મચારી મંડળના તમામ આગેવાનો અને કર્મચારી ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી વાપી ડેપોમા ૩૬ વર્ષ સુધી મેકેનિકલ તરીકે સેવા આપી, નિવૃત્ત થઈ રહેલ રમેશભાઈને સાલ ઓઢાડી તેમની સેવાકીય પ્રવૃતિને વીરધાવી નિવૃત્ત વિદાયમાં આપવામાં આવ્યું હતું સાથે તેમની તંદુરસ્તી કાયમ ટકી રહે તેઓ ધાર્મિકતા તરફ આગળ વધે તેમ જ પરિવાર સાથે સુખી સંપન્ન રહે એવી વાપી ડેપોના તમામ કર્મચારીઓએ શુભેચ્છા પાઠવી અને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. જ્યારે સોસાયટીના ધનસુખ ભાઈ પટેલ.દ્વારા સોસાયટીમાં તેમની બચતનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો સમગ્ર સમારંભનું સંચાલન રજનીભાઈ અને આભાર વિધિ ભરતભાઈ બારી એ કરી આવી હતી

હરિપ્રબોધમ પરિવાર દ્વારા

## નારગોલ જગદંબા ધામ ખાતે સમૂહ મહાપુજાનું આયોજન કરાયું

સૈંકડોની સંખ્યામાં હરિભક્તોએ મહાપૂજાનો લાભ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,૦૧:** પવિત્ર શ્રાવણ માસમાં હરિ-બોધમ પરિવાર દ્વારા ભંડારી સમાજ હોલ જગદંબાધામ, નારગોલ ગામે ૩૧ ઓગસ્ટના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન પુ. સાસ્વત સ્વામીના સાનિધ્યમાં તેમજ પુ. સત્યસ્વરૂપ સ્વામીની વિશેષ હાજરી વચ્ચે કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસમાં સ્વામિનારાયણના સંતો દ્વારા શાસ્ત્રોક વિધિ પ્રમાણે મહાપુજા કરવામાં આવી હતી. જેમાં નારગોલ ગામના સ્થાનિક તેમજ સમગ્ર વલસાડ જિલ્લાના વાપી, ભીલાડ, ઉમરગામ, બોરલાઈ વગેરે ગામો અને શહેરોથી સેંકડો હરીભક્તોએ સમૂહ મહાપૂજાનો લાભ લીધો હતો. પૂજાના અંતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિભક્ત આશિષભાઈ પટેલ વાપીના જણાવ્યા મુજબ આ પ્રકારની સમુહ મહા પૂજા તેમના દ્વારા ઉમરગામ તાલુકામાં પ્રથમવાર કરવામાં આવી છે જેને અભૂતપૂર્વ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. મહાપુજાને સહકાર આપનાર તમામ હરિભક્તોનો તેમને આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપીની શ્રી એલ જી હરિયા મલ્ટિપર્પઝ સ્કુલનુ ગૌરવ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૧:** પ્રભાત સ્કોલર એકેડમી સેલવાસ દ્વારા વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દર્શનમાં અનેક શાળાઓ એ ભાગ લીધો હતો જેમાં વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ સ્કુલના વિદ્યાર્થીઓએ શાળાનુ પ્રતિનિધિત્વ કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ગૃપ -૩માં (ધોરણ પાંચ થી ધોરણ સાત ) થીંક ઈન્વાયરનમેન્ટ શિર્ષક હેઠળ શાળાના વિદ્યાર્થી પ્રયાગ કુલકર્ણી, યશ પ્રતાપ સીંગ અને સુનિતા શેખાવતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે ગૃપ -૨મા(ધોરણ આઠ થી ધોરણ નવ) ના વિદ્યાર્થીઓ કાજલ તિવારી, હિતેશ બેરા અને સુશીલ નિશાદે હાઈબ્રીડ બાઈક પ્રદર્શિત કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલે શાળા પરિવાર વતી વિદ્યાર્થીઓ અને તેમની માર્ગદર્શક ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## નવસારી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા વૃક્ષાભિવાદન કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૦૧:** નવસારી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા એક બુથ ૧૦ વૃક્ષ ના સુત્ર સાથે સમગ્ર નવસારી જિલ્લામાં વૃક્ષાભિવાદન કાર્યક્રમ યોજી ૧૦,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

નવસારીના પ્રજા વાત્સલ્ય સાંસદ અને ગુજરાતના યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી થયાના ગૌરવમય અવસરે સમગ્ર નવસારી જિલ્લા ભાજપ દ્વારા અનોખો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. નવસારી જિલ્લા સામાજિક વનીકરણ વિભાગના સહયોગથી જિલ્લાના નવસારી વિજલપોર શહેર નવસારી તાલુકા જલાલપોર તાલુકા ગણદેવી તાલુકા ચીખલી તાલુકા વાંસદા તાલુકા અને ખેરગામ તાલુકાના તમામ બુથો પર એક સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ . જેમાં જિલ્લા ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો જોડાયા હતા.

## વાપીમાં જમીયત ઉલમાએ ટ્રસ્ટ અને લાયન્સ કલબ આયોજિત રક્તદાન કેમ્પ શિબિર યોજાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૧:** વાપીમાં જમીયત ઉલમાએ ટ્રસ્ટ અને લાયન્સ કલબ આયોજિત રક્તદાન કેમ્પમાં ૧૧૮ યુનિટ ભેગું કરાયું આ કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરાયું હતું.

વાપીની સામાજિક સંસ્થા જમિયત ઉલેમા અને લાયન્સ ક્લબ ઓફ વાપીના સંયુક્ત સાહસથી વાપીના ગોદાલ નગર ખાતે આવેલ સહારા હોસ્પિટલની પાછળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ રક્તદાન કરવા આવ્યાં હતાં પરંતુ રક્તદાન માટે નિયત ઉંમર અને વજન તેમજ બ્લડ પ્રેશર, ડાયાબીટીસ જેવી બીમારી છે કે કેમ તે અગત્યનું પાસું હોય એવા ૫૦ થી વધુ રક્તદાતાઓનું રક્ત નહિ લેવામાં આવતા તેઓએ ભારે હૈયે પરત થવું પડ્યું હતું.

રક્તદાન કેમ્પની આયોજક સંસ્થા એવી જમીયત ઉલમાં એ વાપી ટ્રસ્ટના પ્રમુખ ઈન્તેખાબ ખાન અને ખજાનચી અબ્દુલ વહાબ ખાને જણાવ્યું હતું કે, આ તેમની સંસ્થા તરફથી પ્રથમ કેમ્પ હતો. જે સફળ રહ્યો છે. રક્તદાતાઓનો ઉત્સાહ જોઈ આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે રક્તદાન કેમ્પ કરતા રહેવાની પ્રેરણા મળી છે. મુસ્લિમ સમાજમાં આ રક્તદાન કેમ્પથી ખૂબ જ જાગૃતિ આવી છે. અન્ય મુસ્લિમ સમાજના આગેવાનોએ પણ આગામી સમયમાં બનતા પ્રયાસ સાથે રક્તદાન કેમ્પ યોજવાની ખાતરી આપી છે. વાપીમાં બિન વારસી મૃતદેહોને તેમની ધાર્મિક વિધિ અનુસાર અંતિમક્રિયા કરીને, ગરીબ, જરૂરિયાતમંદ લોકોને રાશન સહિતની આર્થિક મદદ કરતી તેમજ ગરીબ દર્દીઓની સારવારનો ખર્ચ ઉપાડતી જમીયત ઉલમાં-એ-વાપી ટ્રસ્ટના પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, લોહી ક્યાંય કોઈ ફેકટરીમાં બનતું નથી. જ્યારે પણ કોઈ માનવીને લોહીની જરૂર પડે છે ત્યારે તેને માનવી જ લોહી આપી શકે છે. આવા સમયે જમીયતને પુરીબેન પોપટ લાખા બ્લડ બેન્ક તરફથી હંમેશા મદદ મળતી રહી છે. આજના આ કેમ્પમાં રક્તદાન કરનારા દરેક રક્તદાતાઓને સટી અને ગિફ્ટ આપવામાં આવી હતી. આજના આ કાર્યક્રમમાં મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ લાયન્સ ક્લબ ઓફ વાપીના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં

## વાપીમાં મેડી મિત્રા દ્વારા શેરી નાટકથી યુવતીઓને સ્વાઈકલ કેન્સર અંગે જાગૃત કરાશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૧:** વાપી પંથકમાં મેડી મિત્રાનું શેરી નાટક અને ઈમ્યુનિટી એમ્પાયરમેન્ટ ઓફ લેડીઝ દ્વારા રજજુ ભાઈ શ્રોફ રોફેલ કોલેજના ઓડિટોરિયલ હોલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત રહેલી મહિલાઓને સ્વાઈકલ કેન્સરની સુરક્ષા માટે વેક્સિન આપવાની જાહેરાત કરવામાં આવી આ પ્રસંગે ઉપસ્થિત રહેલી મેડી મિત્રાના હોદ્દેદાર દ્વારા જણાવ્યું હતું કે, આ ગંભીર રોગની વાસ્તવિકતા અને તેના મુખ્ય કારણ ત્રષ્ટ રુ વાઈરસ અને મહિલાઓ પર તેની અસરને સક્ષિપ્ત નિવેદન દ્વારા રજુ કરી આ રોગને કારણે આપણા દેશમાં દર સાત મિનિટે એક મહિલાનું મોત થાય છે પરંતુ જો આ વેક્સિન સમયસર લેવામાં આવે તો તેનાથી બચી શકાય છે. જેને ધ્યાને લઈને વાપીની મેડી મિત્રા એનજીઓ ટૂંક સમયમાં એચપીવી રસીકરણ કેમ્પનું આયોજન કરશે. જેમાં ૧૫ થી ૨૬ વર્ષની વયની ઓછામાં ઓછી ૧૦૦૦ થી વધુ યુવતીઓને રસી આપવામાં આવશે. આ ઝુંબેશને કારણે વાપીની યુવતીઓને કેન્સર મુક્ત બનાવવાના ઉદ્દેશ સાથે કરવામાં આવશે.

## ગણદેવી કાંઠા વિસ્તારનાં માર્ગો ઉપર પં. માર્ગ અને મ. વિભાગે ખાડાઓ પૂરતા લોકોને રાહત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી,તા.૦૧:** ગણદેવી તાલુકામાં અષાઢ અને શ્રાવણ અનરાધાર વરસતા મોસમનો ૧૯૩૩ મીમી વરસાદ નોંધાયો છે. તદઉપરાંત ઉપરવાસમાં ભારે વરસાદ ને પગલે લોકમાતા અંબિકા નદી, કાવેરી અને ખરેરા નદી એ કાંઠા વટાવ્યા હતા. જેને કારણે કાંઠા વિસ્તારનાં અનેક માર્ગો ઉપર ધસમસતા પૂરનાં પાણી ફરી વળ્યાં હતા. પરીણામે અનેક માર્ગો ધોવાયા હતા અને માર્ગો ઉપર ખાડાઓનું સામ્રાજય વ્યાપી ગયું હતું. દરમિયાન વરસાદ એ વિરામ લીધો હતો. તે સાથે જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગ હરકતમાં આવ્યું હતું અને ગણદેવી તાલુકા કાંઠા વિસ્તારનાં સરીબુજરંગ, મોરલી, ભાઠા, છાપર અને સરીખુરદ ગામોનાં માર્ગનું સમારકામ હાથ ધર્યું હતું. માર્ગોનાં ખાડાઓમાં મેટલ પેચ કરાતા વાહન ચાલકો એ રાહત અનુભવી હતી. પંચાયત માર્ગ મકાન વિભાગની સમયસર કામગીરીને કાંઠાવાસીઓ એ વધાવી હતી. હવે ક્રમશઃ ડામર પેચ કરી પાકા પાયે સમારકામ કરાશે.

## પારડીની એન. કે. દેસાઈ કોલેજમાં ઉલ્હાસ ૨૦૨૪ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**પારડી,તા.૦૧:** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ ઈંગ્લિશ મિડીયમ કોલેજ માં આંતર શાળા સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ ફેસ્ટ ઉલ્હાસ ૨૦૨૪ સફળતા પૂર્વક સંપૂર્ણ થયો હતો.

નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ પરિવાર દ્વારા ૨૦૧૮ થી વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ પર લાવી હરીફાઈ ની શરૂઆત કરવામાં આવી હતી. જેની સીઝન ૬ ઉલ્હાસ ૨૦૨૪ માં આ વર્ષે કુલ ૧૫ હરીફાઈઓ યોજવામાં આવી હતી. જેમાં વલસાડ જિલ્લાની ૧૫ કરતા વધુ શાળાના કુલ ૪૫૦ વિદ્યાર્થીઓ એ પોતાના વિવિધ કોશલ્યોનો પરિચય આપ્યો હતો. આ સમગ્ર સ્પર્ધાઓમાં વિવિધ તજજ્ઞો દ્વારા નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવવામાં આવી હતી. સવાર થી સાંજ સુધી ચાલેલા આ સમગ્ર હરીફાઈના અંતે સૌથી પ્રતિષ્ટિત એવી બેસ્ટ સ્કૂલ એવોર્ડ વિનર ટ્રોફી સૌથી વધુ સ્પર્ધાઓમાં જીતવા બદલ સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ વાપીને એનાયત કરવામાં આવી હતી. બીજા નંબર માત્ર એક પોઈન્ટ થી પાછળ રેહલ કલ્યાણી સ્કૂલ અતુલના વિદ્યાર્થી ઓ વિજેતા બન્યા હતા અને ત્રીજા ક્રમે બી. આર. જે. પી. પારડીવાળા ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ વિજેતા બની હતી. આ સમગ્ર આયોજન કોલેજનાં પ્રાધ્યાપક આકાંક્ષા પટેલ અને ખ્યાતિ મોદી દ્વારા બધા સ્ટાફ મિત્રોની મદદ થી કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણ પ્રસંગે સોસાયટીના ટ્રસ્ટી જયપ્રકાશ દેસાઈ અને નયનાબેન દેસાઈ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કર્યા હતા. સફળ આયોજન બદલ સોસાયટીના ટ્રસ્ટીઓ અને કોલેજ ના કેમ્પસ ડાયરેકટર ડો. દીપેશ શાહ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જમ્મુ કાશ્મીરમાં આતંકનો વિકલ્પ અમન અને આશા

**જમ્મુ કાશ્મીરમાં ૨૦૧૪માં વિધાનસભાની ચૂંટણી પછી લોકસભાની બેઠકો માટે ચૂંટણી થઈ પણ વિધાનસભાની ચૂંટણી ૧૦ વર્ષ પછી થઈ રહી છે. લોકશાહીમાં ચૂંટણીના રાજકારણની વાપસી થઈ રહી છે એમાં રિસ્ક ફેક્ટર્સ જોખમની શક્યતા પણ ભરપૂર છે છતાં બુલેટને બદલે બેલેટ અત્યારે આવકારપાત્ર છે**



વિશ્લેષણ
કુન્દન વ્યાસ

જમ્મુ-કાશ્મીરના લોકો-મતદારોને ત્રણ દાયકાના આતંક અને અલગતાવાદ પછી હવે ચૂંટણી અને મતાધિકારનો લાભ મળી રહ્યો છે. ૨૦૧૪માં વિધાનસભાની ચૂંટણી પછી લોકસભાની બેઠકો માટે ચૂંટણી થઈ પણ વિધાનસભાની ચૂંટણી ૧૦ વર્ષ પછી થઈ રહી છે. લોકશાહીમાં ચૂંટણીનાં રાજકારણની વાપસી થઈ રહી છે, તેમાં રિસ્ક ફેક્ટર્સ-જોખમની શક્યતા પણ ભરપૂર છે, છતાં બૂલેટના બદલે બેલેટ અત્યારે આવકારપાત્ર છે, છતાં બંને પ્રાદેશિક પક્ષ-નેશનલ કોન્ફરન્સ (એન.સી.) અને પીડીપી-પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ એમના ઘોષણાપત્રોમાં અલગતાવાદી માગણીઓ મૂકી છે. સંવિધાનની કલમ-૩૭૦ ફરીથી લાવવા-જે શક્ય નથી-ઉપરાંત આઝાદી પહેલાંની સ્થિતિ-અર્થાત્ સ્વાયત્તતા, અન્ય રાજ્યોથી અલગ સત્તા મેળવવાનું વચન આપ્યું છે! અને કોંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે ચૂંટણી સમજૂતી કરી છે, જે અલગતાવાદીઓ-ભારતવિરોધી પ્રવૃત્તિ માટે જેલવાસ ભોગવી રહ્યા છે, તે પણ અપક્ષ ઉમેદવારો છે ! વર્ષ-૨૦૦૦માં અબદુલ્લા સરકારે વિધાનસભામાં ઠરાવ પસાર કરીને વર્ષ-૧૯૫૩માં ભારત સાથે જેવા સંબંધ હતા તેવા જ સંબંધ ફરીથી રાખવાની-એવી સ્વાયત્ત સત્તાની માગણી કરી હતી. ૨૦૨૪માં આવો ઠરાવ ફરીથી પસાર કરવા માગે છે. આનો અર્થ એ થયો કે, માત્ર સંરક્ષણ, સંદેશ વ્યવહાર અને વિદેશી બાબતો ભારતના હાથમાં હોય બાકીની તમામ સત્તા રાજ્યને મળે અને રાજ્યના વડા-સદરે રિયાસત-ગણાય ! પીડીપીએ પણ પાકિસ્તાન સાથે વાટાઘાટ કરીને આખરી ફેંસલો કરવાનું વચન આપ્યું છે. વર્ષ-૧૯૪૭ પહેલાંની સ્થિતિ લાવવી છે ! પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીર વિસ્તારની માગણી ભારત-ભારતના કાશ્મીર સાથે જોડાવાની છે. આ કમનસીબ કાશ્મીરીઓ પાકિસ્તાની જુલ્મ સામે આંદોલન કરે છે, ત્યારે આપણા કાશ્મીરી નેતાઓ સ્વાયત્ત-અર્થાત્ આઝાદ બનવાના ખ્વાબ જોઈ રહ્યા છે ! કોંગ્રેસે ફારુક અબદુલ્લા સાથે સમજૂતી કરીને જમ્મુ વિસ્તારમાં ૩૨ બેઠક ઉપર ઉમેદવારો ઊભા રાખ્યા છે અને અબદુલ્લાએ ૫૧ બેઠક રાખી છે. પીડીપી-મેહબૂબા મુફતી રાષ્ટ્રીય તખતા ઉપર કોંગ્રેસના ઈન્ડિ. મોરચામાં છે, પણ કાશ્મીરમાં મોરચાથી અલગ છે ! કોંગ્રેસને મોટું દુઃખ એ છે કે, છેલ્લાં ૧૦ વર્ષથી કાશ્મીરમાં ઈજારો ગુમાવ્યો છે. અહીં તો નેહરુ ખાનદાનનું કુળ છે. હવે સત્તા મેળવવા માટે અબદુલ્લા ખાનદાન સાથે સમજૂતી કરી છે ! પણ કાશ્મીરના અલગ સંવિધાન, અલગ ધ્વજ મંજૂર છે ? અલગતાવાદીઓ પાકિસ્તાન સાથે સંવાદ અને દોસ્તી કરવા માગે છે. સરહદ ઉપર વ્યાપાર શરૂ કરવા માગે છે-જેથી આતંકવાદી ઘૂસણખોરી ખુલ્લેઆમ થાય ! ૩૭૦મી કલમના ભેદભાવ ફરીથી શરૂ કરીને પછાત કાશ્મીરી જાતિઓને અત્યારે અપાયેલા અધિકાર રદ્દ કરવા માગે છે ? કાશ્મીર લેવા જતાં કોંગ્રેસ ભારતમાં સત્તા કદી નહીં મેળવે અને કાશ્મીરી મતદારો અલગતાવાદીઓને વોટ-અથવા સત્તા આપીને ગુલામી મેળવશે. ફરીથી અમનને બદલે આતંક ? હવે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરની ચૂંટણી રાજકારણના કેન્દ્રમાં છે. લોકસભાની ચૂંટણીનાં પરિણામ પછી કેન્દ્રની એનડીએ-મોદી સરકારની સ્થિરતા અને ભવિષ્ય ઉપર વિપક્ષ કોંગ્રેસની નજર છે. હરિયાણા અને જમ્મુ-કાશ્મીર પછી મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હીમાં ચૂંટણી છે. આ રાજ્યોમાં મોદી-ભાજપની કસોટી છે-અને કોંગ્રેસી મોરચા-રાહુલ ગાંધી માટે પણ ભવિષ્યની દિશા નક્કી થશે. આ રાજયોમાં ભાજપ સામે લોકસભાનાં પરિણામ પછી વધુ શક્તિશાળી પ્રાદેશિક પક્ષો ઊભા છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસી મોરચો-સંયુક્ત હતો. એકસાથે હતા જ્યારે હવે હરિયાણામાં કોંગ્રેસ સાથે સીધો મુકાબલો છે અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સામે નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસનો મોરચો છે. મહારાષ્ટ્રમાં ત્રિપુટી મોરચો હોવા છતાં પ્રવાહી સ્થિતિ છે. દિલ્હીમાં ત્રણ પક્ષ મેદાનમાં હશે. આ સંજોગો આવનારા દિવસોમાં કેવા બદલાય-પલટાય છે તે જોવાનું છે. એક વાત નિશ્ચિત છે કે, લોકશાહીના જંગમાં ધર્મ-સંપ્રદાય અને લઘુમતીવાદ મુખ્ય ભાગ ભજવશે. જમ્મુ-કાશ્મીરની ચૂંટણી ઉપર પાકિસ્તાન, ચીન અને અમેરિકાની નજર છે, ત્યારે મોદીને વિશ્વાસ છે કે, આતંકનો વિકલ્પ અમન અને આશાવાદ છે-હોવાનું મતદારો જાણે અને સ્વીકારે છે. કાશ્મીરને અલગ વિશિષ્ટ દરજ્જો-સંવિધાનની ૩૭૦મી કલમ રદ્દ થયા પછી આ ચૂંટણી કેન્દ્ર સરકારના નિર્ણય અને આતંકવિરોધી વિકાસવાદ ઉપર અવિધિસરનો લોકમત બની રહેશે. ફારુક અબદુલ્લા અને મેહબૂબા મુફતી-બંનેએ ૩૭૦મી કલમ ફરીથી લાગુ કરવાનું વચન લોકોને આપ્યું છે, પણ આ કલમનો લાભ માત્ર નેતાઓએ ઊઠાવ્યો છે. પાંચ વર્ષ અગાઉ કેન્દ્ર સરકારે સંવિધાનમાંથી આ કલમ રદબાતલ કરીને કાશ્મીરને ભારતનાં અન્ય રાજ્યો સમાંતર સ્થાન આપ્યું, તે પછી વિધાનસભાની ચૂંટણી વહેલીતકે કરવાની ખાતરી વડાપ્રધાન મોદીએ આપી હતી, તે મુજબ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે આવામ કી ઉમ્મીદેંનો ઉલ્લેખ કરીને ચૂંટણીની તારીખો જાહેર કરી છે. સપ્ટેમ્બરની ૧૮, ૨૫ અને પહેલી ઓક્ટોબરે મતદાન હરિયાણામાં પણ થશે અને ચોથી ઓક્ટોબરે પરિણામ જાહેર થશે. વર્ષ-૨૦૧૪માં વિધાનસભાની છેલ્લી ચૂંટણી થઈ અને ૨૦૧૮માં વિધાનસભાનું વિસર્જન થયું અને પાંચમી ઓગસ્ટે ૨૦૧૯ના સંવિધાનની ૩૭૦મી કલમ રદ્દ કરવામાં આવી. લોકસભાની ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરના મતદારોએ મુક્ત-ચૂંટણી, મતાધિકારની આઝાદી મેળવી. આ પ્રથમ વખત વોટિંગની ટકાવારી ૫૮ થઈ. લોકસભાની પાંચ બેઠકમાંથી નેશનલ કોન્ફરન્સને બે, ભાજપને બે અને પાંચમી બારામુલ્લાની બેઠક આતંકવિરોધી કાયદા હેઠળ જેની સામે કાનૂની કાર્યવાહી ચાલે છે, તે અપક્ષ ઉમેદવાર અબ્દુલ રશીદ શેખ ચૂંટાયા છે ! એમણે નેશનલ કોન્ફરન્સના વાઈસ પ્રેસિડન્ટ ઓમર અબદુલ્લાને હરાવ્યા. પીડીપીનાં મેહબૂબા મુફતી પણ હાર્યા. હવે નેશનલ કોન્ફરન્સના ફારુક અબદુલ્લાએ કોંગ્રેસના રાહુલ ગાંધી સાથે ચૂંટણી સમજૂતી કરી છે અને ૩૭૦મી કલમ ફરીથી દાખલ કરવાનું વચન આપ્યું છે ! મેહબૂબા મુફતી અલગ છે, છતાં આવું જ વચન આપ્યું છે, તેથી હવે ઓમર અબદુલ્લાએ એમને અપીલ કરી છે કે, અલગ ઉમેદવારો ઊભા રાખશો નહીં ! પ્રશ્ન એ છે કે, ફારુક-રાહુલને બહુમતી મળે તો પણ તેઓ ૩૭૦મી કલમ ફરીથી સંવિધાનમાં આમેજ કરી શકે ! આમ કરવા માટે લોકસભામાં પૂર્ણ બહુમતી જોઈએ તેથી ચૂંટણીની રાહ જોવાનું આશ્વાસન અપાય, પણ કાશ્મીરના આ મુદ્દા-વિશિષ્ટ દરજ્જો ભારતના મતદારો સ્વીકારે ખરા ? વાસ્તવમાં કાશ્મીરના મતદારોને આ વચન ઉપર ભરોસો નથી અને કલમ-૩૭૦ ફરીથી લાવવાની માંગ પણ નથી. કેન્દ્ર સરકારે ૨૦૨૦ની આખરમાં જિલ્લા વિકાસ સમિતિઓની મુક્ત ચૂંટણી કરાવી તેમાં યુવા-નવા નેતાઓ આગળ આવ્યા અને લોકોએ નવા ચેહરા અને વિકાસકાર્ય જોયાં છે. આ સાથે જ આતંક ઉપર પ્રહાર અને ઝડપી વિકાસ માટે સરકારી અને ખાનગી મૂડીરોકાણના પરિણામે આશાવાદ વધુ વ્યાપક અને મજબૂત બન્યો છે. ખાનગી મૂડીરોકાણ રૂા. ૭૦૦૦ કરોડથી વધુ છે. પ્રવાસીઓની સંખ્યા ગયા વર્ષે ૨.૧૧ કરોડ હતી. ચૂંટણી-મતદાન માટેનો ઉત્સાહ જોઈને મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું છે કે, લોકોએ બાયકોટ (બહિષ્કાર) અને બૂલેટના સ્થાને બેલેટ મતપત્રકની પસંદગી કરી છે. જમ્મુ-કાશ્મીરના લેફ. ગવર્નર મનોજ સિંહા કહે છે લોકોને શાંતિ, સમૃદ્ધિ અને વિકાસ ખપે છે. સામાજિક સ્તરે કાશ્મીરી મહિલા રાજ્ય બહાર લગ્ન કરે તો પ્રોપર્ટીમાં વારસ-હક્ક ખતમ થતો હતો. હવે ન્યાય મળે છે-પછાત વર્ગો ઘણા લાભથી વંચિત હતા. હવે આરક્ષણના લાભ મળવા લાગ્યા છે. પાકિસ્તાનથી આવેલા આશ્રિતોને પણ મતાધિકાર આપવામાં આવ્યા છે. કાશ્મીરને જોડતા વિમાન, રોડ માર્ગોના વિકાસ માટે ૧.૫ લાખ કરોડની યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. જમ્મુથી શ્રીનગર આવતા આઠ કલાક ઘટીને પાંચ કલાક થયા છે. ૨૫૦ લોકોની વસ્તીવાળાં ગામને પણ પાકા માર્ગોથી જોડવામાં આવ્યા છે. શ્રીનગરમાં અગાઉ ૨૦થી ૨૨ ફ્લાઈટની અવરજવર હતી, તે હવે દૈનિક ૧૪૦ છે ! જમ્મુથી શ્રીનગરની માત્ર છ ફ્લાઈટ હતી. હવે ૪૮ છે ! કાશ્મીરથી કન્યાકુમારી સુધીની રેલવે આ વર્ષે શરૂ થનારી છે. આઝાદી પછી કાશ્મીરમાં ખાનગી મૂડીરોકાણ વર્ષ-૨૦૨૧ સુધીમાં કુલ ૧૪ હજાર કરોડ હતું. હવે નવી ઔદ્યોગિક વિકાસનીતિ જાહેર થયા પછી ૧.૨૫ હજાર કરોડ ઉપર પહોંચ્યું છે. રાજ્યમાં રોજગારી વધી છે. ૨૦૨૩-૨૪ દરમ્યાન ૧.૨૦ હજાર લોકોને નોકરી અને આઠ લાખને સ્વ-રોજગારી મળે છે. નવ લાખ મહિલાને હેન્ડલૂમ-હેન્ડિક્રાફ્ટમાં કૌશલ્ય તાલીમ મળી છે. મુખ્ય પ્રશ્ન આતંકવાદનો છે. પથ્થરબાજી બંધ થઈ છે. આતંકવાદી-ઘૂસણખોરી હવે જમ્મુના વિસ્તારોમાં થાય છે. પાકિસ્તાન ચૂંટણી ખોરવી નાખવા માગે છે, પણ આપણા સુરક્ષા દળો સજ્જ અને સાવધાન છે. આઝાદી પછી કાશ્મીરમાં માત્ર ત્રણ વખત મુક્ત ચૂંટણી થઈ છે, જેમાં મતદારોએ દબાણ-ભયમુક્ત મતદાન કરી શક્યા છે. ૧૯૭૦માં મોરારજી દેસાઈ વડાપ્રધાન હતા ત્યારે શેખ અબદુલ્લા નવમી જુલાઈએ મુખ્યપ્રધાન બન્યા હતા. આ પછી અટલબિહારી વાજપેયીજી વડાપ્રધાન હતા, ત્યારે ૨૦૦૨માં અને ત્રીજી વખત-૨૦૧૪માં નરેન્દ્ર મોદીના શાસનમાં હવે ૨૦૨૪માં ફરીથી કાશ્મીર સાથે કાશ્મીરી મતદારો મરજી મુજબ મતાધિકાર ભોગવશે. ૧૯૮૦માં આતંક અને અલગતાવાદ વ્યાપક બન્યા પછી ૧૯૯૬માં વિધાનસભાની ચૂંટણી વખતે ભારતીય સશત્ર દળોમાં લેફ. જનરલ એસ. પદ્મનાભને ચૂંટણીપંચના અધિકારીઓ અને મતદારોને રક્ષણ આપીને નિષ્પક્ષ-મુક્ત ચૂંટણી સફળ બનાવી. આ પહેલાં ૧૯૮૭ની ચૂંટણી ગુલામીમાં હતી. ૧૯૯૬માં વાજપેયીજીએ ચૂંટણીપંચને છૂટો હાથ આપ્યો. ફારુક અબદુલ્લાએ અગાઉ લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો, પણ વડાપ્રધાને કાશ્મીરને શક્ય તેટલી સ્વાયત્તતા આપવાની ખાતરી આપ્યા પછી ફારુક ચૂંટણીમાં જોડાયા અને મુખ્યપ્રધાન બન્યા.


# પેન્શન : આર્થિક - માનસિક નિશ્ચિંતતા

**ખેડૂતોના આ દેશમાં ઘરડા થયેલા ગાય કે બળદને વ્યવસ્થિત સાચવવાની જવાબદારી ખેડૂતની જ છે તો નોકરી કર્યા પછી ઘડપણને નિશ્ચિત બનાવવાની જવાબદારી કોની હોઈ શકે ? માત્ર શિવાજી અને રાણા પ્રતાપની મૂર્તિઓને પુષ્પમાળા અર્પણ કરવી કે પ્રજાની સુખાકારી માટેનાં તેમના સિદ્ધાંતોને અનુસરવા ?**

મનનમ્



યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી



योगक्षेमं वहाम्यहम् । અર્થાત્ જે અનન્યનિષ્ઠ થઈને જે મને ભજે છે તેના યોગક્ષેમનું હું વહન કરું છું, એવું શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે. એલ.આઈ.સીએ પણ શ્રીમદ્ભગવદ્ગીતાના એ શ્લોકને જ પોતાના ધ્યેયવાક્ય તરીકે સ્વીકાર્યું છે. ગીતામાં ભગવાને કહ્યા મુજબ જે વ્યક્તિએ જેની સેવામાં સમગ્ર જીવન વિતાવ્યું હોય તેના ભવિષ્યની સલામતી વ્યવસ્થા કરવી એ સેવા કરાવનારની જવાબદારી છે. આથી જ પ્રત્યેક વ્યક્તિની આવતીકાલને વ્યવસ્થિત કરવા માટેની અપેક્ષા નોકરીદાતા ઉપર હોય છે. જોકે 'ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું? તેમ છતાં પણ દરેક વ્યક્તિને ભવિષ્યને સુરક્ષિત કરવાની અભિલાષા હોય છે.

પ્રત્યેક ક્ષેત્રમાં કામ કરનાર વ્યક્તિએ એક સમયમર્યાદા પૂર્ણ થતા તે કામમાંથી નિવૃત્તિ લેવી જ પડે છે. નિવૃત્તિ પછીનાં સમયમાં એનો જીવનનિર્વાહ સારી રીતે થઈ શકે તે માટેની નિશ્ચિંતતાની પ્રત્યેકને ચિંતા હોય છે. વળી, સાંપ્રત સમયમાં જ્યારે ખૂબ ઝડપથી મૂલ્યોનું પતન થઈ રહ્યું છે ત્યારે આર્થિક સદ્ધરતા પ્રત્યેક વ્યક્તિને માટે આવશ્યક બની છે. ઢળતી ઉંમરમાં જો કુટુંબ કે સ્વજનો કદાચ સેવા ન કરે તો આર્થિક સદ્ધર વ્યક્તિ સેવાના બદલામાં મૂલ્ય ચૂકવીને પણ જીવનનાં અંતિમ વર્ષોને સમાધાન સાથે વિતાવી શકે. તે માટે આર્થિક સદ્ધરતા આવશ્યક હોય છે. પેન્શન એ પાછલી ઉંમરે આર્થિક સદ્ધર થવા માટેનું સૌથી મોટું આશ્વાસન છે. આથી જ પ્રત્યેક કર્મચારી (પછી તે સરકારી કે જાહેર ક્ષેત્રમાં કે ખાનગી ક્ષેત્રમાં કામ કરતી હોય) ની પાછલી ઉંમરનું યોગ્ય નિર્વાહન જવાબદારી તે વ્યક્તિને કામ આપનારની જ થઈ જાય છે. કારણ કે કર્મચારી જ્યારે જે તે સંસ્થા કે સરકારની સેવા માટે પોતાનાં જીવનનાં સુવર્ણમય વર્ષો વિતાવે છે ત્યારે તેનાં નિવૃત્તિના સમયગાળાને નિશ્ચિત બનાવવું એ જવાબદારી નોકરીદાતાની બને કે નહીં ? વિશ્વના મોટેભાગના દેશોમાં વૃદ્ધો કે વડીલોને સાચવવાની જવાબદારી શાસકપક્ષ નિભાવે છે. કેનેડા કે ન્યૂઝીલેન્ડ જેવા દેશોના લોકોની સાથે થયેલી પ્રત્યક્ષ વાતચીતને આધારે એવું કહી શકાય કે ત્યાંના વડીલોને ઢળતી ઉંમરમાં સાચવવાની સંપૂર્ણ જવાબદારી ત્યાંની સરકાર ઉપાડે છે. જોકે સરકાર આ જવાબદારી ઉપાડે તે માટે તે પ્રજા પાસેથી જરૂરિયાત મુજબનો ટેક્સ પણ વસુલે છે.

આપણે ત્યાંની વાત કરીએ તો આપણે ત્યાં આ જવાબદારી મોટેભાગે દીકરાની હોય છે. દીકરાઓ માતાપિતાને સાચવે જ છે પણ ક્યારેક દીકરાની આર્થિક પરિસ્થિતિ બરાબર ન હોય તો ઢળતી ઉંમરના વડીલોને ફરી નોકરી કરતા જોઈએ છીએ અને યોગ્ય આર્થિક નિશ્ચિંતતાને કારણે ઘડપણને માણતા વડીલોને પણ જોઈએ છીએ. આથી હાલમાં પેન્શન માટેનો જે મુદ્દો સમગ્ર ભારતમાં ગુંજી રહ્યો છે તે ખરેખર તો પૈસા માટેનો નહીં પણ માનસિક નિશ્ચિંતતા માટેનો છે. કારણ કે પેન્શન માટેનું આંદોલન કરનારને પણ એની આવતીકાલ ખબર નથી છતાં પણ માનસિક નિશ્ચિંતતાને માટે આ આંદોલનો થઈ રહ્યા છે. તેથી આ આંદોલનો ક્યાંય ખોટા છે એવું લાગે છે ખરું ?

ખેડૂતોના આ દેશમાં ઘરડા થયેલા ગાય કે બળદને વ્યવસ્થિત સાચવવાની જવાબદારી ખેડૂતની જ છે તો નોકરી કર્યા પછી ઘડપણને નિશ્ચિત બનાવવાની જવાબદારી શાસક પક્ષની ન હોઈ શકે ? શિવાજી અને રાણા પ્રતાપની મૂર્તિઓને પુષ્પમાળા અર્પણ કરીને પ્રજાની સુખાકારી માટેના તેમના સિદ્ધાંતોને અનુસરવા એ શાસકપક્ષ માટે આવશ્યક નથી કે? પ્રત્યેક શાસક પક્ષની સામે પ્રજાએ આંદોલનનો કરવા પડે છે, એનો અર્થ આપણે પૂર્વજોના સિદ્ધાંતોને ભૂલી રહ્યા છીએ. રાજા અને પ્રજામાં ભેદ ઊભો કરી રહ્યા છીએ. તેથી જ તો ઓપીએસ, એનપીએસ અને યુપીએસ જેવી સમસ્યાઓ ઊભી રહી છે. ચેટ જીપીટીના આ જમાનામાં જ્યારે સાંસદ સભ્ય અને ધારાસભ્યોની પેન્શન વિશેની માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો તો જાણવા મળ્યું કે "MPs માટેની પેન્શન વધુ નક્કી હોય છે, જ્યારે MLAs માટેની પેન્શન રાજ્ય પર આધાર રાખે છે. જોકે બંનેને તબીબી, મુસાફરી અને અન્ય સુવિધાઓ મળતી હોય છે, પણ MPsના લાભો વધુ હોય છે. ધારાસભ્યો અને સંસદ સભ્યોના પેન્શન તેમના દેશને આપી રહેલી સેવાઓનું માન્યતાપત્ર છે અને આ પેન્શન તેમની નિવૃત્તિ પછીની જિંદગીમાં આર્થિક સુરક્ષા પ્રદાન કરે છે. આમ સંસદસભ્ય અને ધારાસભ્યોને સેવાના બદલામાં નિવૃત્તિ પછી જિંદગીભર આર્થિક સુરક્ષા આપવામાં આવે છે. હવે વિચારવાની વાત તો એ છે કે સેવકને આર્થિક સુરક્ષાની શું આવશ્યકતા? રવિશંકર મહારાજ ગુજરાતના મુક સેવક કહેવાય છે, શું એમણે કરેલી સેવા કોઈક પેન્શનની અપેક્ષાથી હતી? મહાત્મા જ્યોતિબા ફૂલે મહારાષ્ટ્રના મોટા સમાજ સેવક છે, શું એમણે પોતાની સેવાના બદલામાં પેન્શન લીધી હતી ! સેવકોને માટે સેવા જ પરમ ધર્મ હોય છે. એમને આર્થિક સદ્ધરતાની અપેક્ષા સુદ્ધા હોતી નથી પણ આજે પરિસ્થિતિ બદલાઈ છે એટલે જ સેવકોના પેન્શન માટે કોઈ ટેન્શન નથી અને કર્મચારીઓનું પેન્શન આર્થિક ભારણ લાગે છે ને?

# તો એ દોગલાઈ નહીં ચાલે

**આપણે 'માલ' કે 'આઈટમ' પણ કહેવું છે અને બળાત્કારના વિરોધમાં રસ્તાઓ પર પણ ઉતરવું છે !?**



સિક્રેટ ડાયરી



અંકિત દેસાઇ,
ટુકવાડા

આપણો સમાજ દોગલાઈનો દરિયો છે. સમાજ તરીકે આપણે એટલા દુષ્ટ અને નિંભર છીએ કે આપણે ઉત્પીડનની અત્યંત ગંભીર ઘટનાઓને પણ રાજકીય દૃષ્ટિકોણથી જ મુલવીએ છીએ. આપણે મણિપુરની મહિલાઓ બાબતે અત્યંત સિફતપૂર્વક ચૂપ રહી શકીએ છીએ અથવા તો બિલ્કીશબાનોમાં આંખ આડા કાન કરી શકીએ છીએ. વળી, આપણી નિંભરતા માત્ર રાજકીય જ નથી, પરંતુ આપણે સામાજિક-આર્થિક બેકગ્રાઉન્ડની દૃષ્ટિએ પણ આપણી સીમિત સંવેદનશીલતાનો ઉપયોગ કરીએ છીએ. નહીંતર નિર્ભયા કે કોલકાતા કે હૈદરાબાદ કેસમાં આપણે જે રીતે ઉકળી ઉઠીએ છીએ અને દેખાવો કરીએ છીએ એવા દેખાવો શહેરોમાં રોજ થતાં મજૂરની દીકરીઓ સાથે બળાત્કારોમાં નથી કરતા. કારણ કે કદાચ એ કેસ હાઈપ્રોફાઈલ નથી હોતો !

એટલે જ ઘણીવાર મને બળાત્કારના કિસ્સાઓ વખતે જે આંદોલનો થાય છે એ આંદોલનો દેખાવો કરતા દેખાડો વધુ લાગતા હોય છે અને આંદોલન કરનારાઓ આપણે છીએ કોણ? એ જ લોકો, જેઓ ઈન્ટાગ્રામની રિલ્સમાં સ્ત્રી પર થતી ભદ્દી મજાકોને એકબીજાને શેર કરતા રહેતા હોઈએ છીએ? આપણે છીએ કોણ? જેઓ છોકરીઓને માલ, આઈટલ કે ટોટા શબ્દો વાપરીએ છીએ અને એકબીજાને તાળીઓ આપીએ છીએ? કે પછી એ લોકો જેઓ આમ સ્ત્રી સ્વાતંત્ર્યતાની વાતો કરીએ છીએ, પરંતુ જો સ્ત્રી સહેજ ટૂંકા કપડાં પહેરીને નીકળી હોય તો એને ધારીધારીને જોઈ લઈએ છીએ અને તો તેને એવી રીતે જોઈએ છીએ કે આપણી નજરો જ તેને માટે કેદખાનું થઈ જાય છે !

સી, આ મુદ્દો દેખાવો નથી. દેખાવો તો આપણે સદીઓથી કરતા આવીએ છીએ. પરંતુ શું સ્ત્રીઓ પરના અત્યાચારોમાં કોઈ ફરક પડ્યો છે? પાછલા વર્ષોમાં તો એજ્યુકેશન પણ અત્યંત આવ્યું, પરંતુ આયર્ની એ છે કે કોલકાતામાં જે ભણી છે એ તો ભોગ બની જ છે, પરંતુ તેના પર જેમણે અત્યાચાર કર્યા છે એ પણ ભણેલા છે ! તો એનો અર્થ તો એ થયો કે આપણી શિક્ષણવ્યવસ્થાને પણ સ્ત્રીઓ પર થતાં અત્યાચારો સાથે નિસ્બત નથી. તો પછી આ બાબતે નિસ્બત શેને છે? તો એનો એક જ જવાબ છે કે આ ગંભીર સમસ્યાને નિસ્બત છે ઉછેર સાથે. કારણ કે યોગ્ય ઉછેર જ સ્વસ્થ સમાજ વ્યવસ્થા ઘડી શકે છે. બાકી શિક્ષણની તો આમાં કોઈ તાકાત નથી એ આપણે જોઈ લીધું !

એટલે આપણે જ આપણા દીકરાઓને શીખવવું પડશે કે સ્ત્રીઓ કે છોકરીઓ કોઈ વસ્તુ નથી કે આપણે તેમને માલ કહીએ કે આઈટમ કહીએ. આપણે આપણા પતિઓને, પિતાઓને કે ભાઈઓને પણ રોકવા પડશે કે તમે સ્ત્રીઓને કે પત્નીને લઈને ભદ્દી મજાકો નહીં કરો. તેમજ આપણો દીકરોને જ્યારે પણ રડવા બેસે અથવા તો એ કોઈક ફરિયાદો કરે ત્યારે તેને એમ કહેવાનું ટાળવું પડશે કે 'આ શું છોકરીઓની જેમ રડવા બેઠો?' કારણ કે આવું કહીએ ત્યારે તેના મનમાં એક ભેદભાવ ઊભો થઈ જાય છે કે જે નબળા હોય એ રડે! અને છોકરીઓ નબળી છે એટલે જ મારા પેરેન્ટ્સ મને કહે છે કે છોકરીઓ જેવું રડવાનું બંધ કર એમ!

સાથે જ આપણે આ મુદ્દે આપણી સંવેદનાઓને પણ સાર્વત્રિક કરવી પડશે. આપણે સમજવું પડશે કે ઉત્પીડન એટલે ઉત્પીડન. એને કોઈ પણ સંજોગોમાં રાજકીય કે સામાજિક કે આર્થિક કારણોથી વિભાજિત નહીં કરી શકાય. કારણ કે આપણે જ્યારે આપણી રાજકીય વિચારધારાને કારણે અથવા આર્થિક બેકગ્રાઉન્ડના આધારે મહિલાઓના ઉત્પીડન વખતે ચૂપ રહીએ છીએ ત્યારે પણ આપણે સમાજમાં એક ચોક્કસ વર્ગને છૂટો દોર આપીએ છીએ કે આવું તો કરી શકાય ! બાકી, કાયદાઓ તો આપણે બહુ લાગુ કર્યા અને સુરક્ષાના નામે નિયમો પણ બહુ બનાવ્યા. પરંતુ પુરુષની અંદરની હેવાનિયતને હવા મળતી જ રહી છે. એમાં કોઈ જ ફરક નથી પડ્યો. જેનું કારણ માત્ર એટલું જ છે કે સમાજ તરીકે ઉત્પીડન બાબતે આપણ કાટલાં જૂદા જૂદા છે.

Monday 02, September 2024

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913


# ધરમપુરના મોહનાકાવચાળીમા સ્મશાનના પાકા મકાનમાં સગડી અભાવ

## અંતિમ ક્રિયા ખુલ્લામાં કરવા પડે અને ભારે વરસાદના સમયે પેટ્રોલ ડીઝલનો ઉપયોગ કરવો પડે છે



### સગડી બાબતે અનેક વખત મૌખિક રજૂઆત કરવા છતાં પાકા મકાનમાં સગડી ન મુકાતા તંત્રની બેદરકારી સામે આવી

(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં સ્મશાનભૂમિના મકાનમાં સગડીના અભાવે એક મહિલાની અંતિમક્રિયા ખુલ્લામાં કરાઈ હતી. વરસતા વરસાદમાં અંતિમક્રિયા કરવામાં ગ્રામજનોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. મોહનાકાવચાળીના યુવા સામાજીક કાર્યકર્તા દેવુ મોકાસીએ ટેલિફોનિક સંપર્કમાં જણાવ્યું હતું કે ગામના ઉંબરમાળ ફળીયામાં રહેતા તેમની મોટી મમ્મીનું સવારે નવ વાગ્યે નિધન થયું હતું. ગામના પટેલ ફળીયામાં બનેલા સ્મશાનભૂમિના મકાનમાં સગડી નહીં હોવાથી ખુલ્લામાં તેણીની અંતિમક્રિયા કરવી પડી હતી. ચાલુ વરસાદે અંતિમક્રિયા સમયે ભારે હાલાકી પડી હતી. આશરે ચાર કલાક થી વધુ સમય અંતિમક્રિયામાં થયો હોવાની માહિતી મળી હતી. વધુમાં દેવુ મોકાસીએ જણાવ્યું હતું કે મોહનાકાવચાળીના ત્રણ ફળીયાને ઉપયોગી પટેલ ફળીયાની આ સ્મશાનભૂમિના બનેલા મકાનમાં સગડી હજુ સુધી મુકાઈ ન હોવાથી ખુલ્લામાં અંતિમક્રિયા કરવી પડતી હોય છે. મકાન બની ગયું હોવાથી મકાનમાં બનતી ત્વરાએ સગડી મુકવામાં આવે તેમજ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા બોર થાય એવી માંગ યુવા સામાજીક કાર્યકર દેવુ મોકાસી સહીત ગ્રામજનોએ કરી છે.

# કપરાડાના કેતકી ઉમલી કાસ્ટોનિયા ગામોમાં પાકા સ્મશાનનો અભાવ

## ત્રણ કિલોમીટર જેટલું પગદંડી અંતર કાપી ગ્રામજનોએ ખુલ્લામાં અંતિમ સંસ્કાર કરવો પડે છે

(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ગ્રુપ ગ્રામ પંચાયત કેતકી ઉમલી અને કાસ્ટોનીયા ત્રણ ગામનો સમાવેશ થાય છે. શનિવારે આ વિસ્તારમા એક વ્યક્તિનું નિધન થયું હતું. જેના અંતિમ સંસ્કાર કરવા ગ્રામજનોને કેતકી મુખ્ય રસ્તાથી ખોરી ફળિયા થઈને સ્મશાન ભૂમિ તરફ જતા આશરે ત્રણેક કિ,મી પાકો રસ્તો ન હોવાથી અંતિમ યાત્રા સમયે પગ રસ્તે જંગલ ઝાડી અને કોતરો પાણી વચ્ચેથી લઈ જવા મજબુર બન્યા હતા. તે ઉપરાંત આ વિસ્તારમાં અત્યાર સુધી સ્મશાન ભૂમિ નું પાકું મકાન પણ ન બનાવવામાં આવતા અહીંના લોકોને ગામમાં કોઈ મૃત્યુ પામે ત્યારે ખુલ્લા આકાશ નીચે અંતિમ સંસ્કાર કરવા મજબૂર બનતા હોય છે.

ઉપરોક્ત સમસ્યા બાબતે સ્થાનિક ધારાસભ્ય તેમજ લાગતા વળગતા તંત્ર આ વિસ્તારમા પાકુ સ્મશાન તેમજ રસ્તાનું કામ વહેલી તકે પૂર્ણ કરે એવી માંગ ઉઠવા પામી છે.

## માર્ગ મકાન અને નાની સિંચાઈ વિભાગના અંધેર વહીવટના પાપે

# કપરાડા તાલુકામાં પ્રતિ ચોમાસામા કરોડોના રસ્તાઓ અને ચેકડેમ કમ કોઝવે ધોવાય !



કપરાડા તાલુકામાં પ્રતિ વર્ષ લાખો કરોડો ના ખર્ચે હાઈવે ઉપરાંતના અન્ય માર્ગ મકામ વિભાગના નેજા હેઠળ બનતા. ડામર રસ્તાઓના નવ નિર્માણ કાર્ય મા કોન્ટ્રાકટરો દ્વારા વધુ બચત કરવાનાં લ્હાય મા એસ્ટીમેન્ટ પ્રમાણે કામ કરતા નથી જે ના કારણે એક બે વર્ષમાં રસ્તાઓ પર ખાડાઓ નું સામ્રાજ્ય સ્થાપિત થાય છે. રસ્તાઓ મા ગુણવતા જળવાય છે કે નહીં જે અંગેની સંપૂર્ણ જવાબદારી માર્ગ મકાન અને સ્થાનિક તાલુકા પંચાયતના બાંધકામ વિભાગ ના એસ. ઓની હોય છે. પરંતુ જબદાર તંત્ર કામ ચાલતું હોય ત્યારે માત્ર એક બે વખત કદાચ ઓપચારિક રીતે જઈ કામ બરાબર હોવાનો ઢોંગ કરી માત્ર ઓફિસો મા બેસી કામ અંગે ની મસ મોટી રકમો કોન્ટ્રાકટરોને ચૂકવવા મા આવતી હોવાનું હાલે ખાડાઓ અને રસ્તાઓ પરના ડામર ગાયબ પુરવાર કરી આપે છે.

ઉલ્લેખનીય છે. છેલ્લા બે - ત્રણ વર્ષ મા કપરાડા તાલુકા મા કરોડો રૂપિયા સરકારે રસ્તાઓ માટે ખર્ચ કર્યા છે. જે વિકાસ અને લોકો માટે સુવિધા ઉભી થાય પરંતુ બે - ત્રણ વર્ષે બનેલા ડામર રસ્તાઓ ની હાલત શુ છે. તે સંબંધિત અધિકારીઓ કે કોન્ટ્રાકટરો ને જોવાનું ફુરસદ ખરી? લોકો માટે કરોડો ખર્ચાયેલા હોવા છતાં સુવિધા માત્ર માંડ ચાર પાંચ મહિના જ મળે છે. બાકી એક ચોમાસુ આવે એટલે રસ્તાઓ પર થી ડામર જ ગાયબ થવા માંડે છે. જે થી લોકોની સમસ્યા ઠેર ની ઠેર રહે છે. જે અને જાગૃત નાગરિકોની અનેકોનેક વારની રજુઆતો છતા કોઈ અધિકારીઓ તપાસ સુધા કરતા નથી એ કપરાડા તાલુકાની જનતાની કમનસીબી હોવાનું ચોક્કસ કહી



**કપરાડાનો પત્ર**
જગદીશ ભોયા, કપરાડા

શકાય છે. ઉલ્લેકનીય છે કે કપરાડા તાલુકામાં માર્ગ અને મકાન અને સિંચાઈ વિભાગ દ્વારા દર વર્ષે ડામર રસ્તાઓ અને કોઝવે કમ ચેકડેમો માટે કરોડો ખર્ચાય છે પરંતુ પરંતુ એક બે વર્ષ મા રસ્તાઓ અને કોઝવે કમ ચેકડેમનું હાલત કેવી જર્જરિત બની જાય છે. હાલ કપરાડા તાલુકામાં નિર્માણ પામેલા મોટાભાગના રસ્તાઓ પર માસ મોટા ખાડાઓ પડી બિસ્માર બન્યા છે. શું કોઈ જવાદાર તંત્રની કોઈ જવાબદારી નથી? કોન્ટ્રાકટરો દ્વારા રસ્તાઓ બનાવવા માટે ઉતારેલી વેઠનું પરિણામ લોકો એ ભોગવવું પડે છે અને સરકાર દ્વારા ફાળવેલા કરોડો રૂપિયાના રસ્તાઓ કે અન્ય બાંધકામ માટે ના માત્ર એક બે વર્ષ પૂરતા જ ઉપયોગ માટે હોય છે જેવા અનેક પ્રશ્નો લોકો મા ઉઠી રહ્યા છે.

કપરાડા તાલુકો વર્ષો થી સરકારના વિવિધ વિકાસના કામો મા ભાષ્ટાચાર થઈ રહ્યો હોવાની લોકો મા બુમરાણો અને ફરિયાદો થતી આવી છે. પરંતુ એક પણ કોન્ટેક્ટરને વિવિધ પ્રકારના સરકારી કામો મા ગેરરીતિ થઇ હોવાનો કેશ બન્યો નથી. એ પુરવાર કરી આપડે છે. કે વાડ ચીભડાં ગાળે તો ફરિયાદ કોણે કરવી જેવી પરિસ્થિતિનું નિર્માણ કપરાડા તાલુકા થઇ રહ્યું હોવાનું જાણવા મળે છે.

કપરાડા તાલુકા મા વિવિધ વિકાસના કામોમા કોન્ટ્રાકટરો અને સંબંધિત તંત્રના મેળાપીપણા વચ્ચે જ ભસ્ટાચાર આચારાતો હોવાની ફરિયાદોને કોઈ ઉચ્ચ જવાબદાર તંત્ર પણ રસ દાખવતું નથી. હોવાનું જાણવા મળે છે. હાલે પડી રહેલો વરસાદે તો કોન્ટ્રાકટરો અને તંત્રની એટલી હદે પોલ ખોલી નાખી છે. કે નરી આંખે સ્પષ્ટ જોઈ શકાય છે. છતા કોન્ટ્રાકટરો સામે લાલ આંખ બતાવતું નથી અને વધુ વરસાદ હોવા થી રસ્તાઓ કે કોઝવે કે ચેકડેમો ધોવાયા હોવાનું ઓફિસોમાં બેસી માત્ર અનુમાનો કરી ભષ્ટાચારો પડદો નાખી પૂર્ણવિરામ કરી દે છે. એ કપરાડા તાલુકા ની જનતા ની કમનસીબી છે. જે અંગે લોકો મા પ્રશ્ન ન ઉદ્દભવે છે કે, આ તો હદ કહેવાય? આ ક્યાં સુધી? જેવા પ્રશ્નોના જવાબ શોધવા હવે સંવેદના ટિમ રેડ જેવી સ્થિતિનું નિર્માણ ચોક્સ થશે તેમ દેખાય રહ્યું છે.

## બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત

# ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં દીકરી વધામણા કીટ વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** મહીલા અને બાળ અધિકારીની કચેરી, વલસાડ દ્વારા મિશન શક્તિ ૧૦૦ દિવસની વિશેષ એનરોલમેન્ટ ડ્રાઇવ અંતર્ગત *week 11 ઉજવણી દરમિયાન સ્ટેટ હોસ્પિટલ ધરમપુર ખાતે બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત નવજાત જન્મેલ દીકરીઓ માટે દીકરી વધામણા કીટ વિતરણ કરવામાં આવ્યું. અને વ્હાલી દીકરી યોજના વિશે માહિતી આપવામાં આવી અને કીટ સાથે આપેલ ફોમને કેવી રીતે ભરવું ક્યાં ભરવું તેની સંપૂર્ણ માહિતી વિગત વાર સમજવામાં આવી. ઉપરોક્ત કાર્યકર્મમાં ડૉ. મનીષભાઈ પટેલ (માસ્ટર ઑફ સર્જન, સ્ટેટ હોસ્પિટલ) ડૉ. હેમંતભાઈ પટેલ, (સાંઈનાથ મલ્ટી સ્પેસિયાલીસ્ટ હોસ્પિટલ-ધરમપુર), મનીષાબેન પટેલ, (ગાયનેક વિભાગ હેડ નર્સ, સ્ટેટ હોસ્પિટલ) જીજ્ઞેશ પટેલ (ડીસ્ટ્રિક્ટ મિશન કોર્ડીનેટર - DHEW) તેમજ અન્ય સ્ટાફ નર્સ બહેનો પણ હાજર રહ્યાં હતાં.

# કાકડમટી પ્રા. શાળામાં વિવિધ કિતનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** વલસાડ તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં આવેલી શાળાઓમાં ઉર્વશી ફાઉન્ડેશન દ્વારા અલગ અલગ વેરાયટીમાં કીતનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અંતરિયાળ ગામડામાં આવેલી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ઘણાની આર્થિક પરિસ્થિતિ નબળી હોય છે. કાકડમટી શાળાના ઉત્સાહી અને કર્તવ્યનિષ્ઠ શિક્ષક દિગ્વિજયસિંહ રમણલાલ ઠાકોરના પ્રયત્ન થકી સામાજિક સંસ્થા ઉર્વશી ફાઉન્ડેશન દ્વારા બાલવાટિકા તથા ધો. ૧થી ૮ ના ૨૧૮ વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારની કીટ જેવી કે સ્કૂલબેગ, વોટરબેગ, છત્રી, નોટબુક, ડ્રોઈંગબુક, કલર, વાંચનબુક, નંબરબુક, રમતના સાધનો તથા પ્રવુતિઓ કરવા માટે એમ એસ પેપર, ક્રાફટ પેપર અને ફેવિકોલ જેવી અલગ અલગ કીતનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય હિરલબેન પટેલ વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર તરફથી ઉર્વશી ફાઉન્ડેશનનો અને સાથે શાળાના શિક્ષક દિગ્વિજયસિંહનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધરમપુરમાં સદસ્યતા અભિયાન-૨૦૨૪ કાર્યશાળા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુર ખાતે ખાતે જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં તેમજ ધારાસભ્ય અરવિંદભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સદસ્યતા અભિયાન- ૨૦૨૪ ની કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ધરમપુર તાલુકા પ્રમુખ કેતનભાઈ વાઢુ, શહેર પ્રમુખ પ્રણવભાઈ શિંદે, તાલુકા પંચાયત પ્રમુખ પિયુષભાઈ માહલા, સદસ્યતા અભિયાનના તાલુકાના સંયોજક સતિષભાઈ બારીયા, સહસાયોજક વિમલ પટેલ, અપેક્ષાબેન, નરેશભાઈ પટેલ, ઉમાબેન ભોયા શહેર મહામંત્રી ભરતભાઈ પટેલ, મહેશભાઈ ગાયકવાડ, તાલુકા મહામંત્રી અક્ષયભાઈ પટેલ અને મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના પદાધિકારી અને કાર્યકર્તા હાજર રહ્યા હતાં.

# ધરમપુરના માલનપાડાની મોડલ સ્કૂલમાં ફાયર સેફટી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા.૦૧ :** ધરમપુરની મોડેલ સ્કૂલ માલનપાડામાં ધરમપુર નગરપાલિકા સંચાલિત ફાયર સેફટી વિભાગ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંતર્ગત વિદ્યાર્થી અને શિક્ષકોને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફાયર વિભાગમાંથી પ્રતિકભાઈએ આગ લાગવાના કારણો, આગ ન લાગે તે માટે સાવચેતીના પગલાં અને આગ લાગવાના કિસ્સામાં લેવાના પગલા, CPR કેવી રીતે આપવો, વિવિધ પ્રકારના સાધનોની નામ સાથે સમજૂતી વગેરે વિશે પ્રેકટીકલ અને થીયરી બંને રીતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રત્યક્ષ જ્ઞાન માટે શિક્ષકો અને બાળકોએ જાતે ફાયર સેફટીની બોટલ દ્વારા આગ બુઝાવી હતી.

આ કાર્યક્રમમાં શાળાના ૨૦૪ બાળકો અને ૧૪ સ્ટાફ મિત્રો હાજર રહી માર્ગદર્શનનો લાભ લીધો હતો. શાળા પરિવારે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર
ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com


# કપરાડાના માર્ગો પર દર ચોમાસે ચોક્કસ સ્થળે સર્જાતા ખાડાઓ માટે કોઈ ચોક્કસ આયોજન ખરું?

કપરાડા તાલુકાના રસ્તા ઉપર દર ચોમાસે ખાડાઓ સર્જાય છે અને તે પણ જે તે રસ્તા પર ચોક્કસ જગ્યાએ જ દર વર્ષે સર્જાય છે. તો શું આમ સર્જાતા ખાડાઓના નિરાકરણ માટે વહીવટી તંત્ર દ્વારા કોઈ ચોક્કસ અમલવારી આયોજન હાથ કેમ ધરવામાં આવતું નથી?

જે તે માર્ગ પર દર ચોમાસે ચોક્કસ જગ્યાએ ખાડા સર્જાય છે અને સર્જાય જ છે. ચોમાસુ પૂર્ણ થાય અને રીપેર કરવામાં આવે છે. ત્યારે આપણને અણસાર પણ આવતો નથી. પરંતુ કાયમી અને નિયમિત વહનચાલકો કે રાહદારીઓ તેમજ આજુબાજુના લોકોને ખબર જ હોય છે કે ચોમાસામાં અહીંયા ખાડાઓ સર્જાય છે અને ભર ઉનાળાના દિવસોમાં પણ તેઓ જણાવી શકે છે કે અહીંયા ચોમાસામાં ખાડાઓ સર્જાશે અને આ ઘટના ચોમાસાના શરૂઆતના દિવસોથી શરૂ થઈ જવા પામે છે. રીપેર કરેલ ડામર ઉલેચાઈ જાય છે, મેટલ ફંગોળાઈ જાય છે અને ગત ચોમાસામાં જે સ્થિતિ સર્જાઇ હોય એ જ સ્થિતિ આ વર્ષે કે દર વર્ષે સર્જાવા જવા પામે છે. પરંતુ આજ દિન સુધી જેનો કોઈ ઉકેલ નથી. માત્ર ને માત્ર રિપેર કરો, ચોમાસામાં ખાડા પૂરો. ચોમાસુ આવતા ખાડાઓ જ ખાડા એનું એ જ, એકનું એક પુનરાવર્તન થતું રહે છે પણ ઉકેલ કોઈ નથી?

ચોમાસુ આવતા દર વર્ષે જે તે ચોક્કસ સ્થળે સર્જાતા ખાડાઓ તરફ એક નજર કરીએ તો જેમ કે નાનાપોંઢાથી વાપી માર્ગ તરફ જતા નાનાપોઢા બિરસા મુંડા સર્કલ અને ત્યાંથી છેક સવેરા હોટલ સુધી, આગળ વધતા હાટબજાર સમિતિ, કોલક નદીના પુલ પર , બાલચોઢી ચાર રસ્તાથી આગળ વાજવડ અને બાલચોઢીથી સરહદ પર ખનકીના પુલના આગળ પાછળ, કાકડકોપર વોલ પ્લાસ્ટ કંપની અને વિમલ કંપની સુધી, કાકડકોપર પેટ્રોલ પંપ, મોટાપોઢા નહેરના પુલ પાસેથી પેટ્રોલ પંપ સુધી, મોટાપોઢા ત્રણ રસ્તા, મોટાપોઢા બરંબેડા પદ્માવતી કંપનીથી દહેગામ સુધી અને દેગામ રાતા ખાડીના પુલથી શરૂ કરી તંબાડી સુધી. દર ચોમાસે ખાડાઓ સર્જાય છે. નાનાપોઢા કપરાડા તરફ જતા પોલીસ સ્ટેશનથી સીએચસી દવાખાના સુધી, લાકડાના ડેપોથી આગળ ખનકીના પુલ પર, જોગવેલ તળાવ ફળિયા પ્રાથમિક શાળા પાસે અને જોગવેલ ત્રણ રસ્તા પર ખાડાઓ સર્જાય છે. જ્યારે નાનાપોઢા ધરમપુર તરફ જતા વડખંભા હેક્સ કંપનીથી આગળ વડખંભા પાર નદીના પુલપરથી જૂની ગોલ્ડન હોટલ સુધી,વહીયાળ ફાટક કુરગામ ફાટક થી ફૂલવાડી ફાટક સુધી, લાકડમાળ મંદિરથી છેક બારોલીયા ફાટક, માલનપાડા બાયપાસ વાસદા માર્ગ સુધી અત્યંત ખાડાઓ સર્જાય છે. અને વડખંભા પાર નદીથી કપરાડા નાસિક માર્ગ પર પાર નદીના પુલથી પાનસ વનઔષધી કેન્દ્ર સુધી, જોગવેલ સરહદ થી ત્રણ રસ્તા પ્રાથમિક શાળા સુધી, માંડવા વડદેવી ફળિયા સુધી અને માંડવા કુંભઘાટની શરૂઆતથી છેક સંપૂર્ણ કુંભઘાટ કપરાડા મુખ્ય મથક સુધી.



**નાનાપોંઢાનો પત્ર**
ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

રસ્તા ઉપર ખાડા સર્જાતા દર વર્ષે એની એ જ સ્થિતિ જોવા મળે છે. જેથી વાહન ચાલકો માટે કફોડી હાલત સર્જાય છે. વાહન ચાલકો જણાવે છે કે આ માર્ગો પર દર વર્ષે ચોમાસાના શરૂઆતના દિવસોથી જ આ સમસ્યા સર્જાય છે. ચોમાસામાં આવી સ્થિતિ સર્જાય એ તો ઠીક છે, પરંતુ દર વર્ષે એના એ જ સ્થળે ખાડાઓ સર્જાય છે તો તંત્ર દ્વારા ચોક્કસ પરીક્ષણ, નિરીક્ષણ, અવલોકન કરી ચોક્કસ નક્કર આયોજન કરીને રસ્તો બનાવવો જોઈએ. જેથી આ સમસ્યા દર વર્ષ માટે દૂર થઈ શકે અને જેથી તંત્રની આવકમાંથી પણ બચત થઈ શકે. રસ્તા પરના ખાડાઓ પુરવા માટે તંત્ર વધુમાં વધુ ખર્ચ કરે છે અને ફરી વરસાદ થતાં આ ખાડામાંથી મેટલ નીકળી જાય બીજી કોરે રસ્તાનું સ્વરૂપ બદલે છે. જેથી ખાડાનું સ્વરૂપ ઘણું બધું ઊંડું બને છે. જેથી વાહનચાલકો અવઢવમાં મુકાય છે. રસ્તા ઉપર કતારોની કતારો લાગે છે. કોઈ વાહન ચોક્કસ સ્થળ અને સમયએ પહોંચી પણ શકતું નથી અને અકસ્માતો નોતો પાર રહેતો નથી. મસ મોટા કન્ટેનરો ખાડામાં પડતા હાલકડોલક થાય જેથી આજે પડું ઘડી પડું જેવી સ્થિતિમાં જોવા મળે છે. જેમાં દ્વિચકકી વાહનોની તો ગણતરી જ ન કરવી. જેવી સ્થિતિ નિર્માણ થવા પામી છે. જેમાં ઈમરજન્સી જેવી સેવાઓ પણ ઠપ થઈ જવા પામે છે. આમ ચોમાસાના દિવસોમાં કપરાડાના રસ્તાઓ ખાડાઓથી વિકરાળ સ્વરૂપ ધારણ કરવાથી વાહન ચાલકોને પડતી મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

દર વર્ષે ખાડાઓ જે તે સ્થળે સર્જાતા હોવાથી એમના માટે નક્કર પગલા શું હોઈ શકે તો સ્થાનિક કક્ષાએથી જાણવા મળેલ માહિતી મુજબ જ્યાં રસ્તાઓ પર ખાડા સર્જાય છે ત્યાં પાણીના પ્રવાહો ઉપર આવવાના કારણે જમીન પોચી બને છે. જેથી અહીંયા ઊંડાણપૂર્વકનું ખોદકામ કરી મેટલ, માટી નાખી દબાવવું જરૂરી છે. તેમજ હાલના રસ્તાઓ બંને સાઇડ ઢાળ વાળા હોવા જોઈએ જેથી રસ્તા પરથી પાણી બંને સાઈડમાં ઉતરી જાય અને રસ્તા પર બિલકુલ પાણી ન રહે. જેથી ડામરમાં પાણી ન પચી શકે. સાથે સાથે ચોમાસા પૂર્વે રસ્તાની બંને સાઈડ પર પાણી નિકાલ માટે યોગ્ય ગટરની વ્યવસ્થા કરવી જોઈએ જેથી પાણી સરળતાથી વહીને નિકાલ થઈ જાય. આજે વર્ષો પહેલાં જ્યાં જ્યાં રસ્તાઓ ઊંડાણપૂર્વક ખોદીને મેટલ મેટલ માટી નાખી દબાવવામાં આવેલ છે જ્યાં હજી સુધી ખાડાઓ સર્જાયા નથી જે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આવા રસ્તાઓ એકવાર ખર્ચ કરી બનાવવામાં આવે તો આ સમસ્યા હંમેશ માટે ઉગરી જાય તેમ છે. આજે ભલે ગમે એટલી ટેકનોલોજી કે એન્જિનિયર ઉપલબ્ધ હોય પરંતુ સ્થાનિક લોકોની સલાહ, સુચન અને જાણકારી પણ વિશેષ ઉપયોગી નિવડી શકે તેમ છે.

આમ દર વર્ષે જે તે સ્થળે જ સર્જાતા ખાડાઓ માટેના નિવારણનો ઉપાય યોગ્ય અને ચોક્કસ પ્લાન આકારી બનાવવામાં આવે એ જ સમયની માંગ છે.

# નાનીવહીયાળ હાઈસ્કૂલમાં ધરમપુર તાલુકાનો વન મહોત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સપ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** વોક ટુ ગેધસ શ્રીઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર શાળા નાનીવહીયાળ તા. ધરમપુરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેમ અનુસાર જંગલ ના સરંક્ષણ. જંગલ વિસ્તાર વધારવા અને પર્યાવરણને શુધ્ધ કરવા અને ઓકિસજનનું ઉત્પાદન કરવાના હેતુથી એક પેડ માં કે નામ કાર્યક્રમ અંતર્ગત



સામાજિક વનીકરણ વિભાગ ધરમપુર દ્વારા ધરમપુર તાલુકાનો ૭૫ મો વન મહોત્સવ ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો. સ્વાગત પ્રવચન રેંજ ફોરેસ્ટ ઓફિસર ભુમિકાબેને કર્યુ હતુ શાળા કમ્પાઉન્ડમા રામફળ, લીંબુ, આસોપાલ, વ.ગર માડો. બીલીપત્ર, કૈલાશ, લીમડો જેવા -૭૫ રોપાઓનુ વૃક્ષા રોપણ કર્યુ કાર્યક્રમ મા લાભાર્થીઓ ને આબા કલમ અને વિવિધ રોપાઓ નુ અને શાળાના કુલ -૪૩૬ વિધાર્થીઓ ને જમરુખ અને વિવિધ ફળાઉ રોપાઓનુ વિતરણ કરવામા આવ્યું. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને જિ. પંચાયત સભ્ય શાળાના આચાર્ય શૈલેશકુમાર પટેલ, લોકસભા ચુંટણીના સંયોજક ગણેશભાઈ બિરારી એ પ્રાસંગિક ઉદબોધન કરી એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષનું વાવેતર કરી જતન કરવાનુ અને ધરમપુરને હરીયાળુ ધરમપુર બનાવવાનુ આહવાન કર્યું હતું. ધારાસભ્ય અરવિંદભાઈ એ નાનીવહીયાળ હાઈસ્કૂલ માટે સિમેન્ટના કુલ -૨૦ બાકડા માટે રુ. ૧૦૦૦૦૦ અંકે રપીયા એક લાખની રકમ ફાળવવાની જાહેરાત કરી હતી.

આમંત્રિત તરીકે તાલુકા પંચાયત સભ્ય આશાબેન, સરપંચો નાનીવહીયાળ વિનોદભાઈ, લાકડમાડ રવિન્દભાઈ અને ખરેડી. ફુલવાડી. કાકડકુવાના સરપંચો. નાનીવહીયાળ માજી સરપંચ દિલીપભાઈ પટેલ અને મોટી સંખ્યામા લાભાર્થીઓ અને ગામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 02, September 2024


## 'રેવડી'નું પરિણામ

જાતજાતના લલચામણા વાયદા અને રેવડીઓના સહારે હિમાચલ પ્રદેશની સત્તા હાથમાં લેવામાં સફળ રહેલી કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખ્ખુએ બે મહિના સુધી પગાર નહિ લેવાની જે જાહેરાત કરવી પડી, તેનાથી એ તો ખબર પડે જ છે કે રાજ્યની આર્થિક સ્થિતિ ઠીક નથી, પરંતુ એ સમજવું કઠિન છે કે આખરે તેઓ અને તેમના મંત્રીઓ બે મહિના સુધી પગાર નહીં લે તો આર્થિક હાલત કેવી રીતે સુધરી જશે? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે તેમણે એ ન કહ્યું કે તેઓ અને તેમના સહયોગીઓ બે મહિનાનો પોતાનો પગાર હંમેશ માટે છોડી રહ્યા છે. જોકે જો એવું કરતા તો પણ તે ઊંટના મોંમાં જીરા સમાન હોત. મુખ્યમંત્રીએ ધારાસભ્યોને પણ આગ્રહ કર્યો છે કે તેઓ પણ તેમનું અનુસરણ કરે. શું તેના પછી તેઓ સરકારી કર્મચારીઓને પણ આવી કોઈ અપીલ કરવાના છે? સારું એ રહેશે કે તેઓ ત્યાગ કરવાના સંદેશ આપતા ફરવાને બદલે રાજ્યની આર્થિક સ્થિતિ સુધારવા માટે કોઈ ઠોસ પગલાં ભરે. એવું કરતાં તેમણે આત્મમંથન પણ કરવું જોઈએ કે રાજકીય લાભ માટે રેવડીઓ વહેંચવાના ચૂંટણી વાયદા કરવા કેટલું યોગ્ય હતું? કોંગ્રેસે કમ સે કમ હવે તો એ સમજી જ જવું જોઈએ કે આર્થિક નિયમો અને નાણાંકીય સ્થિતિની અવગણના કરીને લોભામણા વાયદા કરવા તો આસાન છે, પરંતુ તેને પૂરા કરવા કઠિન. બધા જાણે છે કે હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકાર પોતાના કેટલાય ચૂંટણી વાયદાને હજુ સુધી પૂરા કરી શકી નથી. તેના કેટલાક વાયદા એવા પણ હતા, જે અધકચરા જ પૂરા કરી શકાય છે. ચૂંટણી વાયદાને 'ખટાખટ' પૂરા કરવાની રેવડી આપનારા કોંગ્રેસના નીતિ-નિયંતાઓની સાથે આમ જનતાએ પણ આત્મમંથન કરવાની જરૂર છે. તેને એ આભાસ હોવો જોઈએ કે લોભામણા વાયદા કરનારાઓ તેમને છેતરે તો છે જ, સાથે જ તેમના ભવિષ્ય સાથે પણ રમત કરે છે. આ આભાસ માત્ર હિમાચલ પ્રદેશ જ નહીં, અન્ય રાજ્યોની જનતાને પણ થવો જોઈએ, કારણ કે રેવડી સંસ્કૃતિ અપનાવનારા રાજકીય પક્ષો વધતા જાય છે. એ કોઈથી છૂપું નથી કે જેમ હિમાચલ પ્રદેશ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યું છે, એવી જ રીતે કર્ણાટક અને કેટલાંક અન્ય રાજ્યો પણ આર્થિક સંકટનો સામનો કરવા લાગ્યા છે. કેટલાક રાજકીય પક્ષો તો એવા છે, જે મફતખોરીની યોજનાઓનો વાયદો કરીને સત્તામાં તો આવી ગયા પછી તેને લાગુ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે વધારાના નાણાંની ભીખ માગતા રહે છે. જ્યારે કેન્દ્ર સરકાર તેમની માંગ પૂરી કરવા તૈયાર નથી થતી તો તેઓ જે-તે રાજ્યની જનતાની અવગણના કરવાના આરોપ કરવા લાગે છે. શું એ કોઈથી છૂપું છે કે કેટલાંક રાજ્યોએ કોઈક રીતે એવો માહોલ બનાવ્યો હતો કે સામાન્ય બજેટમાં બિનભાજપ શાસિત રાજ્યોની ઉપેક્ષા કરવામાં આવી છે? એ જ રીતે દિક્ષણના રાજ્યો પણ એવો આરોપ લગાવી ચૂક્યા છે કે કેન્દ્ર સરકાર તેમની સાથે ઓરમાયો વ્યવહાર કરી રહી છે.

### મુખ્યમંત્રીના ઓડિયો પર ભડક્યો કૂકી સમુદાય

# મણિપુરમાં ફરી હિંસા શરૂ

**કૂકી સમુદાયના લોકોએ ચુરાચંદપુર જિલ્લાના લેઈશાંગ, કાંગપોકપીના કૈથેલમંબી અને તેંગનોપલના મોરેહમાં રેલીઓ યોજી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

મણિપુર, તા.૧: મણિપુરમાં ફરી એકવાર તણાવ વધતો જોવા મળી રહ્યો છે. કુકી સમુદાયે આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ત્રણ રેલીઓ કાઢી હતી. આ રેલીઓમાં લોકો અલગ વહીવટી તંત્રની માંગ પર અડગ દેખાયા.

લોકોએ મુખ્યમંત્રી એન બિરેન સિંહની કથિત ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો, જેમાં કેટલીક વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. કૂકી સમુદાયના લોકોએ ચુરાચંદપુર જિલ્લાના લેઈશાંગ, કાંગપોકપીના કૈથેલમંબી અને તેંગનોપલના મોરેહમાં રેલીઓ યોજી હતી.


શનિવારે ચુરાચંદપુર જિલ્લામાં ભાજપના રાજ્ય એકમના પ્રવક્તા માઈકલ લામજાથાંગના પૈતૃક ઘરને અજાણ્યા લોકોએ આગ લગાવી દીધી હતી. હુમલા દરમિયાન તુઈબોંગ સબડિવિઝનના પેનિયલ ગામમાં એક ઘરના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. ગયા અઠવાડિયે પણ આ ઘર પર હુમલો થયો હતો. પોલીસે જણાવ્યું કે ચુરાચંદપુર જિલ્લાના ડેપ્યુટી કમિશનર ધરુણ કુમાર એસએ જિલ્લા પોલીસ અધિક્ષકને પત્ર લખીને તપાસ હાથ ધરવા અને શક્ય તેટલી વહેલી તકે રિપોર્ટ સબમિટ કરવા જણાવ્યું છે. મુખ્યમંત્રી એન બિરેન સિંહે પણ લમજથાંગના ઘર પરના "ત્રીજા" હુમલાની આકરી ટીકા કરી હતી.

ચુરાચંદપુરમાં આ રેલી લેઈશાંગના એંગ્લો કુકી વોર ગેટથી શરૂ થઈ હતી. કુકી-જો સમુદાયના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલી રેલીને ધ્યાનમાં રાખીને જિલ્લામાં તમામ બજારો અને શાળાઓ બંધ રખાઈ હતી. દરમિયાન, કમિશનર (ગૃહ) એન અશોક કુમારે લોકોને વ્યવસાયિક સંસ્થાનો અને ખાનગી સંસ્થાનો ખુલ્લી રાખવા વિનંતી કરી હતી. સેંકડો વિરોધીઓએ રેલીમાં ભાગ લીધો હતો જે કાંગપોકપીની કીથેલમન્બી મિલિટરી કોલોનીથી શરૂ થઈ હતી અને આઠ કિલોમીટરનું અંતર કાપીને જિલ્લા હેડક્વાર્ટરના થોમસ મેદાન સુધી પહોંચી હતી.

કાંગપોકપી રેલીમાં હાજર એક દેખાવકારજી. કિપગેને કહ્યું કે, 'કૂકી-જો સમુદાયના લોકો કેન્દ્રશાસિત પ્રદેશની માંગને લઈને આ દેખાવ કરી રહ્યા છે. અમે 'વાઈરલ' ઓડિયો ક્લિપનો પણ વિરોધ કર્યો હતો જેમાં વાંધાજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. મણિપુર સરકારે દાવો કર્યો હતો કે જાતીય હિંસાથી પીડાઈ રહેલા રાજ્યમાં શાંતિના પગલાને રોકવા અને માહોલ બગાડવાના પ્રયાસ હેઠળ સોશિયલ મીડિયા પર ઓડિયો ક્લિપ ફેલાવઈ હતી તેમાં મુખ્યમંત્રીનો અવાજ હોવાનો દાવો જુઠ્ઠો છે.

### જનતા દળના રાષ્ટ્રીય પ્રવક્તા

# કે.સી. ત્યાગીએ રાજીનામું



(સંપૂર્ણ સમાચાર સેવા)

પટણા, તા.૧: બિહારમાં મોટી રાજકીય હલચલ થઈ છે. રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે એના પહેલા જ જનતા દળ (યુનાઈટેડ)ના રાષ્ટ્રીય પ્રવક્તા કે.સી. ત્યાગીએ પોતાના પદે પરથી રાજીનામું આપી દીધું છે.

પાર્ટી દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે કેસી ત્યાગીએ અંગત કારણોસર પાર્ટીના પ્રવક્તા પદ પરથી રાજીનામું આપ્યું છે. કેસી ત્યાગીના રાજીનામા બાદ જેડીયુએ નવા રાષ્ટ્રીય પ્રવક્તાની પણ જાહેરાત કરી દીધી છે. કે.સી. ત્યાગીની જગ્યાએ હવે રાજીવ રંજન પ્રસાદને જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા જાહેર કરવામાં આવ્યા છે.

જનતા દળ (યુનાઈટેડ)ના જનરલ સેક્રેટરી અફાક અહેમદ ખાને એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, 'જનતા દળ (યુનાઈટેડ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિશ કુમારે રાજીવ રંજન પ્રસાદને રાષ્ટ્રીય પ્રવક્તા પદ પર નિયુક્ત કર્યા છે. પાર્ટીમાં પ્રવક્તા પદે રહેલા કેસી ત્યાગીએ અંગત કારણોસર પાર્ટીના પ્રવક્તા પદેથી રાજીનામું આપ્યું છે. એવી ચર્ચા છે કે કેસી ત્યાગી પાર્ટીના રાજકીય સલાહકારોમાં જળવાઈ રહેશે.

કે.સી. ત્યાગી જેડીયુના દિગ્ગજ નેતા છે અને પાર્ટી વતી ઘણા મોરચે બોલતા રહ્યા છે.

### સપ્ટેમ્બરમાં પણ જોરદાર વરસાદ પડશે

# ઉત્તર ભારતમાં પૂરની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧: ઓગસ્ટ મહિનામાં ગુજરાતે ભારે વરસાદનો સામનો કર્યો છે અને વડોદરા, રાજકોટ, જામનગર સહિતના શહેરોમાં વરસાદના કારણે સારું એવું નુકસાન થયું છે. હવે હવામાન ખાતાની આગાહી છે કે સપ્ટેમ્બરમાં પણ આવો જ વરસાદ પડી શકે છે. જોકે, સપ્ટેમ્બરમાં ઉત્તર ભારતમાં વધુ વરસાદ પડશે. તેથી રાજસ્થાન, ઉત્તરાખંડ અને પંજાબ જેવા રાજ્યોમાં આ મહિને કેટલીક જગ્યાએ પૂરની સ્થિતિ પેદા થઈ શકે છે.

હવામાના ખાતાએ જણાવ્યું કે ઓગસ્ટના ટ્રેન્ડ પ્રમાણે સપ્ટેમ્બર મહિનામાં પણ જોરદાર વરસાદ પડી શકે છે. ઉત્તરાખંડ, રાજસ્થાનમાં ભારે વરસાદ શક્ય છે અને કેટલાક પહાડી વિસ્તારોમાં જમીન ધસી પડે તેવી પણ સંભાવના છે. ઓગસ્ટ મહિનામાં ઘણો વરસાદ પડ્યો હોવા છતાં હજુ પણ ઉત્તર ભારતમાં તાપમાન ઉંચું છે. લા નીનાની અસર આ વખતની સિઝન પર જોવા મળી છે. સપ્ટેમ્બર મહિનામાં રાજસ્થાન, ઉત્તરાખંડ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરની શક્યતા જોવામાં આવે છે. શનિવારે ભારતીય હવામાન ખાતાએ જણાવ્યું કે ઓગસ્ટમાં સામાન્ય કરતા ૧૬ ટકા વધુ વરસાદ પડ્યો હતો. ૨૦૦૧ પછી પાંચમા ક્રમે સૌથી વધુ વરસાદ ઓગસ્ટમાં પડ્યો છે અને ૧૯૦૧ પછી એટલે કે છેલ્લા ૧૨૩ વર્ષમાં ઓગસ્ટ ૨૦૨૪નો વરસાદ ૨૯મા ક્રમે સૌથી વધુ હતો.

જોકે, ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં સારો વરસાદ પડવા છતાં તાપમાનમાં કોઈ રાહત નથી મળી. એવરેજ લઘુતમ તાપમાન હજુ પણ ઉંચું છે અને ૧૯૦૧ પછી ચોથા નંબર પર સૌથી ઊંચું તાપમાન નોંધાયું છે. તેના માટે વરસાદનું વિતરણ પણ જવાબદાર ગણવામાં આવી શકે છે. ઓગસ્ટ મહિનામાં નોર્થ વેસ્ટ ઈન્ડિયામાં સામાન્ય કરતા ૩૨ ટકા વધુ વરસાદ પડ્યો છે જે ૨૦૦૧ પછી બીજા નંબર પર સૌથી વધુ છે. જ્યારે સાઉથના વિસ્તારમાં સામાન્ય કરતા માત્ર એક ટકા વધુ વરસાદ નોંધાયો છે

આખા મહિનાનો હિસાબ કરવામાં આવે તો સપ્ટેમ્બર મહિનામાં સામાન્ય કરતા વધુ વરસાદ રહેશે. બિહાર, નોર્થ ઈસ્ટ ઉત્તર પ્રદેશ અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયાના મોટા ભાગના વિસ્તારોમાં પણ પુષ્કળ વરસાદની સંભાવના છે. જ્યારે સાઉથ ઈન્ડિયામાં આ મહિને સામાન્ય કરતા ઓછો વરસાદ પડી શકે છે. કુલ મળીને ચાર જૂનથી સપ્ટેમ્બર મહિના સુધીનો ગાળો જોવામાં આવે તો વરસાદની પ્રવૃત્તિ સામાન્ય કરતા વધુ છે. ઓગસ્ટ મહિનામાં જે વિસ્તાર ખરીફ પાક માટે યોગ્ય ગણવામાં આવે છે ત્યાં સારો વરસાદ પડ્યો તે રાહતની વાત છે.

# રશિયા પર યુક્રેનો સૌથી મોટો ડ્રોન હુમલો

**રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ રાતોરાત ૧૫૮ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

કિવ, તા.૧: યુક્રેને રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ રાતોરાત ૧૫૮ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા, મોસ્કો શહેરમાં બે અને મોસ્કોની આસપાસના નવ વિસ્તારોમાં હુમલો થયો હતો. આના પરથી સમજી શકાય છે કે યુક્રેને કેટલા મોટા ડ્રોન હુમલા કર્યા હશે. રશિયન સૈન્યએ કુર્સ્ક પ્રદેશમાં ૪૬ ડ્રોનનો નાશ કર્યો હતો, યુક્રેને બીજા વિશ્વ યુદ્ધ પછી રશિયન ધરતી સૌથી મોટા હુમલાના ભાગરૂપે આ સપ્તાહે સૈનિકો મોકલ્યા હતા.

યુક્રેનના આ ડ્રોન હુમલાઓને કારણે હવે યુદ્ધે વિકરાળ સ્વરૂપ લીધુ છે. આ વર્ષની શરૂઆતથી, યુક્રેને રશિયન ભૂમિ પર આક્રમક હવાઈ હુમલાઓ કર્યા છે અને તેની રિફાઈનરીઓ અને ઓઈલ સેન્ટર્સને નિશાન બનાવ્યા છે. અગાઉ શુક્રવારે, દક્ષિણ-પશ્ચિમ રશિયન શહેર બેલ્ગોરોડ પર યુક્રેનિયન હુમલામાં પાંચ લોકો માર્યા ગયા હતા અને ૪૬ ઘાયલ થયા હતા. વ્યાચેસ્લાવ ગ્લેડકોવે જણાવ્યું હતું કે સાત બાળકો સહિત ૩૭ ઘાયલોને યુક્રેનિયન સરહદની ઉત્તરે ૪૦ કિમી (૨૫ માઈલ) દૂર શહેરની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર ફરતો એક વીડિયો એક વાહનની અંદરથી રેકોર્ડ થયેલો છે. જેમાં જોઈ શકાય છે કે, એક કાર રસ્તા પર જઈ રહી હતી ત્યારે હુમલામાં તેને ઉડાવી દેવામાં આવી હતી. થોડીક સેકન્ડ પછી બીજા વિસ્ફોટ થોડા મીટર દૂર જોવા મળ્યો હતો.

# બાંગ્લાદેશમાં હિન્દુ શિક્ષકો સાથે જબરદસ્તી થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઢાકા, તા.૧: બાંગ્લાદેશમાં હિંસા બાદ હિન્દુઓની હાલત બગડી છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની મુસીબતોનો કોઈ અંત નથી. હુમલા અને અત્યાચારનો સામનો કર્યા બાદ હવે હિંદુઓને સરકારી નોકરીમાંથી રાજીનામું આપવાની ફરજ પડી રહી છે. ૫ ઓગસ્ટથી લગભગ ૫૦ હિંદુ શિક્ષણવિદોને રાજીનામું આપવાની ફરજ પડી છે. શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ રીતે ખુલાસો કરવામાં આવ્યો હતો.

રાજીનામું આપનાર શિક્ષકોની યાદી સામે આવી છે. સરકારી બાકરગંજ કોલેજના પ્રિન્સિપાલ શુક્લા રોય રાજીનામું આપી રહ્યા હોવાનો ફોટો પણ સામે આવ્યો છે. તેમને સાદા કાગળ પર "મારું રાજીનામું" લખીને તેમનું રાજીનામું લેવામાં આવ્યું હતું. કેટલાક શિક્ષકોએ બાંગ્લાદેશમાં હિન્દુ શિક્ષકોના રાજીનામાની પુષ્ટિ કરી. કાઝી નઝરુલ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર સંજય કુમાર મુખરજીએ કહ્યું કે, 'દાદા, હું સંજય કુમાર મુખર્જી, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન એન્ડ ગવર્નન્સ સ્ટડીઝ, કાઝી નઝરુલ યુનિવર્સિટી, બાંગ્લાદેશ હતો વિભાગના વડાના પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી છે અમે આ સમયે ખૂબ જ અસુરક્ષિત છીએ.'

ઢાકા યુનિવર્સિટીના ગણિત વિભાગના પ્રોફેસર ડૉ. ચંદ્રનાથ પોદ્દારને વિદ્યાર્થીઓએ રાજીનામું આપવાની ફરજ પડી હતી. જે શિક્ષકોએ ડરના કારણે કેમ્પસમાં ન આવવાનું નક્કી કર્યું હતું. તેમના ઘરે જઈને અપમાનિત કરવામાં આવી રહ્યા છે. અહીં હિન્દુ શિક્ષકોની આંશિક સૂચિ છે જેમને જેહાદી જૂથો દ્વારા રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી છે.

# NDAમાં તિરાડ! જુમ્માની નમાઝનો વિવાદ ભારે પડ્યો

**જેડીયુ બાદ હવે LJPના દિલ્હી અધ્યક્ષ રાજુ તિવારીએ પણ આસામ સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

દીસપુર, તા.૧: આસામ સરકારના વિધાનસભામાં જુમ્મા બ્રેક પર રોક લગાવવાના નિર્ણય બાદ હવે NDAમાં જ તિરાડ પડતી નજર આવી રહી છે. અગાઉ જેડીયુએ આ નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, આ લોકોના અધિકારો છીનવી લેવાનું કામ કરવામાં આવૂ રહ્યું છે. આ વચ્ચે હવે વધુ એક પાર્ટીએ આ નિર્ણય પર વાંધો ઉઠાવ્યો છે.

જેડીયુ બાદ હવે LJP (રામ વિલાસ)ના દિલ્હી અધ્યક્ષ રાજુ તિવારીએ પણ આસામ સરકારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે સરકારને સૂચન કર્યું કે ધાર્મિક પ્રથાઓની સ્વતંત્રતાનું સન્માન કરવું જોઈએ. બિહારના બંને સહયોગીઓએ તાજેતરમાં ક્વોટાની જોગવાઈઓનું પાલન કર્યા વિના કેન્દ્રની લેટરલ એન્ટ્રી સિસ્ટમ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. ત્યારબાદ સરકારે નિર્ણય પાછો ખેંચી લીધો હતો.

બીજી તરફ જેડીયુ નેતા નીરજ કુમારે આસામ વિધાનસભામાં જુમ્માની નમાઝ માટે બે કલાકના બ્રેકની પ્રથા પર રોક લગાવવાના નિર્ણયની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, સરમાએ ગરીબી નાબૂદી અને પૂર નિવારણ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આસામના મુખ્યમંત્રી દ્વારા લેવામાં આવેલો નિર્ણય દેશના બંધારણના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

તમને જણાવી દઈએ કે, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ વિધાનસભામાં બે કલાકની જુમ્માની બ્રેક બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરમાએ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે, આ નિર્ણય હિંદુ અને મુસ્લિમ ધારાસભ્યો વચ્ચે સર્વસંમતિથી લેવામાં આવ્યો છે, કારણ કે આપણે આ સમયગાળા દરમિયાન પણ કામ કરવું જોઈએ.

# ગુજરાતમાં હજુ પાંચ દિવસ વરસાદી સિસ્ટમ સક્રિય રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧: ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં હાહાકાર મચાવ્યા પછી છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદમાં રાહત મળી છે. પરંતુ હવે ફરીથી સિસ્ટમ સક્રિય થઈ રહી છે જેના કારણે પાંચ દિવસ સુધી કેટલાક વિસ્તારોમાં સારો એવો વરસાદ નોંધાય તેવી શક્યતા છે. હવામાન ખાતાએ કેટલાક જિલ્લા માટે યલો એલર્ટની જાહેરાત પણ કરી છે. આજે અમરેલી, ભાવનગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ જિલ્લાઓ માટે વરસાદને લઈને આજે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન ખાતાની આગાહી પ્રમાણે બીજી સપ્ટેમ્બરે ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી ડાંગમાં ઓરેન્જ એલર્ટ સાથે છૂટા છવાયા સ્થળે ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. ભાવનગર, આણંદ, વડોદરા, પંચમહાલ, છોટાઉદેપુર અને દાહોદમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યાર પછી ત્રીજી સપ્ટેમ્બર- મંગળવારે અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદામાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

ત્રીજી સપ્ટેમ્બર માટે રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટા છવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં ગુજરાતમાં પડેલા વરસાદની વાત કરવામાં આવે તો રાજ્યમાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો ૧૧૧ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે.

# ગુજરાતના જાણીતા ઈતિહાસકાર અને લેખક મકરંદ મહેતાનું નિધન

અમારા -તિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧ઁ ગુજરાતના જાણીતા ઈતિહાસકાર અને લેખક મકરંદ મહેતાનું ૯૩ વર્ષની વયે નિધન થયું છે. મકરંદ મહેતાએ અંગ્રેજી અને ગુજરાતીમાં ૨૦થી વધુ પુસ્તકો લખી ચૂક્યા છે. તેમણે સામાજિક અને આર્થિક ઈતિહાસ પર પણ ઘણાં શોધપત્રો -કાશિત કર્યા છે. તેમના નિધનથી સાહિત્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

ઈતિહાસકાર અને લેખક મકરંદ મહેતાનો જન્મ ૨૫મી મે ૧૯૩૧ના રોજ અમદાવાદના એક નાગર બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમણે વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, પેન્સિલ્વેનીયા યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હતો. મકરંદ મહેતા ગુજરાત યુનિવર્સિટીના સ્કૂલ ઑફ સાયન્સિસમાં ઈતિહાસ વિભાગનું નેતૃત્વ કર્યું હતું. તેઓ અનેક અખબારો ઉપરાંત, ગુજરાત ઈતિહાસ પરિષદ, ગુજરાત વિદ્યાસભા અને દર્શક ઈતિહાસ નિધિ સહિત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમના પત્ની



ડો.શિરીન મહેતા પણ ઈતિહાસકાર છે.

હાલમાં જ આવેલી ફિલ્મ મહારાજ જેના પર આધારીત છે તે કરસનદાસ મૂળજી વિશે પણ મકરંદ મહેતા અને અચ્યુત યાજ્ઞિકે ખુબ જ અસરદાર પુસ્તક લખ્યું છે. કરસનદાસ મૂળજીની સાર્ધ શતાબ્દિ નિમિત્તે તેમના જીવન વિશે તૈયાર કરેલી નમૂનેદાર પુસ્તિકામાં મકરંદ મહેતા અને અચ્યુત યાજ્ઞિકે નોંધ્યું છે કેઁ ઑગસ્ટ ૧૮૫૨ના 'રાસ્ત ગોફ્તાર'માં કરસનદાસનો પહેલો લેખ 'બાપદાદાઓની ચાલ' (એટલે કે, જૂના વખતથી ચાલ્યા આવતા રિવાજ) વિશેનો હતો. તેમાં વીસ વર્ષના કરસનદાસે 'મારા પ્યારા દેશીઓ'ને ઉલ્લેખીને સ્પષ્ટતા કરી છે કે આપણી ખરાબ રૂઢિ કાઢીએ અને અંગ્રેજોની સારી રૂઢિ દાખલ કરીએ તો તેમાં અંગ્રેજોની નકલ કરી છે, એવું ન ગણાય. 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'માં પણ તેમણે આવી રહેલા સુધારા અને વર્તમાન બદીઓ વિશે નિબંધો વાંચવાનું શરૂ કર્યું હતું.

તેમના પુસ્તકોમાં ધ અમદાવાદ કોટન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી જેનેસિસ એન્ડ ગોર્થ, અર્બનાઈઝેશન ઈન વેસ્ટર્ન ઈન્ડિયાઁ એ હિસ્ટોરિકલ પર્સપેક્ટિવ, બિઝનેસ હાઉસિસ ઈન વેસ્ટર્ન ઈન્ડિયાઁ અ સ્ટડી ઈન એન્ટર-ેન્યોરિયલ રિસોપૉન્સ ૧૮૫૦-૧૯૫૬નો સમાવેશ થાય છે, જે સહ લેખકીય યોગદાન છે, મહેતા પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી લેખન શૈલી સાથે સંકળાયેલા રહ્યા હતાં તેઓ પોતાના એક-એક -ોજેક્ટને પૂર્ણ કરવા માટે ૧૨-૧૨ કલાક કામ કરતા હતાં.

# કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ૩૯ રૂપિયાનો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧: સપ્ટેમ્બર મહિનાના પહેલા જ દિવસથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, ઘર વપરાશ માટેના ડોમેસ્ટિક સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આજે મહિનાની શરૂઆતમાં જ વહેલી સવારે એલપીજી ગેસ સિલિન્ડર પર મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો છે. ઓગસ્ટ મહિના બાદ સપ્ટેમ્બરમાં ફરી એકવાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. આ વખતે ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં જ ફેરફાર કરાયો છે. દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૩૯ રૂપિયા મોંઘું થઈ ગયું છે. IOCની વેબસાઈટ પર આપેલી માહિતી પ્રમાણે દિલ્હીથી મુંબઈ સુધીના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની નવી કિંમતો ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સવારે ૬ વાગ્યાથી લાગુ કરવામાં આવી છે. નવા ફેરફાર બાદ હવે નવી દિલ્હીમાં ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧૬૫૨.૫૦ રૂપિયાથી વધીને ૧૬૯૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. એટલે કે આ શહેરમાં સિલિન્ડર દીઠ ૩૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. કોલકાતામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ હવે ૧૭૬૪.૫૦ રૂપિયાથી વધીને ૧૮૦૨.૫૦ રૂપિયા થઈ ગયો છે. એટલે કે કોલકાતામાં ગેસ ૩૮ રૂપિયા મોંઘો થયો છે. આ અગાઉ ૧ જુલાઈના રોજ બિઝનેસ અને વ્યાપારી સાહસોને રાહત આપવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી.

# રાહુલ ગાંધી ફરીવાર ઉપડશે અમેરિકા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧: ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ ચીપ સામ પિત્રોડાએ રાહુલના અમેરિકાના પ્રવાસની વિગતો શેર કરી છે.

લોકસભા ચૂંટણી પછી લીડર ઓફ ઓપોઝિશન બન્યા પછી તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ છે. પિત્રોડાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી વિપક્ષના નેતા બન્યા પછી ૩૨ દેશોનું પ્રતિનિધિત્વ કરતી ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રતિનિધિ હોવાના નાતે મને ભારતીય વર્તુળો, ડિપ્લોમેટ્સ, એકેડેમિશિયન્સ, કારોબારીઓ, આગેવાનો, આંતરરાષ્ટ્રીય પ્રસારમાધ્યમો અને બીજા લોકો તરફથી તેમની સાથે સંવાદ સાધવાની ઘણી બધી વિનંતી મળી છે.

# પશ્ચિમ બંગાળની કથળતી સ્થિતિ કેરળમાં RSSની બેઠકમાં ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)

પલ્લાકડ, તા.૧: કેરળના પલ્લાકડમાં આરએસએસની ત્રણ દિવસીય સંકલન બેઠકનો આજે બીજો દિવસ છે. બેઠકના પ્રથમ દિવસે કુલ ચાર સત્રોની ચર્ચા કરવામાં આવી હતી. સૌ પ્રથમ સંઘે કેરળમાં વાયનાડ દુર્ઘટના પર સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલી સેવા અને રાહત કાર્યનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. બીજુંપ. સંઘ અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓના સંગઠનાત્મક મુદ્દાઓની ચર્ચા કરી.

જ્યારે ત્રીજું એ છે કે... રાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ જેવા કે બંગાળની વર્તમાન પરિસ્થિતિ, ખાસ કરીને બંગાળમાં ચૂંટણી પછી હિંદુઓ પરના હુમલા, મહિલા ડૉક્ટરો સામેની ભીષણ હિંસા વગેરેની ચર્ચા કરવામાં આવી હતી. ચોથું- પંજાબને લઈને વિશેષ ચર્ચા કરવામાં આવી. તેમજ નક્સલવાદી હિંસામાં ઘટાડો અને કેન્દ્ર સરકાર દ્વારા નક્સલવાદી વિસ્તારોમાં થઈ રહેલા વિકાસ કાર્યો અને આ વિસ્તારોમાં વનવાસી કલ્યાણ આશ્રમ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

દમણગંગા ટાઇમ્સ

**NEWS — CORPORATE NEWS**

# સોનીની ZV સિરીઝમાં સૌથી નવો APS-C કેમેરો ગ્રાહકોના આગ્રહવાળી સુવિધાઓ અને અપડેટ્સ લાવે છે

**સુરત,તા.૦૧:** સોની ઈન્ડિયાએ ZV-E૧૦ II લોન્ચ કર્યો છે, જે ZV-E ૧૦ કેમેરાની બીજી પેઢીનો છે. સોનીની ZV કન્ટેન્ટ ક્રિએશનની શ્રેણીમાં મૂળ ZV-E૧૦ મૂળમાં APS-C કેમેરો છે, જે કોઈપણ સ્તરના કન્ટેન્ટ સર્જકો માટે સરળ, કોમ્પેક્ટ અને બહુમુખી કન્ટેન્ટ તૈયાર કરવા માટે બનાવાયેલો છે. નવું ZV-E૧૦ II સર્જકોને ગમતી સુવિધાઓ, જેવી કે ક્રિએટિવ લૂક્સ, પ્રોડક્ટ શોકેસ સેટિંગ, બેકગ્રાઉન્ડ ડિફોકસ ફંક્શન અને વેરી-એંગલ ફ્લિપ સ્ક્રીન તો જાળવી જ રાખે છે, એ ઉપરાંત તેમાં વધુ ઉત્કૃષ્ટતા છે અને વપરાશમાં સરળ રહે છે.

ZV-E૧૦ IIનું આંતરિક હાર્ડવેર તેના પુરોગામી કરતા ઉન્નત છે. તેને ૨૬-મેગાપિક્સેલ (MP) (અંદાજે અસરકારક) Exmor R™ CMOS સેન્સર અને સોનીના નવીનતમ BIONZ XR™ ઈમેજ પ્રોસેસિંગ એન્જિન સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે. આ મોડલના થોડા વધારાના અપડેટ્સ કરવામાં આવ્યા તેમાં સુધારેલુ ઓટોફોકસ અને વિડિયો કેપ્ચરિંગ ક્ષમતાઓનો સિનેમેટિક વ્લોગ સેટિંગ, નવું વર્ટિકલ ફોર્મેટ યુઝર ઈન્ટરફેસ (UI), લાઈવ સ્ટ્રીમિંગ અને ડેટા ટ્રાન્સફર સરળતાથી થઈ શકે એ માટે લાંબો સમય ચાલી શકે તેવી સુધારેલી વધુ ક્ષમતાવાળી Sony Z બેટરીનો સમાવેશ થાય છે. કેમેરો કદમાં નાનો અને વજનમાં હલકો છે, અને લગભગ ૩૭૭ ગ્રામ વજન સાથે, કન્ટેન્ટ નિર્માતાના હાથમાં સરળતાથી ફિટ થઈ જાય છે.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## ઉમરસાડીના યુવાને પાર નદીમાં ઝંપલાવ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧:** બે દિવસ અગાઉ ગુમ થયેલા પારડીના ઉમરસાડી ગામે રહેતો અને અતુલ કંપનીમાં નોકરી કરતો ૧૯ વર્ષીય આદિવાસી યુવાન નોકરી પૂરી થયા બાદ ઘરે બાઈક પર જતી વખતે પારડીના પાર નદીના પુલ પરથી કોઈ અગમ્ય કારણોસર પાણીમાં છલાંગ મારતા તેમની લાશ મગોદ ડુંગરી જેટી પાસેથી મળતા ગામમાં શોકની કાલીમા ફેલાઈ ગઈ હતી.

પારડી તાલુકાના ઉમરસાડી ગામના સીમટી ફળિયામાં અભયભાઈ અજયભાઈ નાયકા ઉં. વ.૧૯ રહે છે. અભય અતુલ કંપનીમાં પી.આર.એન.ડી લેબમા બી.બી. એન્ટરપ્રાઈઝના કોન્ટ્રાકટમાં વર્કર તરીકે નોકરી કરે છે. અભય નાયકા જેવો પોતાની એકસેસ મોપેડ ન. જીજે-૧૫-ડીક્યુ-૪૩૫૭ની લઈને અતુલ કંપનીમાં નોકરી ઉપર ગયેલ અને રાત્રે તેની શિફ્ટ પુરી થઈ જતા રાત્રે ૧૨:૦૦ કલાકે ઘરે આવી જતો હતો. અભય મોડી રાત સુધી ઘરે નહીં પહોંચતા તેના પિતાએ મોબાઈલ ફોન કરવા તેમ છતાં ફોન નહિ ઉપાડતા તેમણે ભગોદ ગામ નવીનગરીમાં રહેતા સાઢુભાઈ નયનભાઈ અશોકભાઈ નાયકાને ફોન કરી જણાવતા તેને પારડીના પાર નદી પુલ પર ઉભેલો જોયો હોવાનું પરિવારને જણાવ્યું હતું. અભય નાયકાની શોધ ખોળ કરવા છતાં મળી નહિ આવતા તે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં જાણ કરી હતી. અભય નાયકાની લાશ સવારે ૯:૩૦ કલાકે મગોદ ડુંગરી ગામની જેટી પાસેથી મળી આવતા ગામના સરપંચે જાણ કરતા વલસાડ રૂરલ પોલીસની ટીમ દોડી જઈ લાશનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી હતી. જે અંગે મરણ જનાર અંગે અજયભાઈ રમેશભાઈ નાયકાએ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## ટુકવાડામાં સોનાની ચેઈન ઝુંટવી ઈસમ ફરાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧:** પારડી તાલુકાના ટુકવાડા ગામે એક મહિલાને નાનાપોંઢા જવાનો માર્ગ કયો છે અને પાણીની તરસ લાગી કહી મહિલાના ગળામાંથી રૂા. ૫૦ હજારની સોનાની ચેનની ચીલ ઝડપ કરી ફરાર થઇ ગયો હતો.

ટુકવાડા ગામે નિશાળ ફળિયા ખાતે રહેતા જશીબેન રતિલાલભાઈ પટેલ ઉ.૭૧ શાકભાજી ખરીદી ૫.૪૫ના અરસામાં પોતાના ઘરે ગેટ ખોલી રહ્યા હતું. તે દરમિયાન બ્લેક કલરની સ્પ્લેન્ડર જેવી બાઈક પર કાળો રેઈનકોટ પહેરી આવેલ અજાણ્યા ઈસમે બા ઉભી રે કહી નાનાપોંઢા જવાનું છે આ રસ્તો કયો છે તેમ કહેતા મહિલાએ આ રસ્તો સીધો પરીયા તરફ જશે અને ત્રણ રસ્તા પરથી પરીયા બાજુ જવા કહી મહિલા પોતાના ઘરે જતા રહ્યા હતા. ત્યારબાદ અજાણ્યો ગઠિયો ઘર પાસે આવીને મને પાણીની તરસ લાગી છે મને પાણી આપો કહેતા મહિલાએ અંદરથી પાણી લાવી આપ્યું હતું. જે બાદ ગઠિયાએ મહિલાના ગળામાંથી સોનાની ચેન આંચકીને બાઈક પર બેસી ભાગી છૂટ્યો હતો. મહિલાએ બૂમાબૂમ કરી હતી. આ અંગે સરપંચ દિપેશભાઈ તથા આસપાસના લોકો અને પુત્રને જાણ કરી હતી. આ ગઠિયો બાઈક પર પસાર થતા સીસી કેમેરામાં કેદ થયો હતો. આ સમગ્ર ઘટના અંગે પારડી પોલીસ મથકે વૃદ્ધ મહિલા જશીબેનએ સવા તોલાની અંદાજે રૂા. ૫૦ હજારની સોનાની ચેનની ચીલઝડપ કરનાર અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ લેખિત ફરિયાદ કરી હતી.

## વાપીની હિન્દી સ્કૂલ પાસેની ખનકીમાંથી હત્યા કરેલ આધેડની લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧:** વાપીના ટાંકી ફળિયામાં રહેતા આધેડ નેપાળીનું ગતરોજ હિન્દી સ્કૂલ પાસેની ખનકીમાંથી હત્યા કરેલી લાશ મળી આવતા ભારે જ ચકચાર જવા પામી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મૂળ નેપાળના અને વાપીના ટાંકી ફળિયામાં ભાડાના મકાનમાં રહેતા ૫૩ વર્ષીય આધેડ દિલ બહાદુર લાલ બહાદુર પારકી છેલ્લા કેટલાક વર્ષથી વલવાડા ખાતે આવેલ ચાઈનીઝની લારી ઉપર કામ કરતો હતો અને ગઈકાલે રાત્રે વલવાડાથી કામ પતાવી તેના ભણેજ સાથે બાઈક પર આવ્યો હતો અને તે હિન્દી સ્કૂલ પાસે ઉતરી ગયો હતો અને વહેલી સવારમાં તે પોતાના કામના સ્થળે નહીં પહોંચતા તેના ભણે જને ફોન કરી મામા દિલ બહાદુરને મોકલાવવા માટે જાણ કરી હતી આથી તેઓ શોધખોળ કરતા વાપી ટાંકી ફળિયામાં આવેલ હિન્દી સ્કૂલની બાજુમાંથી પસાર થતી ખનકી હત્યા કરેલી લાશ એક આધેડની મળી આવી હતી તે જોતા તે દિલ બહાદુર હોવાનું બહાર આવતા તેઓએ તાત્કાલિક વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે લાસ્ટનો કબજો લઈ મરનારને માથાના ભાગે પથ્થર જેવા હથિયારથી હુમલો કરી મોત નીપજાવી હથિયારાઓ પ્લાન થઈ ગયા હતા જેઓની વાપી ટાઉન પોલીસ શોધખોળ કરી રહી છે.

## દમણમાં જીજાઉ બ્રિગેડનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૧:** મહિલા સશક્તિકરણ અને સમાજ સેવા કાર્ય માટેના રાષ્ટ્રીય અધિવેશન - ૨૦૨૪માં રાષ્ટ્રીય જીજાઉ બ્રિગેડના પ્રમુખ શિવમતી શ્રીમતી નિર્મલા તાઈ પાટીલની હાજરી દમણ જીજાઉ બ્રિગેડનું પ્રમુખ શ્રીમતી લીના કરાલે, ઉપાધ્યક્ષ શ્રીમતી અનીતા કબાડી અને મહામંત્રી શ્રીમતી પ્રતિભા 'તાઈ' એમ સ્માર્ટનું પુષ્પગુચ્છ અને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

દમણ-દીવ જીજાઉ બ્રિગેડના પ્રમુખ શ્રીમતી લીના કરાલે અને મહામંત્રી શ્રીમતી પ્રતિભા 'તાઈ' એમ સ્માર્ટના સક્ષમ માર્ગદર્શન હેઠળ દમણની જીજાઉ બ્રિગેડની મહિલાઓએ આ બે દિવસીય કાર્યક્રમમાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

### વલસાડ જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક મળી: નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓની જવાબદારી નક્કી કરતા કલેક્ટર

## ખાડાના કારણે હવે પર જીવ જશે તો પોલીસ ફરિયાદ કરાશે



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા.૦૧:** વલસાડ જિલ્લા કલેકટર નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં કલેકટર કચેરીના સભાખંડમાં મળેલી સંકલન સમિતિની બેઠકમાં જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવેના રસ્તા, જિલ્લા પંચાયત અને સ્ટેટના માર્ગ મકાન વિભાગના રસ્તાઓ પર પડેલા ખાડા અને જીવલેણ અકસ્માતોને લઈ પ્રજાના ચૂંટાયેલા પદાધિકારીઓ અને જિલ્લા કલેકટરે પણ સંબંધિત ત્રણેય વિભાગના અધિકારીઓને યુધ્ધના ધોરણે જિલ્લાના જે પણ રસ્તા પર ખાડા પડ્યા હોય ત્યાં મરામત કામગીરી કરવા માટે જણાવ્યું હતું. જો હાઈવે પર ખાડાના કારણે અકસ્માત થાય અને કોઈનો જીવ જશે તો નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીને પણ એફઆઈઆરમાં આરોપી તરીકે દર્શાવાશે એવી ખુલ્લી ચીમકી આપી તમામ રસ્તાઓની કામગીરી પૂર્ણ કરવા કડક શબ્દોમાં જણાવ્યું હતું.

સંકલનની બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલે ને.હા.નં. ૪૮ પર જીવલેણ ખાડા મુદ્દે એનએચએઆઈના અધિકારીઓને કડક શબ્દોમાં જણાવ્યું કે, પારડી વલ્લભ આશ્રમ પાસે હાઈવે ઓથોરિટી દ્વારા રાત્રે બે વાગ્યે ખાડા પૂરવામાં આવ્યા તો પહેલાથી જ આ કામગીરી કેમ થતી નથી.? આ જ મામલે વલસાડ ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે પણ હાઈવે ઓથોરિટીના અધિકારીઓનો ઉધડો લીધો હતો.

સાંસદે જિલ્લામાં એસસી/એસટી/ઓબીસીના જાતિના દાખલા માટે હેલ્પલાઈન દરેક પ્રાંત કચેરીમાં ઉભી કરવા પણ જણાવ્યું હતું તેમણે વલસાડ રેલવે સ્ટેશને ઉદભવતી ૧૩ જેટલી વિવિધ સમસ્યાઓ અંગે પ્રશ્નો રજૂ કર્યા હતા.

આ બેઠકમાં કલેકટરે ધરમપુર અને કપરાડા તાલુકાના કેટલાય ગામોમાં સ્મશાનભૂમિ નથી જેનો સર્વે કરાવવા જણાવ્યું હતું. આ બેઠકમાં ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર, કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલે વગેરે પણ રજૂઆત કરી હતી. અરવિંદભાઈ પટેલે ધરમપુર-કપરાડાના આદિવાસી ગામોમાં આવશ્યક ચીજ વસ્તુઓ એક્ષપાયરી ટેડ વાળી વેચાતી હોવાની પણ રજૂઆત કરી હતી. જે મામલે કલેકટરશ્રીએ જિલ્લામાં ડ્રાઈવ ચલાવવા સૂચન કર્યુ હતું. ભાગ- ૨ ની બેઠકમાં કલેકટરે વહીવટીતંત્રને રોગચાળો ન ફેલાઈ તે માટે સક્રિય થવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લાની વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગ પોલીસે ગણતરીનાં દિવસોમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૧:** સાપુતારા પોલીસ મથક વિસ્તારમાંથી થોડા દિવસ અગાઉ ૬૦ હજારની કિંમતનો મોબાઇલ ચોરી થયો હતો. ત્યારે ડાંગ જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ PSI કે.જી.નિરંજનનાં માર્ગદર્શન હેઠળ ગણતરીના દિવસોમાં જ ચોરીનો ભેદ ઉકેલી આરોપીની અટકાયત કરી છે. સુરત શહેરનો એક પરિવાર થોડા દિવસ અગાઉ સાપુતારા ખાતે ફરવા માટે આવ્યો હતો. ત્યારે સાપુતારા ટેબલ પોઈન્ટ પર ભીડનો ગેરલાભ લઈ આ પ્રવાસીનાં ખિસ્સામાંથી ૬૦ હજારની કિંમતનો મોબાઇલ ચોરી કરવામાં આવેલ હોવાની ફરિયાદ સાપુતારા પોલીસ મથકે નોંધાઈ હતી. જે બાદ ડાંગ જિલ્લા પોલીસે પોતાના ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે ડાંગ જિલ્લા એલસીબીનાં પી.એસ.આઇ. કે.જે.નિરંજનનાં માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસે પણ ચોરીનો ભેદ ઉકેલવા પોતાના ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે પોલીસ સ્ટાફના માણસોને ખાનગી રાહે બાતમી મળી કે, સાપુતારા પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલ મોબાઈલ ફોન સાપુતારા નવાગામ ખાતે રહેતા જગદીશભાઈ સંજયભાઈ ગાંગોર્ડે પાસે છે. જે બાતમીના આધારે એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ જગદીશભાઈ ગાંગોર્ડેની અટકાયત કરી હતી. તેમજ ચોરીનો મોબાઈલ ફોન પણ આરોપી પાસેથી રિકવર કરવામાં આવ્યો હતો. હાલમાં સાપુતારા પોલીસે આરોપીનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**CHANGE OF NAME**

**OLD NAME**
ISMAIL RAMZAN KHALIFA
**NEW NAME**
ISMAIL RAMJANCHARIF
**ADD.** H. NO, 299, MASJID KASAWAD VARKUND NANI DAMAN, 396210

**નામ બદલ્યું છે**

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **ભાનુશાલી મહેલુ મુરજી** હતું જે બદલીને મારૂ નવું નામ **મેહુલ મુરજીભાઈ ભાનુશાલી** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી
લિ. **મેહુલ મુરજીભાઈ ભાનુશાલી**
સરનામું: ૩૦૬-એ, વાલરામધામ રેસીડેન્સી, એલ.જી. હરિયા સ્કૂલની પાસે, હરિયાપાર્ક, પારડી, ડુંગરા, વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૩

## પારડીનો પરિણીત યુવાન ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૧:** પારડીનો પરિણીત યુવાન ઘરેથી નોકરી પર જાઉં છું કહી પરત ન ફરતા પત્નીએ પારડી પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પારડી દમણીઝાંપા પાસે પંકજભાઈના ભાડાના રૂમમાં રહેતા રાહુલ ગોપીગોર યાદવ ઉમર ૨૪ મૂળ યુપીનાઓ ગત ૧૬ ઓગસ્ટના રોજ પારડી ગીતા કંપની ખાતે નોકરી પર જાઉં છું કહી ઘરેથી નીકળ્યા હતા. જે બાદ તેઓ સાંજ સુધી પરત ન ફરતા પત્નીએ મોબાઈલ પર ફોન કરતા સ્વીચ ઓફ આવ્યો હતો. જે બાદ કંપનીમાં જઈ પૂછપરછ કરતા રાહુલ યાદવ નોકરી પર આવ્યો જ ન હોવાનું જાણવા મળતા પારડી તેમજ તેના વતન યુપી ખાતે તપાસ કરતા મળી આવ્યા ન હતા. આ સમગ્ર બાબતે પત્ની પુષ્પાબેનએ પારડી પોલીસ મથકે પતિ રાહુલ યાદવ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ પોલીસે હાથ ધરી છે. અને આ યુવાનની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ મથકે સંપર્ક કરવા જણાવ્યું હતું.

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી.પર-૨૦૨૪

**અરજદાર :** રશ્મિબેન તે દેવજીભાઈ પટેલની દીકરી અને મનિષભાઈ પટેલની પત્ની
રહે. ૩૦૨, સોનાદર્શન-૧ ધીરૂભાઈ સત્સંગ હોલની સામે કિલ્લા પારડી તા.પારડી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સોંઢલવાડા**
**તા.પારડી જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી રશ્મિબેન તે દેવજીભાઈ પટેલની દીકરી અને મનિષભાઈ પટેલની પત્ની, રહે. ૩૦૨ સોનાદર્શન-૧ ધીરૂભાઈ સત્સંગ હોલની સામે કિલ્લા પારડી તા.પારડી જી.વલસાડનાએ તેઓના માતા કબલીબેન દેવજીભાઈ પટેલનું મરણ તા.૦૧-૦૫-૨૦૧૦ના રોજ મોજે. સોંઢલવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૨૦/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.પર-૨૦૨૪/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી, તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિં/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડીની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૩૫૫/૨૦૨૩

**અરજદાર :-** **લક્ષ્મણ ગોવિંદભાઈ બાપટ**
રહે. સંજાણ, કામરવાડ,
તા. ઉમરગામ જી.વલસાડ
(વ.શ્રી ભાવેશ આર. ધોડીયા)

**વિરુધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી સંજાણ
તા.ઉમરગામ જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી લક્ષ્મણ ગોવિંદભાઈ બાપટ, રહે. સંજાણ, કામરવાડ, તા. ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા ગોવિંદ વામનભાઈ બાપટનું મરણ તા. ૦૬-૦૫-૧૯૭૦ના રોજ મોજે સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડી, પ્રાંત કચેરી પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૮/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૩૫૫/૨૦૨૩**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પારડીની કચેરી, તાલુકા સેવા સદન, બ્લોક નં.૨, પહેલો માળ, પારડી તા.પારડી, જી.વલસાડ.**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**પારડી વતી**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડીની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૪૩/૨૦૨૪

**અરજદાર :-** **જુબેર લિયાકત ખલીફા**
રહે. ૭૧૨૯, દક્ષિણ ફળિયા, શંકર મંદિરની પાછળ, સરીગામ
તા. ઉમરગામ જી.વલસાડ
(વ.શ્રી...........)

**વિરુધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી સરીગામ
તા.ઉમરગામ જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી જુબેર લિયાકત ખલીફા, રહે. ૭૧૨૯, દક્ષિણ ફળિયા, શંકર મંદિરની પાછળ, સરીગામ, તા. ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા મુમતાઝ લિયાકત ખલીફાનું મરણ તા. ૧૦-૦૭-૨૦૦૩ના રોજ મોજે સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડી, પ્રાંત કચેરી પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૨૪૩/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પારડીની કચેરી, તાલુકા સેવા સદન, બ્લોક નં.૨, પહેલો માળ, પારડી તા.પારડી, જી.વલસાડ.**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**પારડી વતી**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડીની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૧૧/૨૦૨૪

**અરજદાર :-** **શંકરભાઈ નાનાભાઈ માછી**
રહે. મરોલી, માછીવાડ,
તા. ઉમરગામ જી.વલસાડ
(વ.શ્રી. કનીઝ એમ. શેખ)

**વિરુધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી મરોલી
તા.ઉમરગામ જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી શંકરભાઈ નાનાભાઈ માછી, રહે. મરોલી, માછીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ભાઈ લાલાભાઈ નાનાભાઈ માછીનું મરણ તા. ૨૧-૧૦-૧૯૯૦ના રોજ મોજે મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી પારડી, પ્રાંત કચેરી પારડી, જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૨૧૧/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, પારડીની કચેરી, તાલુકા સેવા સદન, બ્લોક નં.૨, પહેલો માળ, પારડી તા.પારડી, જી.વલસાડ.**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**પારડી વતી**













Monday 02, September 2024

# દમણગંગા ટાઈમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050




## ત્યાગ અને તપ દ્વારા તનની અને મનની શુદ્ધિનો દિવસ

યુગોથી માનવ ભવાટવિમાં ભટકે છે. કપાયના કંટક અને વિષય વાસનાનું વિષ તેને મુક્તિપુરીથી દૂર રાખે છે. ભગવાન મહાવીર પ્રભુ પોતાનું સર્વસ્વ છોડીને દીક્ષાને માર્ગે ગયા.. સાડાબાર વર્ષ કઠોર પતક્ષર્યા કરી તો તેઓ આત્મલક્ષ્મી પામ્યા.

**તપના બે પ્રકાર છે : બાહ્ય તપ**

**આંતરિક તપ**

બાહ્ય તપ તનને ક્રાંતિ આપે છે, જ્યારે આંતરિક તપ મનને શાંતિ આપે છે. આવા તપના પ્રતાપે અને પ્રભાવે જ પૂ. જગદ્ગુરુ શ્રી હિરવિજયસૂરિ તરફ મોગલ બાદશાહ આકર્ષાયો હતો. આયંબિલ જેવી તપક્ષર્યા તનના વિકારોને નિર્મૂળ કરે છે. જુદા જુદા સ્વાદમાં ફસાયેલી જિહ્વા પર અંકુશ મેળવીને તેને જિનવરના ગુણો ગાવા તરફ વાળવી જોઈએ. સંતો કહે છે કે લૂલીને બહુ લાડ ન લડાવો. અનાદિકાળથી અડ્ડો જમાવીને બેઠેલા દુર્ગુણોને દેશવટો દેવાનું આ પુનિત પર્વ છે.

## રોલામાં રાત્રે દિપડાના આંટાફેરા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૧ :** વલસાડ તાલુકાના રોલા ગામના ડુંગરી ફળિયામાં ગઈકાલે રાત્રે બંગલામાં સ્વાનનો શિકાર કરવા માટે દીપડાના આંટાફેરા મરતા હોવાનું બંગલાની બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં વિસ્તારમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

વલસાડ તાલુકામાં છેલ્લા કેટલાક મહિનાઓથી દિપડાઓ ગામડે ગામડે જોવા મળી રહ્યા છે. જોકે આ દીપડાઓ જોવા મળતા ગ્રામજનો અને ખેતરમાં કામ કરતાં મજૂરો ખેડૂતોમાં ડરનો માહોલ જોવા મળતો હોય છે. ત્યારે વલસાડ તાલુકાના રોલા ગામના ડુંગર ફળિયામાં રહેતા વિરલભાઈ દીપકભાઈ પટેલના બંગલામાં સ્વાન પાડેલો હતો. ગઈકાલે મધ્ય રાત્રે સ્વાનનો શિકાર કરવા માટે દીપડો બંગલાના કમ્પાઉન્ડ બહાર આંટાફેરા મારતો હતો. જોકે સ્વાનને ગળામાં ચેનથી બાંધેલો હોવાથી દિપડાએ ભાગવુ પડ્યું હતું. સમગ્ર ઘટના બંગલા બહાર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતાં.

## બીલીમોરા સ્ટેશને ટ્રેનમાંથી પટકાયેલા વૃધ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૧ :** બીલીમોરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૨ ઉપર તા.૩૧/૦૮/૨૪ના શનિવારે સાંજે ૬:૨૦ વાગે રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ ૬૫, સરનામુ જાણવા મળેલ નથી) વિરાર શટલ ટ્રેનમાંથી પટકાતા માથાના ભાગે અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં એમ્બ્યુલન્સ મારફતે બીલીમોરા મેંગુષી હોસ્પિટલમાં ખસેડાયા હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતાં જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં.

બીલીમોરા રેલ્વે પોલીસે મૃતકની ઓળખ માટે તજવીજ હાથ ધરી હતી. તેમ છતાં કોઈ સગડ મળ્યા નથી. મૃતક વૃદ્ધ ઉ.વ. ૬૫ મજબૂત બાંધાનો, રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ ૫ ફૂટ ૬ ઈંચ, જેણે સફેદ કલરની લાઈનીંગવાળી ચેકસ આખી બાયનું શર્ટ અને રાખોડી કલરનું લાઈનિંગવાળું પેન્ટ પહેર્યો હતો. બીલીમોરા રેલ્વે આઉટ પોસ્ટ પોલીસે અકસ્માત મોત નંબર ૭૧/૨૦૨૪ બીએનએસએસની કલમ ૧૯૪ મુજબ નોંધી વાલી વારસોની શોધખોળ શરૂ કરી હતી. બીલીમોરા રેલવે પોલીસનાં હેડ કોન્સ્ટેબલ ભાવસિંગ નારાયણસિંગ વધુ તપાસ કરી રહ્યાં છે.

## ધમડાચીમાં પાટોત્સવમા ધમકીથી ગાયકને રીક્ષામાં ઘરે જવાની નોબત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧ :** ધમડાચી ગામે ચંદ્રેશ્વર મહાદેવ મંદિરના પાટોત્સવમાં ગરબાની રમઝટ મળે એ માટે પાલણના ગાયકને બોલાવ્યો હતો. એ ગાયકને વલસાડના એક માથાભારે સામે ધમકી આપતો વિડીયો વાયરલ થયો હતો. જોકે ડરી ગયેલો ગાયક રાત્રે રિક્ષામાં બેસી ઘેરે જવાની ફરજ પડી હતી.

વલસાડના પાલણ ગામે રહેતા જાણીતા ગાયક મુકેશ પટેલ અનેકવાર ચાલુ પ્રોગ્રામમાં મારામારી ઝપાઝપીના બનાવો આજે જ બન્યા નથી આવા બનાવો અવારનવાર બનતા હોય છે. બે દિવસ અગાઉ બીલીમોરામાં ગણપતિ બાપાના મૂર્તિના આગમન કાર્યક્રમમાં પણ મારામારીની ઘટના બની છે. વલસાડ નજીકના ધમડાચી ગામના છપ્પન નગરીમાં મોડી રાત્રીએ ચંદ્રેશ્વર મહાદેવના મંદિરના પાટોત્સવના કાર્યક્રમમાં વલસાડના પાલણ ગામના ગાયક મુકેશ પટેલ ગાઈ રહ્યો હતો તે દરમિયાન વલસાડના એક માથાભારે ઈસમે તેને જાહેરમાં બેફામ ગાળો આપી ગોળી મારી દેવાની ધમકી આપતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વલસાડ જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. જોકે ડરી ગયેલા ગાયક મુકેશ પટેલે રાત્રે રિક્ષામાં બેસી ઘરે જવાની ફરજ પડી હતી.

## ધરમપુરના ઔધોગિક સેવા સહકારી મંડળીની કમિટી બિનહરીફ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુર તાલુકા ઔધોગિક સેવા સહકારી મંડળીની પાચં વર્ષની મુદ્દત માટે ૧૧ સભ્યોની વિવિધ કમિટીઓની સભ્યો બિનહરીફ વરાયા હતાં. આ મંડળીમાં બિનહરીફ વરાયેલા સભ્યોમાં વલસાડ જિલ્લા માજી સાંસદ સ્વ. મણીલાલ ચૌધરીનાં પુત્ર હિતેશ ચૌધરી તથા વલસાડ જિલ્લાનાં ભાજપના આદિજાતિ મોરચાનાં પ્રમુખ નવિન ભોયા બિન હરીફ વરાયા હતાં. જયારે મંડળીમાં અન્ય બિનહરીફ વરાયેલા સભ્યોમાં ૧ ગમન શુકકર રાઉત, નવીન સોનજી ભોયા, મંગુ શાવલુ પાડવી, હિતેશ મણીભાઈ ચૌધરી, છનીયા અબદુ ચૌધરી સહિત પાંચ સભ્યોની દરખાસ્ત સુરેશભાઈ નાયકે કરી હતી. જયારે ટેકો સંજયભાઈ ડેલકરે બિનહરીફ ચૂંટાયા જાહેર કર્યા હતાં. જયારે કપરાડા તાલુકાના વિસ્તારમાંથી કાકડ હરજી કુરકુડીયા, અશંનદ નરસિંહ પટેલ, ભગીરથ પોટીયા ગાવિત, કશીન દેવજી ઈમપાલની દરખાસ્ત મોહન શુકકર પટેલએ કરી હતી. જેમને રાયસિગ જાદવે ટેકો જાહેર કરતાં બિનહરીફ વરાયા હતાં. બાદ મંડળીનાં મહિલા સભ્યો આબાતલાટ ગામનાં વનીતા વજીર પવાર તથા કેળવણી ગામના આશાબેન ધર્મેશ ગરાસિયાની દરખાસ્ત ગમન રવિયા નાયકે મૂકતાં જેને ટેકો બાબુભાઈ ભાયલુ ચૌધરીએ જાહેર કરતાં બન્ને મહિલા સભ્યો બિનહરીફ વરાયા હતાં. આમ ધરમપુર તાલુકા ઔધોગિક સેવા સહકારી મંડળીની વાર્ષિક મીટીંગ અન્ય કોઈ પણ ઉમેદવારની દરખાસ્ત ટેકો જાહેર ન કરાતાં મંડળીનાં નવાં અગિયાર કમીટીના સભ્યો બિનહરીફ ચુંટાયેલા જાહેર કર્યા હતાં.

# ખેડ સત્યાગ્રહ રેલીમાં હવે ખેડૂતો કેન્દ્ર સ્થાને નથી : રાજકારણ કેન્દ્ર સ્થાને







## ખેડ સત્યાગ્રહથી મેળવેલી જમીન સાચવો : મિલન દેસાઈ

### ડુમલાવમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ દ્વારા ૭૧મી ખેડ સત્યાગ્રહ રેલી યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના ડુમલાવ ગામમાં આવેલ તડકેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં આજરોજ ભારતીય કોંગ્રેસ પાર્ટી વલસાડ જિલ્લા દ્વારા ૭૧માં ખેડ સત્યાગ્રહ કિસાન રેલીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમિયાન ખેડ સત્યાગ્રહ કિસાન રેલીના પ્રણેતા સ્વર્ગસ્થ ઈશ્વરભાઈ દેસાઈ અને સ્વર્ગસ્થ ઉત્તમભાઈ પટેલને યાદ કરવામાં આવ્યા હતાં અને એમની જય બોલાવવામાં આવી હતી. ખેડૂતોને મળેલી જમીન સાચવવા માટે અપીલ કરવામાં આવી હતી. અહીં વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ પટેલ, વાંસદા ધારાસભ્ય આનંતભાઈ પટેલ, પ્રદેશ સમિતિના મહામંત્રી મિલનભાઈ દેસાઈ, પ્રદેશ સમિતિના ઉપપ્રમુખ કિશનભાઈ પટેલ, જિલ્લા મહિલા મોરચા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, મહિલા મોરચાના અગ્રણી જયશ્રીબેન પટેલ, યુથ કોંગ્રેસ પ્રમુખ કુંજાલીબેન પટેલ, માજી તાલુકા પંચાયત પારડી પ્રમુખ ગીતાબેન, તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા કાંતિભાઈ પટેલ, વલસાડ તાલુકા સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પારડી તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નગરપાલિકા વિરોધ પક્ષ નેતા ખંડુભાઈ પટેલ, સદસ્ય પીરુભાઈ મકરાણી સહિત વિશાળ સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ભેગા થયા હતાં.

ખેડ સત્યાગ્રહ કિસાન રેલી દરમ્યાન ખેડૂતોને લક્કી ડ્રો મુજબ સાધનો પણ અપાયા હતાં. આ પ્રસંગે વાંસદાના ધારાસભ્ય અનંતભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ દિનેશભાઈ, પ્રાસંગિક વક્તવ્ય સાથે સત્યાગ્રહ રેલી અંગે માહિતી આપી હતી. પ્રદેશ મહામંત્રી મિલનભાઈ દેસાઈ જણાવ્યું હતું કે ઈશ્વરભાઇ અને ઉત્તમભાઈની આગેવાનીમાં ખેડ સત્યાગ્રહ કિસાન રેલીનું આંદોલન થયું જેમાં એમના પિતાજી રમણભાઈ કુંવરજી દેસાઈ જોડાયા હતાં. ચાર લાખથી વધુ માણસો ધરમપુરમાં જ્યારે સોનિયાજી આવ્યા હતાં ત્યારે ભેગા થયા હતાં અને રેલી યોજાઇ હતી. ધરમપુર સહિત વલસાડ જિલ્લામાં ચાર વિધાનસભાની બેઠકો કોંગ્રેસે જીતી હતી. ત્યારથી કોંગ્રેસનો પાયો મજબૂત થયો હતો. તેઓએ લોકોને જમીન સાચવવા માટે અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારડી તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ સતિષભાઈ પટેલે કર્યુ હતું.

## ખેડ સત્યાગ્રહથી આદિવાસીઓ જમીન માલિક બન્યા : જીતુ ચૌધરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૧ :** પારડી તાલુકાના અરનાલામાં આજે ૭૧ વર્ષ પહેલાં થયેલા ખેડ સત્યાગ્રહની યાદમાં કિશાન રેલી યોજાઈ હતી. પારડી વિભાગ કિસાન પંચાયત પ્રેરિત કિશાન રેલીમાં વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલ સહિત વલસાડ જિલ્લાના આદિવાસી આગેવાનો જોડાયા હતાં.

મહત્વપૂર્ણ છે કે આઝાદી બાદ વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં જમીન વિહોણા ખેત મજૂરોને ૧૯૫૩માં ઘાસિયા સત્યાગ્રહથી જમીનોના હક મળ્યા હતાં. આ વર્ષે યોજાયેલી રેલીમાં કપરાડાના ધારાસભ્ય જીતુ ચૌધરીએ ખેડ સત્યાગ્રહના કારણે જ આ વિસ્તારના આદિવાસીઓ જમીનોના માલિક બન્યા છે એમ જણાવ્યું હતું. આ કાર્યક્રમ લોકસભાના દંડક તેમજ વલસાડના સાસંદ ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, પારડી વિભાગ કિસાન પંચાયતના પ્રમુખ નટુભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખ જીતેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત સભ્ય શૈલેષભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, ભગવાનભાઈ સહિત આગેવાનો તેમજ કિશાન મિત્રો, ખેડૂત પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતાં. આ મીટીંગ દરમિયાન વિવિધ ખેડૂત વિકાસલક્ષી ઠરાવો કરવામાં આવ્યા હતાં.

## આંબાતલાટ અને ભવાડામાં નદીમાં બે તણાયા : ત્રણ દિવસ બાદ મૃતદેહો મળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૧ :** ધરમપુર તાલુકાના આંબાતલાટ ધસારપાડા ફળિયામાં આવેલ સ્મશાનભૂમિ પાસે સતીમાળ તાન નદી કોઝવે ઉપરથી એક ૧૪ વર્ષીય કિશોર અમરકુમાર કિરણભાઈ બાગુલ નદીમાં નાહવા પડ્યો હતો. જે દરમિયાન તે ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. બૂમાબૂમ કરતા આસપાસના સ્થાનિક લોકો દોડી આવ્યા હતાં અને કિશોરને બચાવવાની કોશિષ કરી હતી. પરંતુ વધુ ઊંડાણના લીધે કિશોર પાણીમાં ડૂબી જવા પામ્યો હતો. જો કે ઘટનાની જાણ ફાયર વિભાગ અને ધરમપુર પોલીસને કરાતા ફાયર વિભાગ અને ધરમપુરના સીપીઆઇ સુરજ સિંહ વસાવા, પીએસઆઇ જી.એસ. પટેલ સહિત પોલિસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ધરમપુર ફાયર બ્રિગેડની ટીમે ત્રણ કલાકની જહેમત બાદ મૃતદેહ શોધી કાઢતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. બાદ લાશને પીએમ માટે ધરમપુરની સ્ટેટ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

બીજા બનાવમાં ધરમપુર તાલુકાના ભવાડા ચીકાર ફળીયાનાં રહીશ લીંબુ મળ્યા પણજીયા ઉ. ૬૮ કે જેઓ વાંસદા તાલુકાના ચોંઢા ગામે તાન નદી પાર કરીને ચા પીવા માટે ગયાં હતાં. પરંતુ ધરે પરત ન ફરતા તેમના પરિવારજનો એ શોધખોળ કરતાં કોઈ પતો ન લાગતાં બાદ પરિવારજનોને શંકા જતાં કે લીંબુ પણજીયા ચોઢા ગામે ચા પીવા માટે ગયાં હશે અને નદી પાર કરીને જવા માટે નીકળ્યા હશે અને પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હોવા અંગે શંકાના આધારે શોધખોળ શરૂ કરી હતી. ત્રણ દિવસ બાદ લીંબુ પણજીયાની લાશ ખાંડા ગામની તાન નદી કિનારે મળી આવી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ લાશને પીએમ માટે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે ખસેડી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

## દાનહમાં ગણેશ ઉત્સવની તૈયારીઓ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૧ :** ૭મી સપ્ટેમ્બથી શરૂ થઈ રહેલા ગણેશ મહોત્સવની તૈયારીઓ દાનહમાં શરૂ થઈ ગઈ છે. ગણેશ મંડળો દ્વારા પંડાલ બનાવવાનું શરૂ કરી દેવામ આવ્યું છે.

બીજી બાજુ ગણેશજીની મૂર્તિનું બુકીંગ પણ અંતિમ તબક્કામાં છે. આ વર્ષે સરકારના દિશા નિર્દેશ પ્રમાણે માટીના ગણેશજીની મૂર્તિને લોકો પ્રાધાન્ય આપી રહ્યા છે. દાનહના એક મૂર્તિકારે જણાવ્યું હતું કે માટી અને કલરના ભાવમાં વધારો થતાં આ વર્ષે મૂર્તિના ભાવમાં વધારો કરવો પડ્યો હતો. આમ છતાં ગણેશજીની મૂર્તિ બુક કરાવી રહયા છે. મૂર્તિ બનાવવાનું કામ અત્યારે અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે. રામ મંદિરની થીમ વાળા ગણેશજીની મૂર્તિની માંગ આ વર્ષે વધુ જોવા મળી રહી છે. દાનહના વિવિધ સંગઠન દ્વાર પણ લોકોને ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

## જિલ્લામાં ભારે વરસાદથી ક્ષતિગ્રસ્ત ૫૦થી વધારે રસ્તાઓ મોટરેબલ કરાયા

### તીથલ-વલસાડ-ધરમપુર સ્ટેટ હાઈવે રોડ, ૪૦ ગામોને જોડતો ગુંદલાવ - ખેરગામ રોડ અને ઔરંગા બ્રીજની મરામત કરાઈ

**વલસાડ, તા.૦૧ :** સમગ્ર રાજ્ય સહિત વલસાડ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા તાલુકા, શહેર અને ગામોને જોડતા નાના-મોટા રોડ/રસ્તાઓ ઉપર પાણી ભરાવાના કારણે રસ્તાઓને થયેલ નુકસાનને લીધે જાહેર નાગરિકોને મુશ્કેલી ભોગવવી ના પડે તે માટે સરકાર દ્વારા મળેલ સૂચના અનુસાર રિપેરિંગની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે.




વલસાડ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે ઔરંગા નદીમાં પૂર આવવાના કારણે વલસાડ જિલ્લાના ૪૦ ગામોને જોડતો ઔરંગા કૈલાશધામ પુલ પરથી પાણી ફરી વળતા બિસ્માર થયેલ પુલને અને રસ્તાને તેમજ તીથલ વલસાડ ધરમપુર સ્ટેટ હાઈવે રોડ પણ ખરાબ થતાં તેની પણ સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી. જિલ્લાના તમામ સ્ટેટ હાઈવેની મરામત કરી દેવામાં આવતા વાહન વ્યવહારમાં લોકોને સુવિધા ઉભી થઇ. કુલ ૫૭ જેટલા રસ્તાઓને અસર થઈ હતી, જેના પગલે યાતાયાતને પણ અસર થવા પામી હતી. વહીવટી તંત્ર દ્વારા આ રસ્તાઓને સત્વરે મરામત કરી મોટરરેબલ કરવા કામગીરી હાથ ધરાઈ છે. ૫૭ રસ્તાઓ પૈકી હાલ ૫૦ માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત્ થઈ ગયો છે. આ ઉપરાંત જ્યાં પાણી ભરાયા હતા એ પાણી ઓસરતા ક્રમશઃ રિપેરિંગ તથા પેચવર્કની કામગીરી સત્વરે હાથ ધરાઈ છે. એમ વલસાડના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતીનભાઈ પટેલે જણાવ્યું છે.

## બીલીમોરામાં ગણેશચતુર્થી આવી પહોંચી પણ વિસર્જન ક્યાં કરવું એની મુજવણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૧ :** બીલીમોરા વિસ્તારમાં ગણપતિ દાદાનું ગીત સંગીતના સથવારે ભવ્ય આગમન શરૂ થઈ રહયું છે. ત્યારે ગત વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીજીના વિસર્જનને લઈ તંત્ર મુઝવણમાં મુકાયું છે. અંબિકા નદી કિનારે આવેલી જેટી જર્જરિત જાહેર કરાઇ છે. છતાં ગયા વર્ષે છેલ્લા સમયે શરતો અને નીતિ નિયમોને આધીન બંદર જેટી પર વિસર્જનની વ્યવસ્થા કરાઇ હતી. જો કે વિસર્જન વેળાએ નીતિ નિયમો ભુલાઈ ગયા હતાં. આ વર્ષે ગણપતિ વિસર્જન માટે કંઈ જગ્યાએ વ્યવસ્થા કરાશે એના પર ગણેશ આયોજક મંડળોની મીટ મંડાઈ છે. બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં અંબિકા નદીના કિનારે ગુજરાત મેરીટાઈમ બોર્ડ ગાંધીનગર હસ્તકનું બંદર છે. સાડા સાત દાયકા બાદ વિતાવી કાળક્રમે જર્જરિત છે. પરીણામે જેટીનો વપરાશ યોગ્ય નથી. બંદર



જેટી (ડકકા)નો ઉપયોગ બીલીમોરા શહેર તેમજ આસપાસના લોકો હરવા ફરવાના સ્થળ તરીકે કરે છે. ગણેશ વિસર્જન અને તાજીયા વિસર્જન પણ આ સ્થળેથી જ થાય છે. ગણેશ વિસર્જન વેળા જર્જરિત જેટી ઉપર અંદાજે ૫૦ હજારથી ૭૦ હજાર જેટલા લોકો ગણેશ વિસર્જન દરમિયાન અહી ઊભા રહે છે. જે લોકોના જીવને અતિ જોખમરૂપ છે અને ભવિષ્યમાં જાનહાનિ થવાની સંભાવના રહેલી છે. નદીના વહેણના કારણે ડકકાઓ વધુ જર્જરિત થાય કે ગમે તે સમયે તૂટી પડે તેવી શકયતાઓ નકારી શકાય તેમ નથી. જેટી ઉપર ટેકનીકલ સર્ટિ મુજબ અવર-જવર થાય તે મુજબની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ નવસારી પોલીસ અધિક્ષક દ્વારા તાત્કાલિક અસરથી આગામી તા.૧૭/૦૯/૨૦૨૪ના ગણેશ વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂરી ૨૪ કલાક પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. જે અન્વયે લોકહિતને ધ્યાને લઇ નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કેતન પી જોષીએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું. જેમાં બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં અંબિકા નદીના કિનારે ગુજરાત મેટીટાઈમ બોર્ડ ગાંધીનગર હસ્તકનાં બંદર ઉપર પ્રશાસન સિવાય અન્ય જાહેર જનતા માટે પ્રવેશ, અવર-જવર માટે પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો અનાદર કે ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. ગત વર્ષે પણ ગણેશ ઉત્સવ પ્રસંગે જ જેટી જર્જરીત હોવા અંગે તંત્ર પ્રતિબંધ ફરમાવ્યો હતો. છતાં એ જ જેટી પર વિસર્જન કરવા તંત્ર મજબૂર બન્યું હતું. ફરી એક વર્ષે પ્રતિબંધ આવ્યો છે. જેના કારણે ગણેશ મંડળો અવઢવ માં મુકાયા છે. અને એક જ વાત વહેતી થઈ રહી છે કે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ વિસર્જન શરતોને આધીન જર્જરિત જેટી પર જ કરાશે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**